

2010 or Before -Aathia Satpanth Trust Mahiti Pustika (89)




Page No. 91 & 92 missing
સમસ્ત પંચ કમીટી
પીરાણા (ઈ. ૭૫૪ અમદાવાદ)

ॐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ


ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમિટી

પીરાણા

ટ્રસ્ટ રજી. નંબર ઈ. ૭૫૪

પરમ પૂજ્ય કાકા શ્રી નગીનદાસ હરગોવિંદદાસ

તરફથી ફકત



આઠીયા સતપંથના અનુયાયીઓ

માટે

ખાસ જાણવા લાયક

માહિતી પુસ્તિકા

realpatidar.com

નિવેદન



વ્હાલા ધરમી સમસ્ત.

આ પુસ્તિકા આપના હસ્ત
કમળોમાં મુકતાં
ટ્રસ્ટ વતી
હું
આપ સૌની
સાથે આનંદની
લાગણીનો સહભાગી
થયો છું. તો આવો
આપણે આ શાસ્ત્ર સમજુતી
કાળજી પૂર્વક સાચવી-વાંચી સમજી
અને જીવનમાં આચરીને એવી
સદ્ ભાવના સાથે સદ્ ઉપયોગ અર્થે
ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી
ઇ.૭૫૪ પીરાણા વતી સ્નેહ
સભર સપ્રેમ ભેટ
સ્વીકારીએ

લી.
આપના
કાકા નગીનદાસ હરગોવિંદદાસ
ધી આઠીયા ટ્રસ્ટ ઈ. ૭૫૪ પીરાણા

realpatidar.com

શ્રી સતગોર સહદેવ વાચા

આરતી–૧

જય જાદવરાયા પ્રભુ જય માધવરાયા,
આરતી ઉતારો કરુણાનંદ કેશવની તો વ્યાપે નહિ માયા
જયદેવ જયદેવ ॥૧॥
પ્રથમ મચ્છા રૂપ ધરીને, માર્યો શંખાસુર પાપી
માર્યો શંખાસુર પાપી
ચતુરાનંદ આનંદી વેદ, વિપ્રોને આપ્યા– જયદેવ જયદેવ ॥૨॥
બીજે સુર અસુર મળીને, ચાલ્યા સમુદ્ર મથવાને કાજે
ચાલ્યા સમુદ્ર મથવાને કાજે
વાંસા ઉપર ધર્યો ભૂમંડળ કૌરમ મહારાજે–જયદેવ જયદેવ ॥૩॥
ત્રીજે હિરણ્યાક્ષ દૈત્ય દમતો માર્યો પૃથ્વીનો પાપી
માર્યો પૃથ્વીનો પાપી
દાઢગ્રહી લાવ્યા વરાહજીએ અવનિ સ્થિર રાખી
જયદેવ જયદેવ ॥૪॥
ચોથે હિરણ્યા કશ્યપે તપ કીધું વર આપ્યો બ્રહ્માદિક ભૂપે
વર આપ્યો બ્રહ્માદિક ભૂપે
નખે કરી વિદાર્યો નરને નરસિંહના રૂપે–જયદેવ જયદેવ ॥૫॥
પાંચમે શ્રી બળમાં બળીઆ ભૂપ જે થકી સુરપતિ કંપ્યા
જે થકી સુરપતિ કંપ્યા
વામન રૂપ ધર્યા માધવરાય બળીને પાતાળે ચાંપ્યો–
જયદેવ જયદેવ ॥૬॥
છઠ્ઠે ફરસુરામે ફરસી હાથમાં લીધી, ફરસી હાથમાં લીધી
સહસ્ત્રા અર્જુનને મારી પૃથ્વી નક્ષત્રી કીધી–
જયદેવ જયદેવ ॥૭॥
સાતમે રઘુવંશી અવતાર આનંદ કૌશલ્યા પામ્યા
આનંદ કૌશલ્યા પામ્યા
પંચવટીમાં વસીયા રામ સીતા પતિ સ્વામિ-જયદેવ જયદેવ ॥૮॥

આઠમે મથુરામાં અવતાર ગોકુળ ગૌધેનુ ચારી,
ગોકુળ ગૌધેનુ ચારી.
ગોપ ગોવાળા રાખ્યા કૃષ્ણે ગોવર્ધન ધારી–જયદેવ જયદેવ ॥૯॥
નવમે બુધ્ધતણો અવતાર ભાર પૃથ્વી પર વધ્યો,
ભાર પૃથ્વી પર વધ્યો.
ધ્યાન ધરી બેઠા ધરણીધર જુગ જુગતાઇએ સાધ્યો–
જયદેવ જયદેવ ૧૦॥
દસમે નિષ્કલંકી અવતાર પૃથ્વી નિષ્કંદન કરશે,
પૃથ્વી નિષ્કંદન કરશે.
મ્લેચ્છ રૂપ ધરી માધવરાય સુખ સેવકને કરશે–
જયદેવ જયદેવ ૧૧॥
દસ અવતારની આરતી જે કોઇ અંતરમાં ધરશે,
જે કોઈ અંતરમાં ધરશે.
ભાવે બુદરદીનને ભજતાં તે તો ભવ સાગર તરશે–
જયદેવ જયદેવ ૧૨॥

શ્રી સત્ગોર સહદેવ વાચા

આરતી – ૨

પહેલાં પહેલાં જુગમાં સોનાના પાટ, સોનાના ઘટ
સોનાને સિંહાસને બેઠા નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતારાય.
કેસરને કુંકુનાં હરિને છાંટણાં છંટાય. (૧)

બીજા બીજા જુગમાં રૂપાના પાટ, રૂપાના ઘટ,
રૂપાને સિંહાસન બેઠા નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતારાય,
કેસરને કંકુનાં હરિને છાંટણાં છંટાય. (૨)

ત્રીજા ત્રીજા જુગમાં તાંબાના પાટ, તાંબાના ઘટ
તાંબાના સિંહાસને બેઠા નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતારાય,
કેસરને કંકુનાં હરિને છાંટણાં છંટાય. (૩)

ચોથા ચોથા જુગમાં માટીના પાટ, માટીના ઘટ
માટીને સિંહાસને બેઠા નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતારાય,
કેસરને કંકુનાં હરિને છાંટણાં છંટાય. (૪)

પાંચમા પાંચમા જુગમાં પચરંગી પાટ, પચરંગી ઘટ
પચરંગીને સિંહાસને બેઠા નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતારાય,
કેસરને કંકુનાં હરિને છાંટણાં છંટાયા (૫)

જુગો જુગ પહોંચ્યા હવે જાગજોને ભાઇ જાગજોને ભાઇ
ઘેર બેઠાં ભજીએ શ્રી નિષ્કલંકી નાથ
વડા ધણીની આરતીઓ ઉતરાય,
કેસરને કંકુનાં હરિને છાંટણાં છંટાય. (૬)

શ્રી સત્ગોર સહદેવ વાચા

પ્રભાતિયું – ૧

નામ જપો પ્રભાતે ઉઠી, તો નારાયણનું દહાડી,
જે દસ અવતારે ધરીયા રે, (આંચલી)...જપો મચ્છ
કચ્છ, વારાહ, નરસિંહ, વામન, ફરસુરામ, રામ,
કૃષ્ણ, બુદ્ધ, નિષ્કલંકી નારાયણ રે ... (૧)
સુતા જાગી શુદ્ધ થઇને, નામ જપો પ્રભાતે.
જે રૂપ ધર્યા તે જુગ નાથ રે જપો મચ્છ...(૨)
પ્રભાતે નિંદ્રા ન કરીએ. ન ચીંતે ન સુઇએ
તો ચોથે જાગીને સ્મરણ કરીએ. જપો મચ્છ...(૩)
એ નામનો મહિમા છે મોટો. મુખથી શું કહેવાએ,
સાગર જળ કુંજે ના માય રે. જપો મચ્છ...(૪)
નિર્મળ મન સાથે હરિ જપવા. દાંન દસુદી પુરી
પછી જો મન આવે તો શરબંદી રે જપો મચ્છ...(૫)
જો પ્રભાતે નિત્યે ભણીયે, દસ અવતારના નામ
તો ફળ છે અનંત અલેખે રે જપો મચ્છ...(૬)
ભણે બ્રહમાજી વાણી આપે શરીફ સવાઇ,
તો જો શિખામણ તમ કાજે રે જપો મચ્છ...(૭)

શ્રી સત્‌ગોર સહદેવ વાચા

પ્રભાતિયું – ૨

સમરો રે સુરતા ધારી. નામ જપો પ્રભાતે
તો દસે અવતારનાં નામે નિત્ય રે (આંચલી.) નમો મચ્છ

મચ્છ, કચ્છ, વરાહ, નરસિંહ, વામન, ફરસુરામ, રામ,
કૃષ્ણ, બુદ્ધ કલ્કી નિષ્કલંકી રે. નમો મચ્છ ૧

મનુ મચ્છ હંસને વેદ સ્વરૂપે, શંખાસુર ક્ષયકારી
તો રૂખમાંગદ ભગત ઉદ્ધારી રે. નમો મચ્છ ૨

કૌરમ ગીરધર સુરવર સહાયક મોહીની મધુસુદન
(થીર) મેરૂ થંભન રે. નમો મચ્છ ૩

જગન વરાહ મોરારી ધારી, દાઢ કરાર અસુરારી
તો અંબરિષ ધ્રૂવ ઉદ્ધારી રે. નમો મચ્છ ૪

નરહરિ શાર્દુલ નખધર નરસિંહ, દારૂક મધ્યે રૂપ ભેંકારી
તો પ્રહલાદ સહાયક દૈત્યારી રે. નમો મચ્છ ૫

વામન વિપ્ર બાહુક નર,બળ,છળ,બેરાટ સ્વરૂપ વિદ વેદ
તો સમરો એ સમજી ભેદ રે. નમો મચ્છ ૬

ભૃગુ સુત વલ્લભ રામ વિરારી, જમદગ્નિ વચન નરકારી
તો પરશુધર પરાક્રમકારી રે. નમો મચ્છ ૭

રઘુકુળ દિપક દશરથ નંદન. જાનકી નાથ અનાથ
તો રાક્ષસ નિકંદન વિખ્યાત રે. નમો મચ્છ ૮

વાસુદેવ નંદન દેવકી અંગજ, રૂક્ષ્મણી નાયક કહાન
તા કૃષ્ણ કંસારી રૂપ નિધાન રે. નમો મચ્છ ૯

અષ્ટાવક્ર(બુદ્ધ) અભ્યાગત ધ્યાની, બુદ્ધ સ્વરૂપ મહાજ્ઞાનિ
તો સમરો તે નવમે પ્રાણી રે. નમો મચ્છ ૧૦

અશ્વરૂઢ, ખડકધર, બળધર, મલેચ્છ નૃપ્ત ક્ષયકારી,
તો અથરવણેં વેદ વિચારી રે, નમો મચ્છ ૧૧

નિરંજન નિષ્કલંકી સ્વરૂપી અદભુત પરાક્રમકારી,
તો અકળ સ્વરૂપ અવતારી રે, નમો મચ્છ ૧૨

સમરો રે તમો સુરતાધારી, જે સ્વરૂપે પ્રગટ મોરારી,
તો વેદ વિચાર વિચારી રે, નમો મચ્છ ૧૩

ભણે નિરંજન શરીફ સવાઇ, સમરો એ મન લાઇ,
તો જે અગીયારે રૂપ કરારી રે, નમો મચ્છ ૧૪

શ્રી સત્‌ગોર સહદેવ વાચા

ફાગ

મારી ભીંજે છે નવરંગ ચુંદડી રે,
ત્યાં તો ઉડે છે અબીલ ગુલાલ રે-મારી ભીંજે, ૧

હોળી ખેલો હરિની સાથ રે, જશોદાનો કુંવર હોળી રમે રે.
તે તો રાધિકાનો નાથ રે-મારી ભીંજે. ૨

સખી ચાલોને આપણુ ત્યાં જઇએ,
હોળી રમીએ હરિની સાથ રે-મારી ભીંજે, ૩

ત્યારે બીજી ગોપીઓ બોલીઓ રે.
ત્યાં તો અમથી નહિ અવાય રે-મારી ભીંજે, ૪

અમારા સાસુ-નણંદ છે વિકરાળ રે.
મારો કંથ કપરો અપાર રે-મારી ભીંજે ૫

ઘેલી સાસુ-નણંદ તારી શું કરે રે.
વળી કંથનો છે શું ભાર રે-મારી ભીંજે ૬

સખી વહેલા ચાલો આપણુ તહીં જઇએ.
ત્યાં તો રીઝવીએ રઘુનાથ રે-મારી ભીંજે, ૭

તમે મથુરામાં જન્મ્યા જાદવા રે.
ગોકુળમાં વસ્યા મહારાજ રે-મારી ભીંજે, ૮

અમે પૂર્વેથી પૂન્ય કીધાં સહી રે.
તેથી મળીયા તમો મોરાર રે-મારી ભીંજે, ૯

તમો કહાંને ગોકુળમાં લીલા કરી રે.
ગોપીઓને લડાવ્યા લાડ રે-મારી ભીંજે, ૧૦

તમો છાના તે ઘરમાં છુપી રહયા રે
અમને બીવડાવતાં તમે નાથ રે-મારી ભીંજે, ૧૧


માખણ ખાઇ મટુકી તમો ફોડતા રે.
પછી તમો નાસી જતા નંદલાલ રે-મારી ભીંજે, ૧૨

તમો તે તો ચિતો નથી જાણુતા રે.
આજ અવળું જુવો છો નાથ રે–મારી ભીંજે ૧૩
અમો અબળા ઉપર કૃપા કરો રે.
હોળી ખેલો સાથ રે–મારી ભીંજે, ૧૪
પછી ગોપીઓ સાથે હમો રાસ રમ્યા રે.
કેવા રંગે ખેલુ ફાગ અપાર રે–મારી ભીંજે, ૧૫
અમે કૃષ્ણ લીલા બહુ કરી રે,
અમે પાંડવોને ઉતાર્યા ભવપાર રે–મારી ભીંજે, ૧૬
અમો ત્રિભોવન નાથ છુ રે, ભગતોને લડાવતા લાડ રે
અમો દયા ધરૂ દયાળ રે–મારી ભીંજે, ૧૭
તમો તેતો ગતી જાણો નહિ રે,
કરૂ તે કામમાં કામ રે-મારી ભીંજે ૧૮
વળી બ્રહ્માદિક સરખા સહી રે,
બીજા પેગાંબર અપાર રે–મારી ભીંજે ૧૯
તે તો અમારી ગતી જાણે નહિ રે,
ત્યારે તમારો શો ભાર રે–મારી ભીંજે, ૨૦
આજે તમ પુન્યે અમો મળીયા રે,
તમોને મળીયા મહાવ મોરાર રે–મારી ભીંજે ૨૧
અમે મલ્યાનો તમને ઉગારસુ રે,
તમને આલુ વૈકુંઠ વાસ રે–મારી ભીંજે ૨૨
તમે ભજન સ્મરણ ચુકો નહિ રે,
જે મળે તે કરજો દાન રે–મારી ભીંજે. ૨૩
તમે સરવે મળી હોળી રમો રે,
રમો બાદરશાહની સાથ રે–મારી ભીંજે. ૨૪
તમારા દુઃખ દળીદર જાય વેગળાં રે,
તમારા [illegible] રૂડાં કાજ રે-મારી ભીંજે, ૨૫
ચારી

10 Avatar's of Vishnu

મહા વિષ્ણુના દશ અવતારની નોંધ

અ. નં.	અવતાર	માતાનું નામ	પિતાનું નામ	શક્તિનું નામ	ગોત્ર	જન્મ, તિથી, સ્થળ	વેદ	વ્રત	ક્ષેત્ર	દૈત્ય માર્યો તેનો	ભક્તને તારી	યુગ	વંદાનો મંત્ર	દાસ
૧	મચ્છ	શંખાવતી	પ્રેમઋષિ	ચક્રિકાદેવી	નારદદાસ	દ્વારામતી માગસર સુદ ૭ રવિ	ઋગ્વેદ	એકાદશી રવિવાર	તારા સમુદ્ર	શંખાસુર ચૈત્ર સુદ ૭ રવિવાર	રુખમાંગદ સવા કરોડ	કૃતયુગ ચાર રંગ	ૐ નમો ભગવતે પ્રથમ અવતાર મચ્છ સ્વરૂપાય નમઃ	વનદાસ
૨	કચ્છ	કમળાવતી	વિશ્રામઋષિ	જયાદેવી	અમરતેજ	માનસરોવર માગસર સુ.૭ મંગળ	”	”	અર્મિસાપુરી	મધુકૈટભ ફાગણ સુદ ૫	અંબરીષ સવા કરોડ	”	ૐ નમો ભગવતે પદમ પુરુષ કીરમ સ્વરૂપાએ નમઃ	”
૩	વારાહ	પદમાવતી	દાલભઋષિ	વિજયાદેવી	ઓદીનઋષિ	કોલ્હાપુર પાટણ શ્રાવણ વદ ૫ સોમ	”	”	કુંભાપુરી	હિરૂદાનવ	ધ્રુવ સવા કરોડ	”	ૐ નમો ભગવતે વારાહ સ્વરૂપાએ નમઃ	”
૪	નરસિંહ	ચંદ્રાવતી	હરિવચ્છલેકઋષિ	સબીયાદેવી	આકાશમંબ	ગરમાપુરી શ્રી. વૈ. સુ. ૧૪ સોમ	”	”	ગરમાપુર નગરી	હિરણ્યકશ્યપ શ્રી. વૈ. સુ. ૪ સંધ્યાકાળે	પ્રહલાદ પાંચ કરોડ	”	ૐ નમો ભગવતે નરસિંહ સ્વરૂપાએ નમઃ	”
૫	વામન	લીલાવતી	કશ્યપઋષિ	કોલવાદેવી	સહજાનંદ (અનિઋષિ)	મઢીપુરી ભાદરવા સુદ ૧૨ શુક્રવાર	યજુર્વેદ	સોદરા મંગળવાર	વંનગરી	બલી રાજા અષાઢ સુદ ૧૧	અમરસેલો	ત્રેતાયુગ પીળો રંગ	ૐ નમો શ્રી ભગવતે વામન વીરમ વૈરાટ સ્વરૂપાએ નમઃ	જનદાસ
૬	પરશુરામ	રેણુકા	જમદગ્નીઋષિ	તુળજાદેવી	પ્રોતુલીરથ	માયાપુરીનગરી કારતક સુદ ૯	”	”	કોલ્હાપુર પાટણ	સહસ્રાર્જુન પોષ વદ ૮ મંગળ	ઉપવરેલો	”	ૐ નમો મહા પરાક્રમ ભાર્ગવરામ સ્વરૂપાએ નમઃ	”
૭	રામ	કૌશલ્યા	દશરથ	સીતાદેવી	વશિષ્ઠઋષિ	અયોધ્યાનગરી ચૈત્ર સુદ ૯	”	”	ચંપાપુરી	રાવણ	હરિશ્ચંદ્ર સાત કરોડ	”	ૐ નમો ભગવતે રઘુવંશી દશરથ રામને ૐ નમો અસુર નિકંદન દશરથ રામને નમઃ	”
૮	કૃષ્ણ	દેવકીજી	વાસુદેવ	રૂક્ષમણીજી	વેદવ્યાસ	મથુરા ગોકુળ શ્રાવણ વદ ૮	સામવેદ	સોમવતી અમાસ	મથુરાનગરી	કંસાસુર	સહદેવ, અર્જુન અક્રૂર, વિદુર, સુદામા	દ્વાપરયુગ કાળો રંગ	ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ	અગ્નિદાસ
૯	બુદ્ધ	કરુણાવતી	વેણીવચ્છ રાજા	હંસાદેવી	પંચ રાજા	હસ્તીનાપુરી આસો સુદ ૧૦	”	”	કુરુક્ષેત્ર	દુર્યોધન	યુધિષ્ઠિર નવ કરોડ	”	ૐ નમો ભગવતે શ્રી બુદ્ધ સ્વરૂપાએ નમઃ	”
૧૦	કલ્કી	બીબી જુલેખાં	અબુતાલબ	બીબી ફાતમા	મહંમદ રસુલલીલા	જંબુદ્વીપ માગસર સુદ ૧	અથર્વવેદ	બીજ ગુરૂવાર ગુરૂવાર	પંચનદી ગુજરસ્થાન	અઝ્ઝદ	પીર સહદેવ ૧૨ કરોડ	કલીયુગ સફેદ રંગ	વાઈ વાહા ઈલીલ્લાહ મહંમદ રસુલીલ્લાહ	ભૂમિદાસ
૧૧	નિષ્કલંક	માણેક માજી	બાકરશાહ બાવા	વસમકુંવારી	મહંમદ માહેદી	જન્મેલ સં. ૧૯૯૮ ના જેઠ વદ ૧૨ મંગળવાર	ઉપવેદ	”	કુંવારકા	કાળીંગો	કમળાકુંવર અનંત કરોડ	કુંતયુગ	ગુપ્ત મંત્ર છે.	”


હીમપુર પીરાણા
પ.. પૂજ્ય બાકરશાહ બાવાનો રોજો
બાકરશાહ બાવા
શરીફ બાવા
બાકરશાહ બાવાના માઈ
બાકરશાહ બાવાના બીબી

પીરાણા હીમપુર

અમદાવાદની દક્ષિણે ૧૦ માઇલ દુર પીરાણાનું ધાર્મિક સ્થળ આવેલ છે. તે પીરાણા બસ સ્ટેન્ડથી ઉતરીને દક્ષિણે પ. પૂજ્ય ઇમામશાહ બાવાનો રોજો છે. અને પીરાણા બસ સ્ટેન્ડથી ઉગમણે પ. પૂ. બાકરશાહ બાવાનો રોજો આવેલો છે. બન્ને રોજામાં ધર્મ ધજા ફરકે છે. તે ઇમામશાહ બાવાના રોજામાં લોખંડનો ઝંડો છે. અને પ. પૂ. બાકરશાહ બાવાના રોજામાં આર. સી. સી. નો સ્થંભ (ઝંડો) બનાવેલ છે. તે ઉપર ધર્મ માટે ધજાઓ ફરકે છે. અને સદાવ્રત દરેક ભિખારી ફકીરોને દરરોજ આપવામાં આવે છે ધર્મીઓ પાસેથી દસુંદની રકમમાંથી સદાવ્રત તથા ભંડાર ખર્ચ ચાલે છે. રોજાની અંદર કાચનું કામ તથા આરસનું કામ પ. પૂ. હરગોવનદાસ લખાભાઇના વખતમાં કરાવેલ છે. તે જમાત ધરમીઓ તરફથી રકમ દાનમાં આવેલી છે.

પરમ પૂજ્ય બુદરદીન બાવાએ રોજાની જગ્યા તે પીરાણાના મોતી ભંગોયા પાસેથી વેચાણ લીધેલા ખેતરમાં પરમ પૂજ્ય શરીફ બાવાને દફન કર્યા. તે રૂસ્તમપુરા સેવાલિયાંથી સંદુક લાવીને દફન કર્યા છે. તે વખતે બુદરદીન બાવાએ અમદાવાદના બાર દરવાજાની ચોકીવાળાની સાથે ગોઠવણ કરી. સં. ૧૮૫૭ ના ફાગણ સુદ ૭ ને સોમવારના રોજ લાવ્યા. પ. પૂ બુદરદીન બાવાએ કરામત કરી દફન વિધી કરી છે. અને રોજાનું બાંધકામ બાકરશાહ બાવાએ કર્યું છે. પરમ પૂજ્ય બાકરશાહજી સંવત ૧૮૯૮ના મહા સુદ ૬ ને શુક્રવારે છ ઘડી દિવસ રહયો ત્યારે ઉઠયા (દેવલોક થયા) અંદર ચાંદીના કઠેરાનું કામ પરમ પૂજ્ય રામજીકાકાના વખતમાં થયું છે. કમાડ ચાંદીનાં કરેલ છે. ચાંદીની જાળી ૨૦૨૮ના પોષ ૫

(૨)

તા. ૨૨-૧૨-૭૧ ના રોજ કામ કરેલ છે. કાકા હરગોવનદાસ લખાભાઈના વખતે.

રોજાની અંદર ડાબી બાજુથી આવેલી કબરનું નામ :-

(૧) શ્રી સતગુરૂ બાકરશાહ બાવાની કબર છે.
(૨) શ્રી સતગુરૂ શરીફ બાવાજીની કબર છે.
(૩) શ્રી સતગુરૂ બુદરદીન બાવાજીની કબર આવેલી છે.
(૪) મોટા માજી ખડી બેગમ માજીની કબર આવેલી છે.
(૫) માજી હુલ્લમબેગમ માજી તે બાકરશાહ બાવાના બીબીની કબર છે.
(૬) કઠેરાની બહારની બાજુ પાયામાં બાકરશાહા બાવાનાં ઓરમાન માજીની કબર છે.
(૭) પ. પૂ. બાળકશાહા બાવાનો બદલો તે નરનાં નારી થયેલ તેમની કબર છે.
(૮) રોજા સામે પ. પૂ. કાકાશ્રી બહેજી કાકાની કબર છે.

બહાર ઓટલા ઉપર પેસતા ડાબી બાજુએ.

(૧) ભુલાકાકા વાડી વહીવટ કરનારની કબર છે.
(૨) આદ્યશકિત શ્રી માણેકમાજીની કબર છે તે બાળકશાહા બાવાના માતૃશ્રી.
(૩) બાકરશાહા બાવાનાં ઓરમાન માજીની કબર છે.
(૪) પ. પૂ. ગીરધર કાકા :- તે ગીરધરભાઈ અમીચંદ મહેતા ગામ માતરના પરીખ મુળજીભાઈ નંદલાલના સબંધી થાય નડીઆદવાળાના તે દેવ દર્શન નાથાય તો ઘી નહિ ખાવાનો ટેક રાખેલો.
(૫) વાલા જોષી :- મુ. રાજપરવાળા તે રણછોડભાઇ મથુરભાઇના દાદા થાય છે.

રોજામાં પેસતાં જમણી બાજુ ઓટલા ઉપર ઉગમણી બાજુ

(૧) પ. પૂ. કાકા સાહેબ ચુંથાભાઈ કિશોરભાઈની કબર છે. તે ગામ ઉંદેલ ગાદી ઉપર સંવત ૧૯૫૮ થી ૧૯૬૭ સુધી.

(૨) પરમ પૂજ્ય કાકા સાહેબ લાખાભાઇ કાળીદાસની કબર છે. તે ગામ ઉંદેલ ગાદી ઉપર સંવત ૧૯૯૯ થી ૨૦૦૮ સુધી તા. ૧૫-૭-૪૩ થી તા. ૨૮-૨-૫૨ સુધી.

(૩) પ. પૂ. કાકા સાહેબ હરગોવનદાસ લખાભાઇની કબર છે. તે ગામભગવાનપુરાતાલુકે મહુવાના હતા. તે ગાદી ઉપર સંવત ૨૦૦૮ થી ૨૦૩૪ સુધી ગાદી ભોગવી તા. ૭-૪-૫૨ થી તા. ૧૮-૭-૭૮ સુધી.

રોજાને અડીને આથમણા પગથીએથી પહેલી લાઇનમાં પાંચ કબરો છે. તેમાં મુખી ઈશ્વરભાઈ બાપુભાઈ પટેલ મુ. ઝારોળા તા. બોરસદના હતા. તે અમદાવાદ વાડીમાં દેવપુજા માટે રહેતા હતા. તે સવારમાં પ્રભાતની પુજા છ વાગે કરતા હતા. અને તે દેવલોક થયા તે બાવાજીને જમાડી દેવપુજા કરીને ઓટલા ઉપર જ દેવલોક થયા હતા. ઉત્તર આથમણી બાજુ કબરો છે. ૧ - ૨ - ૩ - ૪ - ૫ શંકરભાઈ પરાગભાઇ પટેલ ઝારોળા મંજાવર હતા. માનસીંગ કોઠારી ઉંદેલના બારીમાં પડી જવાથી બીજી લાઇનમાં ૧ - ૨ - ૩ - ૪ - ૫ - ૬ - ૭.

(૧) શામળભાઇ માધવભાઇ પટેલ હબીપુરા.

પાટણવાળી ઓરડીઓ પાસે

આથમણી બાજુથી

(૧) ગોવીંદ કાકા આંકડીઆ (કાઠીઓવાડના) ત્રીજા કાકા સાહેબ.
(૨) કિશોરભાઇ દેસાઇભાઇ કારભારી રહે. લીંગડા.
(૩) પા. અમૃતબા કાવીઠાના ૫૫ વીઘા જમીન આપી છે.
(૪) પા. કરસનભાઇ જીવનભાઈ મુ. ઉંદેલ કાકા સાહેબ સાથે ફરતા.
(૫) પા. છીતાભાઇ નાથાભાઇ મું. કાછીયાવાડી હેવપુંજામાં મંડપ ઉપર આરસ કરાવનાર.
(૬) જવેરભાઇ નાથાભાઈ તે અમદાવાદ હવેલીના કારભારી.
(૭) મે. મેમ્બર વિઠ્ઠલભાઈ આશાભાઇ મું. ઉંદેલના.
(૮) મોરારભાઇ મંછાભાઈ કાછીયાવાડીના

દક્ષિણ બાજુની બીજી લાઇન

૧ – ૨ – ૩ – ૪ – ૫ – ૬ – ૭

(૬) આશાભાઇ દેસાઇભાઈ પટેલ ઉંદેલ કારભારી.
(૭) દુલ્લવભાઇ ગોસાઇભાઇ મું. પારડી.

ત્રીજી લાઈન

(૧) પિતાંબરદાસ કાળીદાસ ઉંદેલના.

૨ – ૩ – ૪ – ૫ – ૬.

દરવાજા બહાર નીકળતાં ડાબી બાજુ

(૧) ગોકુળભાઈ દાજીભાઈ ગામ કાવીઠાના.

દરવાજા બહાર જમણી બાજુએ

(ઉગમણી દિશાએ)

the Temple of Jamna ...

(૧) ભીડ ભંજનની ડેરી છે તે બાવાજીનો બળદ હતા. ગમે તેવી ભીડ પડતી હોય તો તેમની બાધા રાખવાથી ભીડ દુર થાય છે.

અમદાવાદ વાડીની ઉત્તરે(પારસીના બંગલા પાસે)

(૧) દુઃખ ભંજનની ડેરી છે. તે બાવાજીના બળદ હતા. તે ગમે તેવું દુઃખ હોય તો બાધા રાખવાથી દુર થાય તે દુલ્લારામ મહેતા શું પાટણના હતા. તે ઘણાં પુન્યશાળી હતા. તે ચકલાને દાણા નાખતા હતા ત્યાં પોપટ તથા પોપટી દાણા ચણતાં (ખાતાં) હતા. ત્યાં બિલાડી આવી તેને મારતાં તે પોપટને વાગવાથી પોપટ મરણ થયો એટલે પોપટીના શ્રાપથી તેઓ પોપટ થયા અને મરણ પામ્યા તે બીજો અવતાર બળદનો થયો તે (દુઃખ ભંજન)

હીમપુર પીરાણામાં કાચનું કામ કર્યું. સંવત ૨૦૨૭-૨૮
ઇ. સ. ૧૯૭૧-૭૨ માં.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમ :
શ્રી પરમ પૂજ્ય શરીફ બાવાજી સાહેબ.
શ્રી પરમ પૂજ્ય બુદરદીન બાવાજી સાહેબ.
શ્રી પરમ પૂજ્ય બાકરશાહા બાવાજી સાહેબ.

તકતી આરસની તકતી

રોજો હીજરી સન ૧૨૪૧માં બંધાવ્યો છે.

હસન – હુસેન – ફાતમા – અલી – મહંમદ અલ્લા જબી બાકરઅલી રબજન મેજબાન બનાકર વ રોજે જબીએજી સાનવ મોજ જવન ખસર વ કુતબા વ તારીખ બનાલીસી મસરતકર વ દરગા હુમાયુન હીજરી સન. ૧૨૪ સના કમીઝા ૨૫ દો સદવ બનાજા દેક.

રોજામાં પેસતાં ડાબી બાજુ :- ઇમામની કુરસીના નામની
તકતી આરસની (૧૯૭૧માં
પ. પૂ. કાકા સાહેબ
કાળીદાસ શંકરભાઇ.

રોજામાં પેસતાં જમણી બાજુ :- આલ ગાયત્રીના નામની
તકતી આરસની (૧૯૭૧મ
પ. પૂ. કાકા સાહેબ
હરગોવનદાસ લખાભાઇ.

શ્રી બાકરશાહા બાવાના આઠીઆ પંચના માણસો અંદર ચાંદીનો કઠેરો રામજી કાકાના હસ્તે પાટણના કંદો સાંકળચંદ કુબેરદાસે કરાવ્યો છે. સોની બાપુએ ચાંદી ૩ મ ૫ શેરનો બનાવેલ છે.

શ્રી શરીફ બાવા :- ચારે બાજુનો આ કઠેરો ૧૯૬૭ કારતકમાં ચઢાવેલો તથા ૧૯૬૮ના માગસર સુદ ૫ સુધીમાં કરાવ્યો છે.

પૂજ્ય બુદરદીન બાવા :- બાકરઅલી આઠીઆ પંચ તરફથી કાકા સાહેબ ચુંથાભાઇ કિશોરભાઇના અમલમાં નવસારીની મદદથી આ કમાડ ૧૯૬૫ના મહા સુદ ૨ ને શનીવારે કરાવ્યાં છે. ચાંદી ૨ મણ ૧ શેર કારભારી હીરાભાઈ રેવનદાસના વખતે.

જાળી :- સંવત ૨૦૨૮ના પોષ સુદ ૫ રૂા. ૩૫૦૦/- ની કિંમતથી નવસારીના બળવંતભાઇ પરભુદાસના તરફથી કરાવી છે.

ધર્મ ધજા :- ૧૯૬૪ના વખતમાં પૂ. કાકા સાહેબ ચુંથાભાઇ કીશોરભાઇના ગામ ભાઠાના મિસ્ત્રીએ જડયો. લાકડાનો બનાવેલો તે. સંવત ૨૦૨૦માં ફરીથી આર. સી. સી. નો પ. પૂ. કાકા સાહેબ હરગોવિંદદાસ લખાભાઇના વખતમાં થયો છે. તેમાં રૂા. ૧૦૧/- થી વધુ રકમ આપનારની ઝંડાની ચોતરફ તકતી મુકવામાં આવી છે. ખર્ચ ૧૩૨૨૫/- રૂા. જમાતે આપ્યા છે.

બહાર કુવા પાસે બોર ૧૯૭૨માં ઉંડાઇ ૪૬૫ ફુટ કરાવ્યો છે. તેમાં ૨૦૨ ફુટ ૮ ઇંચની પાઇપ અને ૨૬૩ ફુટ ૬ ઇંચની પાઇપ નાખી છે. તેમાં હાલ સબમર્સીબલ પંપ કલ્યાણનો મુકેલ છે.


ગીરમથા વાડામાં સબમસીબલ પંપ ૧૨ાા માં કલામાં છે. ડોડીઆ વાડે સબમસીબલ પંપ ૧૦ કલામાં છે. તા. ૧૫-૧૨-૮૦ રોજામાં અંદર આરસનું કામ ૧૯૬૨માં કરાવેલ છે. રોજામાં ચોકમાં પથ્થર આરસનું કામ ૧૯૬૩થી ૧૯૭૨ સુધીમાં જમાતના પૈસા તથા બીજો બેસાડવાનો બધોજ ખર્ચ સંસ્થા તરફથી કરવામાં આવે છે સીમેન્ટ, રેતી વિગેરે.

બગીચાનું ફ્રેટનું કામ ૧૯૭૮માં કરવામાં આવેલ છે. નીચે ચોક ચાલમાં પથ્થરનું કામ ૧૯૭૭માં કરવામાં આવેલ છે. રસોડામાં લાકડાં નાખવા માટે નવુ મકાન ૧૯૭૮માં કરેલ છે. અને જે દરવાજો, અંદરની જમણા હાથે ઓરડીઓ તોડી નાખીને, તે જગ્યાએ આર. સી. સી. નું મકાન રૂમ-૫ તથા દરવાજો અને દાદર આર. સી. સી. નો તે સને ૧૯૮૦-૮૪ માં કરેલ છે. મંદિરમાં બે ઓરડી હતી તે તોડી નાખી મંદિર રીપેર કરી ૧૯૭૮માં કરાવેલ છે. અંદર દરવાજા સાથે નવું મકાન ૧૯૮૩માં કરવામાં આવેલ છે.

નવાં જાજરાં નંગ – ૧૦ તે બહારની બાજુ તે ૧૯૮૪ માં કરેલ છે. તા. ૧૫-૧૨-૮૪.

૫. પૂજ્ય શાહૉજી બાવાનું દહેરૂ

પાવાગઢ



પાવાગઢ

શ્રી શાહૅાજી બાવાની હકીકત

નામ :- શાહૉજી બાવા બાળમહંમદ શાહ બાવા

માતાનું નામ :- સવાઇ બીબી (શાહાબીબી) અબ્દુલ હુશેનની દીકરી રહે. અમનાનગર જીલ્લે ખાનદેશ.

જન્મ :- સંવત ૧૭૫૩ રબીઅલ તા. ૩૦ મી.

ગાદી ભોગવી :- ૫૮ વર્ષ ૩ માસ.

બફાત :- સંવત ૧૮૧૨ સાબાન તા. ૨૧ ઉ વ. ૫૮ ચંદન ડીયા, ગીલેફ, નવો ચકરવવો સાબાન તા. ૨૧મીએ

પત્નીનું નામ :- શચીફા બીબી સૈયદ શેરઅલીની દીકરી અમદાવાદ.

પરીવાર :- (૧) શરીફ બાવા (૨) અબજન બાવા (૩) જેનબ બીબી, નાના મોટા સાત ફરજન હતાં.


સ્થળ :- પાવાગઢ કોટની અંદર દરવાજામાં પેસતાં મસ્જીદની પાછળ પશ્ચિમ દિશામાં રોજો છે, આઠીયાના નામથી ઓળખાય છે.

દહેરામાં પેસતાં જમણે હાથે પરમ પૂજય સતગુરૂ શાહૉજી બાવાની કબર છે અને ડાબી બાજુ શ્રી સીકંદર બાવા તે (શરીફ બાવાના પુત્ર) ની કબર છે. દહેરાની સામે પ. પૂ. શીવદાસ કાકાની કબર છે. તે સુરતના સોની હતા. શાહૉજી બાવાને બાળપણાથી ઉછેરીને મોટા કર્યા છે. અને ધર્મ સાચવવામાં અને આઠીયાનો ધર્મનો ફેલાવો કરવામાં ઘણીજ મદદ કરી છે. ઓટલાથી આથમણી બાજુ શાહૉજીના બાપના કુટુંબ કબીલાની કબરો છે. ઓટલાથી અહીંને આથમણી બાજુ જવેરભાઇ બાપુભાઇ રાહકુઇવાળાની કબર છે, જેમણે કુવો ખોદવામાં તેમજ પાવાગઢ રોજામાંના દરેક કામમાં આગળ પડી પંચની સાથે કામ કર્યું છે.

જન્મ :- ૧૯૩૯ ચઇતર સુદ ૧૪.

મરણ :- તા. ૧૭-૮-૬૨ શુક્રવાર શ્રાવણ વદ ૨

દયાળજી કાકાનું દહેરૂ મું. વિરોદ.



૫. પૂજ્ય દયાળજી કાકાનું મંદિર (દહેરૂ) મું. વિરોદ

પરમ પૂજ્ય દયાળજી કાકાનું દહેરૂ વિરોદ આવેલું છે. તે વિરોદ ગામની ઉત્તરે આવેલું છે. તે હરણી ગામથી ઉત્તરે જતાં વિરોદ ગામ ત્રણ માઇલ દૂર આવેલું છે.

(૧) પરમ પૂજ્ય દયાળજી કાકા શ્રી કાકા સાહેબ હતા. તેઓ શ્રી નારદજીનો અવતાર હતા. બીજો લક્ષ્મણજીનો અવતાર તેમને હઝરત પીર બાકરશાહા બાવાએ પોતાની હયાતીમાં પોતાનો કબીલો તથા જમાતની સોંપણ કરી તમામ મિલકતના વહીવટ કરતા કરેલ હતા. તેમને પૂજ્ય માણેકમાજી જે બાળીમુકુંદન બાવાજીના માજીને સોંપણ કરી તેમને પેટે અવતારી પુરૂષનો જન્મ થશે. તો તેને સાચવવાનું કહી સંવત ૧૯૯૮માં પ. પૂ. બાકરશાહા બાવા ઉઠયા. ત્યારથી કાકા સાહેબની ગાદી ચાલુ થઇ તે મું. પાલ. તા. સુરતના હતા. માતા દેવબાઈ તથા પત્ની ડહીબેન તથા દિકરી કંકુબેન.

(૨) પ. પૂ. જવેરકાકા મું. બડદલાના હતા. તે સંવત ૧૯૦૩માં કાકા થયા. તે જાવાંમર્દ હતા. તે બાવાજીનો માફો છાણી થઇ જતાં વખતે વચ્ચે સાંઢ આવ્યો. તેને મારી નાખ્યો હતો. અને બધા લોકોને સાંઢના ત્રાસમાંથી બચાવેલ હતા. તેઓ ૧૯૪૬માં દેવલોક થયા.

(૩) પરમ પૂજ્ય કાકા સાહેબ વહાલા કાકા :-
સંવત ૧૯૪૬માં ગાદી ઉપર આવ્યા. તે કાઠીઆવાડના હતા. તેઓ ખેતરનું રખોપુ કરતા. તેમને પઠાન વેશમાં

બાવાજી મળ્યા. ખાવાનું માગ્યું તો ખેતરમાંથી ચીભડાં લાવીને બાવાજીને આપ્યાં. બાવાજીએ આશીર્વાદ આપ્યો કે બચ્ચા અચ્છા હોગા. તે વચન સીધ્ધી હતા. તે બાર વર્ષની ઉંમરે આલ વિષ્ણુને ખોળવા જુનાગઢના ડુંગરમાં ગયેલા ત્યાં આઠીઆના ધર્મની અંત્રિક્ષ વાણી થઇ તે સાંભળીને ધર્મ લીધો. અને કાકા થયા. તેઓ પાવાગઢ હતા તે વખતે વરસાદ નહિ હોવાથી શેખ ભાઇઓ ગાડાં લઈ રોજાના કામ માટે પાવાગઢ ગયેલા. ત્યાં બાવાજીની રૂબરૂ જમાતના માણસોએ કાકા સાહેબને આજીજી કરી કે વરસાદ નથી થતો તો કહયું કે તમો બધા ઘેર જાઓ અને સૌ સારાવાંનાં થશે. દરેક પોતાના ગામ જતાં સીમાડામાં પેશતાં સારામાં સારો વરસાદ ખેતી લાયક થયો તે સંવત ૧૯૪૯માં દેવલોક થયા. તેમને વિરોદ લાવીને દફન કર્યા.

(૪) પરમ પૂજ્ય કાકા સાહેબ કાનજી કાકા. મું. અમરેલી તેઓ ૧૯૪૯થી ૧૯૫૮ સુધી ગાદી ભોગવી. તે પાદરા મુકામે હતા તે વખતે ધરમી ભાઇઓ. જમાત તરફથી ખોટી રીતે અરજીઓ સરકારમાં થઇ તેના જવાબ વખતે આઘાત લાગવાથી દેવલોક થયા. તેમને વિરોદ લાવી દફન કર્યા છે.

(૫) પરમ પૂજ્ય હીરજી કાકા – ઓટલા ઉપર. તે અંબઇ દાસ કાકા પુત્ર થાય તે એકલ સંગીનો હીરજીકાકાનો અવતાર. તેઓ જ્યાં જાય ત્યાં વરસાદ થાય. એવું બાવાજીનું વચન હતું. તેઓ બાવાજીનું કામકાજ કરતા. બાવાજી એ આકાશના બે સ્થંભ છે તેવી ઉપમા (૧) દયાળજી કાકાને (૨) હીરજી કાકાને આપી હતી. હીરજી

કાકા ગામ વાગરા તાલુકે ભરૂચના હતા.
શ્રી ઝવેરભાઇ મીઠાભાઈ ગામ હબીબપુરાના.
સંવત ૧૯૬૫માં દેવલોક થયા. તે રામજી કાકા તરફના હતા. પરંતુ સુલેહ માટે કમર કસી કામ કરતા હતા.

(૬) પરમ પૂજ્ય શંકર કાકા – ગામ જુનેદના.
તે સંવત ૧૯૬૭માં ગાદી ઉપર આવ્યા. અને સંવત ૧૯૭૪માં જુનેદ ગામે દેવલોક થયા હતા. અહીયાં તેમનાં ફુલ લાવી દફન કર્યા છે.

(૭) પરમ પૂજ્ય કાળીદાસ કાકા જરોદના.
તે આઠીયા હતા. તે સવંત ૧૯૭૫ના કારતક સુદ–૫ ૭–૧૧–૧૮ના રોજ ગાદી ઉપર આવ્યા. તે સુખી હતા. તે સાદા અને બિલકુલ નીર અભિમાની હતા. પોતાના શેખ લોકો ફાવે તેમ બોલે પણ ગણ્યું ભુલ્યું કરી ચલાવતા. તેમણે પીરાણામાં પથ્થરના થાંભલાવાળો નવા બંગલાનું કામ કરાવ્યું હતું તે પરમાથી કામ કરતા. અને તેમની છેવટે તબીયત સારી નહી હોવા છતાં કાછીઆવાડી (દાનવીર) ગીરધરભાઈ ગોવિંદભાઈની ઉત્તર ક્રીયા (ઉંઠાસણ) કરવા ગયા. અને ત્યાંથી પાછા વળતાં તબીયત વધુ બગડી અને પારડીના શ્રી ડાહ્યાભાઇ પરદેશથી આવેલ તેઓ ભેગા થયેલા. તેમણે કાકા સાહેબને વડોદરા સુધીની સેકન્ડ કલાસની ટીકીટ લઈ આપી અને તબીયત વધુ બગડવાથી વડોદરાથી સ્પેશ્યલ મોટર લઇ જરોદ લાવ્યા. અને એક કલાક બાદ દેવલોક થયા. તેમને જરોદથી વિરોદ લાવી દફન કરેલા છે.

શ્રી સુખજીભાઇ નંદલાલ મું. નડીઆદ.

તેઓ શ્રી પાવાગઢ મંદિરનો રૂમ તથા વિરોદ મંદિરનો રૂમ બંધાવવામાં મદદ રૂપ હતા અને સદાય ઉપવાસ કરતા હતા.

મે. મેમ્બર શ્રી દલસુખભાઇ રણછોડભાઇ ઠક્કર બાજવા.

તેઓ આઠીઆ ટ્રસ્ટ કમીટીના મેને. મેમ્બર હતા અને તેમણે તથા તેમના મોટાભાઇ હીરાલાલ રેવનદાસ ઠક્કર બંને ભાઇઓએ સંસ્થા માટે વફાદારીથી સંસ્થાને પ્રગતિમાં લાવેલ છે. અમદાવાદ વાડીનો કબજો લેવામાં ડાહયાભાઈ રણછોડભાઇ પીરાણાના હતા. તેમણે પણ સારો સાથ આપી સંસ્થાને ઘણો જ લાભ કરેલ છે.

શ્રી કેશવભાઇ હીરાભાઇ સુખી મું. જરોદના હતા.

તેમણે દેવપુજાનું કામ ૫૦ વર્ષ સુધી સારી રીતે લાગણથી કરેલ છે. તેમની કબર છે.

શ્રી ગીરધરભાઇ શામળભાઇ તે પાવાગઢના પુજારી હતા. તે વખતે ફકત દેરાનો ભાગ હતો.

શ્રી જીવા કાકા – તે કાઠીયાવાડના હતા. તેઓ શ્રી પ. પૂ. દયાળજી કાકાના પુજારી હતા.

શ્રી રણછોડ કાકા – મું. માલપુરના હતા તે સદાય ઉપવાસ કરતા. બાપનું નામ (ભક્તિભાઇ હતું.)

શ્રી ડાહયા કાકા – મું. પાલ (અડાજણ)ના વતની હતા. તે ભગાભાઇ વસનજીના કાકા થાય છે.

બંગલાની બહાર ખેતરમાં ઉત્તર તરફ.

અમઇદાસ કાકા – તેઓ ગામ વાગરા તા. ભરૂચના હતા
ઓ શ્રી પ. પૂ શરીફ બાવાના વખતમાંથી કાકા હતા અને
ઓ બ્રહ્મઋષિ તરીકે ઓળખાતા હતા. તેઓ શ્રી પ. પૂ.
ાવાજીની સાથે ચીનમાં પણ ગયા હતા. તેઓ સેવા ભાવી
તા. જમાતમાં પોટલા ઉચકી મેળો કરાવતા તેઓ
ીરજી કાકાના પિતાજી થાય.

ભીમસીંગ કાકા – તેઓ દુમાડના હતા. તેઓ માળા
જનમાં તલ્લીન રહેતા. તે ઉભા ઉભા માળા ભજન કરતા
તા. તે જાતે રજપુત હતા.

પ. પૂજય દયાળજી કાકા વિષે માહિતી

પ. પૂજ્ય દયાળજી કાકાએ પહેલાથી એટલે કે પ. પૂજ્ય
ુદરદીન બાવાના વખતથી કાકા તરીકે ગાદી ઉપર હતા.
અને બધુ જ કામ પોતે કરતા પરંતુ પ. પૂજ્ય બાકરશાહા
બાવાજીએ સંવત ૧૮૯૮માં પોતાની હયાતીમાં અમદાવાદની
અંદર કુલ મંડળી ભરી જમાતને બોલાવીને પોતે પ. પૂજ્ય
બાકરશાહા બાવાએ પૂજ્ય દયાળજી કાકાને ગાદી ઉપર
બેસાડી બધો જ વહીવટ આપી દીધો અને કહયું કે હવે તમે
જે કહેશો તે થશે. ત્યારથી ગાદી ઉપર આવ્યા એટલે ૧૮૯૮
થી ૧૯૦૩ સુધી કામ કર્યું છે. પરંતુ તે પ. પૂજ્ય શરીફ
બાવાજી વખતથી પૂજ્ય અમઇદાસ કાકા હતા. તે બુદરદીન
બાવા સુધી. પછીથી દયાળજી કાકા પ. પૂજ્ય બુદરદીન બાવા
વખતથી કામ કરતા તેવી જ રીતે પ. પૂજ્ય બાકરશાહા બાવા-
એ પછીથી પોતાની રૂબરૂ જ બધા જ કામની વ્યવસ્થા પ.
પૂ. દયાળજી કાકા ને સોંપણી કરી છે. ત્યાર પછીથી કાકાઓ

ગાદી ઉપર આવે છે. તેમને વિરોદ મુકામે લાવીને દફન કર્યા. પ. પૂ. દયાળજી કાકાને પહેલી કલમના કાકા ગણ્યા છે. કારણ કે બાવાજીએ એક વખત સૃષ્ટિની રચના કરવાનો વિચાર કર્યો તે વખતે લખતા લખતા કલમમાં કચરૂ ભરાવાથી કલમ અટકી ગઇ. તે વખતે બાવાજીએ કલમ સાફ કરવાની ઈચ્છા મનમાં થઇ. ત્યાં બધા કાકાઓ માણસો ભેગા મળીને બેઠા હતા. ત્યાં પ. પૂ. દયાળજી કાકા પૂજ્ય બાવાજીની ઇચ્છા જાણી ગયા એટલે પોતે પોતાની જીભ કલમ સાફ કરવા માટે ધરી પૂ. બાવાજીએ કલમ તેમની જીભે સાફ કરી. જેથી પોતે પૂજ્ય બાવાજી પોતાની ઈચ્છા સમજી જનારને મહાન ભકત ગણ્યા અને તેમને અનવંચ્છિત સિદ્ધિ આપી અને તેઓ કહે તે થઇ શકતું તે તેમનો મોરાતબો (દરજ્જો) વધારી દીધો પ. પૂજ્ય બાકરશાહા બાવાએ પોતાની રૂબરૂમાં ૧૮૯૮માં જ્યારે સ્વર્ગવાસી થવાના હતા ત્યારે બધી જ કીલ્લી પ. પૂ દયાળજી કાકાને આપી અને કુટુંબ કબીલો જમાત સોંપી તેમજ આદ્યશકિત માણેક માજીને પેટે શ્રી આલ વિશ્નુ પ. પૂજ્ય બાળકશાહા બાવાનો જન્મ થવાનો હતો. તે પછી તેમની દેખભાળ અને રક્ષણની સોંપણી કરી તે સંવત ૧૮૯૮ના જેઠ વદ ૧૨ મંગળવારના રોજ પ. પૂજ્ય બાળકશાહા બાવાનો જન્મ જરોદ મુકામે બેચરભાઇ ગીરધરભાઇના ઘરમાં થયો. તે વખતે પ. પૂ. દયાળજી કાકા વડોદરા હતા. જેથી વડોદરા જન્મ થયાની વધાઇ મોકલી એટલે પૂ. દયાળજી કાકા જરોદ આવ્યા અને ધરમી ભાઇઓને કહયું કે આલ વિષ્ણુ ભગવાનનો જન્મ થયો છે. તે વખતે ધરમી ભાઇઓએ બાવાજીને ફાજલીયા કહ્યા કે તે પ. પૂ. બાકરશાહા બાવાના પેટના નથી. જેથી બાવાજીને તો કામમાં કામ કરવાનું હોય છે. તેથી પોતે પૂજ્ય દયાળજી કાકાને

દર્શન આપીને નરના નારી રૂપ બતાવ્યું. અને તે નારીનું રૂપ પીરાણાના રોજામાં દફન કરેલ છે. અને પોતે પડદે રહ્યાં અને પૂજ્ય દયાળજી કાકાની પાસે ૬ વરસ રહી પોતે બે જણ જાણે (૧) બાળી સુરત દાદા અને પૂજ્ય દયાળજી કાકા. તે જેમ પૂજ્ય નબી સાહેબના વખતમાં જબરાઇલ આવતા તે પૂજ્ય નબી સાહેબ અને જબરાઇલ વાતો કરતા. તેમની પાસે બીજા બેઠા હોય તે પણ જાણતા નહી. પછી પૂજ્ય નબી સાહેબ પોતે જાણ કરતા. તેવી જ રીતે પૂજ્ય કાકા દયાળજીની ગોદમાં રહીને પોતે. પ. પૂજ્ય બાળકશાહા બાવાએ (૨૪૨) જ્ઞાન કથ્યાં છે તે પૂજ્ય દયાળજી કાકાએ ધરમીઓને માટે જણાવ્યું અને તે પોતે ચોવીસ મુલકમાં ગયા. ત્યાં લોકોને ધરમી કરી ધર્મ પરમોધ્યો ને ચોવીસ મુલકની વાત હકીકત જણાવી. પછીથી પ. પૂજ્ય દયાળજી કાકા ૧૯૦૩ સુધી ગાદી ભોગવી. સવાલ માસની પહેલી તારીખે સ્વર્ગવાસી થયા. જેથી તે દિવસે સંવત્સરી (સંદલ)ની ક્રીયા થાય છે. તે દિવસે નવો ગીલેફ ચંદન ક્રીયા કરી ઉત્સવ ઉજવાય છે અને પૂજ્ય દયાળજી કાકાની બાધા રાખવાથી દરેકનું કામ થાય જેથી દરેક ધર્મીઓ પહેલા પૂજ્ય દયાળજી કાકાની પાસે મહેર દુઓ માગી કામો કરે છે.

રામાયણના અધ્યાયમાં લખેલુ છે કે.

ગુરૂની નીંદા કરનારને મારી નાખો અગર તો ત્યાંથી નાસી જવું અગર પોતે મરી જવું.

ધર્મીને કહ્યું છે કે હરિના આસને વળગી રહેજો તો આવીને મળીશું.

List of Bakarshah Kakas

શ્રી સતગુરૂ પ. પૂજ્ય બાકરશાહા બાવાની ગાદી ઉપર ૧૮૯૮ની સાલથી કાકા સાહેબોએ કરેલો વહીવટ. તેમની વંશાવળી.

૧ પ. પૂજ્ય શ્રી દયાળજી કાકા મું. પાલ તા. સુરત.
૨ ,, ,, કાકા સાહેબ જવેરકાકા મુ. વડદલા. તા. પાદરા.
૩ ,, ,, ,, ગીરધર કાકા કાઠીઆવાડના
૪ ,, ,, ,, વહાલા કાકા મુ. લવારીના
૫ ,, ,, કાનજી કાકા મું. અમરેલી ૯ વર્ષ ગાદી ભોગવી
૬ ,, ,, ચુંથા કાકા મુ. ઉનેલના ૮ વર્ષ ગાદી ભોગવી
૭ ,, ,, શંકર કાકા મુ. જુનેદના ૭ વર્ષ ગાદી ભોગવી
૮ ,, ,, કાળીદાસ કાકા મુ. જરોદ ૨૪ વર્ષ ગાદી ભોગવી
૯ ,, ,, લખા કાકા મુ. ઉનેલ ૯ વર્ષ ગાદી ભોગવી
૧૦ ,, ,, હરગોવિંદદાસ કાકા ભગવાનપુર ૨૬ વર્ષ ગાદી ભોગવી

૧૧ ,, ,, નગીન કાકા મું. જરોદ હાલ ચાલુ છે. ૧૯૮૫

પ. પૂજ્ય ઈમામશાહા બાવાના વખતમાં પાંચ કાકાઓ થયા

૧ પ.પૂ હાજરા બેગમ હજુરમાં પીરાણામાં રોજામાં કબર છે.
૨ ,, સુરભાણ કાકા કાઠીઆવાડમાં રોજો છે.
૩ ,, ભાભારામ કાકા દેવામાં જી. ખેડા. સંસ્થા જુદી છે.
૪ ,, નાથા કાકા અચાલખમાં સંસ્થા જુદી છે.
૫ ,, ચીચીબાઈ ભાભારામની બેન થાય તે રૂણમાં છે

૧	પ.પૂ. નુરસતંગોર બાવાના	વખતમાં કાકા	ચાચાગુલામ કાકા
૨ ,,	ઈમામશાહ બાવાના	,,	ખેતા કાકા
૩ ,,	બાબાઅહંમદશાહના	,,	કુદજી કાકા
૪ ,,	શાહાજી બાવાના	,,	શીવદાસ કાકા
૫ ,,	શરીફ બાબાના	,,	અમઈદાસ કાકા
૬ ,,	બુદરદીન બાવાના	,,	દયાળજી કાકા
૭ ,,	બાકરશાહા બાવાના	,,	દયાળજી કાકા

શ્રી સતગોર પ. પૂ. ઈમામશાહા બાવાના હરિવંશની આલ ચાલી તે બાળકશા બાવા સુધી આવી છે તેનું આલ નામું લખ્યુ છે. પેઢીઓ વંશ પરંપરા ભાઈઓ, બેનો, પિતા, માતા, તથા જન્મ દેવથયાની હકીકત સં. ૧૯૫૪ના ઉચ્ચ મુલતાનથી સં. ૧૫૦૫ પૂ. કબીરદીન બાવાએ જામો મુકચો છે.

સંવત ૧૫૦૩માં પ. પૂ. ઈમામશાહા બાવા ગુજરાત આવ્યા,

(૨)

અ. નં.	ઈમામની કુરસીનું નામ	અટક	પિતાનું નામ	માતાનું નામ	ભાઈનું નામ	બેનીનું નામ	જન્મ તારીખ	ઉંમર	બફાતની તારીખ	દફનની જગ્યા	ગાદી વર્ષ	પરાક્રમ
૯	સવાજી સર્વાઈબાવા	ધુરોની સૈયદ	બાબા મહંમદબાવા	શાહીબીબી અબ્દુલ ધુરોનની બેટી	શ્રી શરીફ સવાઈ અબજુવબાવા	૨ જનબીબી સદાબુ	૧૭૫૩ રબીઅવલમાસ તા. ૩૦મી	૫૯ વર્ષ ૯ માસ	૧૮૧૨ સાબાન તા. ૨૩મી	ચંપાનેરમાં રોજો છે (પાવાગઢ)	૫૮ વર્ષ ૨ માસ	નવી જમાત આઠીઆનો ધર્મ સ્થાપન કર્યો.
૧૦	શરીફ સવાઈ	,,	સવાજી સવાઈ	શરીફાબીબી સૈયદ શેરઅલીની બેટી	દીકરા-૫ બુદરદીન બાવા, સીકંદરબાવા	દીકરી-૧૭	૧૭૮૬ સફર માસ તા. ૧૨મી	૬૪	૧૮૫૦ રજબ તા ૧૯	પીરાણામાં આશિવાડામાં ઉગમણી તરફ રોજો છે	૩૮	રામ કથા ભાખી તે બુદરદીન બાવાએ પુરી કરી,
૧૧	બુદરદીન સવાઈ બાવા સાહેબ	,,	શરીફ સવાઈ	રહીમબીબી સૈયદ ત્રીજી ઓસમાનબાજી	દીકરા-૨ બાકર શાહા બાવા છે.	૨	૧૮૩૧ સફ. તા.૧૭	૫૨	૧૮૮૩ જમાદીઉલ આખર તા. ૬	શરીફબાવાની બાજુ ઉગમણી કબર છે	૩૨	કૃષ્ણ કથા ભાખી (બાકરશાવા બાવાએ પુરી કરી છે.) મણેરમની કથા ભાખી તે બાકરશાવા બાવાએ પુરી કરી છે.
૧૨	બાકરશાવા સવાઈ	,,	બુદરદીન સવાઈ	બડી બેગમ માજી સૈયદ બડાબીબીની ત્રીજીબીબી-૨ બીજ	દીકરા-૨ બાકરશાવા બાપુ સાહેબ	—	૧૮૫૦ જમાદીઉલ તા. ૧૦ જન્મ ખંભાત	૪૮	૧૮૯૮ માગસર મુક્વારે જીલ્કાદ તા. ૩	શરીફબાવાની જમણી તરફ કબર-૧	૧૫	મણેરમની કથાનું બ્યાન બોલ્યુ.
૧૩	બાપુ સાહેબ	,,	બાકરશાવા સવાઈ	ગુલબેગમ માજી ઓરમાન-૨ આરશ બેગમ	—	—	૧૮૯૩ રજબ તા. ૧ શુક્રવાર	૨૧	૧૮૯૪ જીલ્કાદ તા ૩	આરશબેગમની બાજુમાં નાની કબર છે	૧૧	ચલીંગ કરી માટીના બળદ કરી ચલાવ્યા. જેથી એક મ્યાનમાં બે તલવાર ન સમાય તે ઉઠયા,
૧૪	બાળકશાવા બાવા બાળીપુરાત દાદા	,,	,,	માણેકમાજી	—	—	૧૮૯૮ જેઠ વદ ૧૨ પંચમવાર જેરેલ					

પરમ પૂજ્ય દયાળજીકાકા પાસે ૬ વર્ષ રહ્યા ૨૪૨ જ્ઞાન ભાંખ્યા. ચોવીસ મુલક પરમાદેવા ગયા છે. જેથી કહ્યું છે કે "હરિના સ્થાનકે વળગી રહેશો તો આવીને મળીશું."

દા. કાકા નગીનદાસ હરગોવિંદદાસ તા. ૫-૧૨-૮૦


શ્રી સતગોર પ. પૂ. ઈમામશાહા બાવાના હરિવંશની આલ ચાલી તે બાળકશા બાવા સુધી આવી છે તેનું આલ નામું લખ્યુ છે. પેઢીઓ વંશ પરંપરા ભાઈઓ, બેનો, પિતા, માતા, તથા જન્મ દેવથયાની હકીકત સં. ૧૯૫૪ના ઉચ્ચ મુલતાનથી સં. ૧૫૦૫ પૂ. કબીરદીન બાવાએ જામો મુકયો છે.

સંવત ૧૫૦૩માં પ. પૂ. ઈમામશાહા બાવા ગુજરાત આવ્યા,

(૧)

નં.	ઈમામની કુરસીનું નામ	અટક	પિતાનું નામ	માતાનું નામ	ભાઈનું નામ	બેનીનું નામ	જન્મ તારીખ	ઉંમર	વફાતની તારીખ	દફનની જગ્યા	ગાદી વર્ષ	પરાક્રમ
૧	ઈમામશાહા બાવા	હુસેની સૈયદ	પીર કબીરદીન સુદરદીનુ	હરહા બીબી	દીકરા ૧૦	આમલ	સં. ૧૫૦૧ રજબની તા. ૧૫મી સોમવાર	૬૪	સં. ૧૫૬૪ રમજાન તા. ૨૫ શુક્રવાર ઈદના માસમાં પામીએ અંવસર	ગીરમથાની સીમમાં રોજો બાંધેલ છે, આથમણી બાજુ	૫૯	બ્રાહ્મણોની જનોઈ કાશીથી કાઢી તિર્થની યાત્રા પીરાણા મામે સંઘને દેખાડી
૨	નુરમહંમદશાવા બાવા	,,	ઈમામશાહા બાવા	સુલતાન બીબી	૧૭	૫	૧૫૪૪ જમીઅલ તા. ૧૮મી ગુરૂવાર	૪૩	૧૫૮૭ રજબ તા. ૨૧ શનીવાર	ઈમામશાહ બાવા રોજામાં	૬૩	સતવેણી ભાખી જમાત આજ સુધી ચોલે છે.
૩	સેદખાન બાવા	,,	નુરમહંમદશાવા બાવા	જમાલખાનના કાકાની બેટી બોલોવાની	૨ શાવેજી તથા મનસુર	નથી	૧૫૫૮ જમાઉદીલ અવલ તા. ૨૭ મંગળવાર	૫૯	૧૬૧૭ શાબાન ૨૧ મંગળવાર	ઈમામશાવા બાવાના રોજાની ઉતરમેં રોજો છે.	૩૩	પોતાની આંખો કાઢી ગોરખાન ખાજાને બરાનપુરમાં જોઈને
૪	શાવેજી બાવા	,,	સેદખાન બાવા	બીબી આતંશાબેગમ સૈયદ કાસમની બેટી	હાસમશાવા બાવા	—	૧૫૮૫ રજબ તા. ૧૯ શુક્રવાર	૫૧ ૧૦	૧૬૪૭ જમાઉદીલ અવલ તા. ૭	સેદખાન બાવાની જોડે કબર છે.	૨૯	—
૫	હાસમશાવા બાવા	,,	શાવેજી બાવા	મજાબીબી સૈયદ હુસેનીની બેટી ક. કોચરબ	મોટા મહંમદ શાહ બાવા-૧	—	૧૬૧૨ રમજાન તા. ૧૫ શનીવાર	૫૭	૧૬૬૯ જમાદીલ તા. ૯ મંગળવાર	— ,, —	૩૨	ધર્મીઓ બાવા પાસે અસવારી માગી અને અસવારી વાળવા ત્યારે કોઈ ઉત્તર ના રહયુ
૬	મોટા મહંમદશાવા બાવા	,,	હાસમશાવા બાવા	જમાલખાનુ સૈયદ જાફરની બેટી	સૈયદ સાજી ઈમામ બાવા જાફરશાવા મારકખાન મીર	—	૧૬૧૨ જીલ્હાદ તા. ૧૭ સોમવાર	૬૯	૧૭૩૧ રજબ તા. ૨૫ મંગળવાર	ખાનદેશમાં બરાનપુરમાં બાદલપુરમાં રોજો છે.	૬૨	પથ્થરનો ઘાણી ચલાવ્યો, સેગા કાકા સંઘ લઈ ગયા પણ બાવાજીએ દર્શન ના આપ્યા કારણ કસુંબાના પૈસા આપ્યા નહિ તેથી કોપ થયો
૭	સૈયદ સાજી ઈમામશાવા	,,	મોટા મહંમદશાવા બાવા	સાજન બીબી	બાબ મહંમદશાવા	—	૧૭૦૬ રમાન તા. ૨૧મી	૩૪	૧૭૪૦ શવાલ તા. ૧૦મી	ઈમામશાવા બાવાના કોટની અંદર રોજો છે.	૬	—
૮	બાવા મહંમદશાવા બાવા	,,	સૈયદ સાજીઈમામ બાવા	અર્જન બીબી કાસમ શાહાની બેટીઓરમાના માજી રાજીતારા	શાહજી સવાઈ સૈયદ કાન્વ-૧	—	૧૭૩૫ સવાલ તા. ૨ જી	૧૮ વર્ષ ૬ માસ	૧૭૫૩ રબીવલ તા. ૯મી	ઈમામશાવા બાવાના પશ્ચિમ તરફ રોજો છે.	૧૩ વર્ષ ૬ માસ	વર્ષ પાંચ ગોપાળગઢ ઉપર વઝાવેલને ૧૨ાા વરસ ઉપર વરસ ૧ાા પેકેસરમાં રહ્યા કુલ ૧૮ાા વરસ

અમરાપુરામાં દેવલોક વસસે



સદર ઉતારો :– કાકા નગીનદાસ હરગોવિંદદાસ

તા. ૫–૧૨–૮૦

જીવના ચોર્યાસી લાખ અવતારની સમજ

૯	લાખ	અવતાર	જળમાં
૧૦	,,	,,	કીડામાં
૧૧	,,	,,	પંખીમાં
૨૦	,,	,,	વનસ્પતિમાં
૩૦	,,	,,	વાંનર, રીંછ, ખિસકોલી, જે હાથથી પકડી ખાય છે તેમાં
૪	,,	,,	મનુષ્ય વિગેરે
૮૪	,,	,,	કુલ ૫૪૦૦૦ વર્ષમાં થાય.

આઠીઆ ધર્મની માળાની સમજ.

૧૭	અવતાર	વિષ્ણુના	કરણુમાં
૧૦	,,	,,	કલ્કમાં
૪	,,	,,	સતયુગ, કર્તાયુગમાં.
૩	,,	,,	ત્રેહતા યુગમાં
૨	,,	,,	દ્વાપર યુગમાં
૧	,,	,,	કળી યુગમાં
૩૭	,,	,,	કુલ થયા જેથી તેમનું નામ લેવાનું.

૧૦૮ મણકાની માળાની સમજ

૧૭	અવતાર	કરણુમાં
૧૦	,,	કલ્કમાં
૧૩	આગળ	ધુંધુકારથી
૨૫	અવતાર	સતયુગના
૨૫	,,	ત્રેહતા યુગના
૧૭	,,	દ્વાપર યુગના
૧	,,	બુદ્ધા અવતારનો
૧૦૮	,,	કુલ મળી થયા. તેની માળા થઇ છે. તે બુદ્ધા અવતાર સુધીની.

૫. પૂજ્ય ઈમામશાહા બાવા પછીથી ગાદી

ગાદી ઉપર થયેલા કાકાઓની નામાવલી

તારીખ ૫–૧૨–૮૦ સુધી.

List of Gadipati Kakas of Pirana #History

૧ સાંણા કાકા
૨ શેર મહંમદ
૩ અબ્દુલ કાકા
૪ ઇબ્રાહીમ કાકા
૫ રહીમ કાકા
૬ કરીમ મહંમદ કાકા
૭ શાંમજી કાકા
૮ હસન કાકા
૯ રહીમ કાકા
૧૦ રાજે મહંમદ કાકા
૧૧ નુર મહંમદ કાકા
૧૨ ભુલા કાકા
૧૩ પ્રાગજી કાકા
૧૪ પાંચા કાકા
૧૫ નથુ કાકા
૧૬ અબ્દુલ રહીમ કાકા
૧૭ મનજી કાકા
૧૮ નથુ કાકા
૧૯ નાનજી કાકા
૨૦ શાંમજી કાકા
૨૧ નથુ કાકા
૨૨ પેથા કાકા
૨૩ નથુ કાકા
૨૪ કરમસી કાકા
૨૫ લક્ષ્મણ કાકા
૨૬ રામજી કાકા
૨૭ સવજી કાકા
૨૮ કરશન કાકા

ચાર જુગના વરસ અને વ્રત

૧. સતયુગ ૧૭૨૮૦૦૦ વર્ષ અગીયારસ રવીવાર મા. સુદ-૧
૨. ત્રેહતાયુગ ૧૨૯૬૦૦૦ વર્ષ ચૌદશ મંગળવાર મહા સુદ-૧
૩. દ્વાપરયુગ ૮૬૪૦૦૦ વર્ષ અમાસ સોમવાર માગસર વદ ૦
૪. કળીયુગ ૪૩૨૦૦૦ વર્ષ બીજ શુક્રવાર વૈશાખ સુદ-[illegible]

સમુદ્ર મંથનથી ચૌદ રત્ન નીકળ્યાં તેની નોંધ.

અ.નં.	વસ્તુ નીકળી તે	કોને આપી
૧	ઝેર	શંકરને પાયુ
૨	સુરાપાન	દૈત્યોને પાયો
૩	લક્ષ્મીજી	વિષ્ણુને સોપ્યાં.
૪	સારંગ ધનુષ્ય	વિષ્ણુને સોપ્યુ.
૫	કામા દુર્ગા	બ્રહ્માને સોંપી.
૬	પારિજાતક	સ્વર્ગના ઝાડ
૭	રંભા	ઈંદ્રને સોંપી
૮	શંખ	વિષ્ણુએ લીધો
૯	કૌસ્તુભમણી	ઇંદ્રને આપ્યો
૧૦	અર્ધ ચંદ્ર	શિવજીને ઠંડક માટે
૧૧	ઐરાવત	ઈંદ્રને આપ્યો.
૧૨	ધનવંતરી	સ્વર્ગના વૈધ્ય.
૧૩	સપ્ત મુખી ઘોડો	સૂર્યને આપ્યા.
૧૪	અમૃત	દેવોને પાયુ.

કશ્યપ રૂષિની ૧૩ સ્ત્રીની ઉત્પત્તિ વિષે

૧	અદીતીના	– તેત્રીસ કરોડી દેવ થયાં.
૨	દીતીના	– બોંતેર કોટી દૈત્ય થયા.
૩	કેરદુજના	– નવકુળ નાગ થયા.
૪	સુઅતિના	– નવ લાખ તારા થયા.
૫	ભાનુજના	– બાર હાથ થયા
૬	અનિતિના	– અરુણ અને ગરૂડ થયા.
૭	શંખવતીના	– ઇઠીયાસી હજાર રૂષિ થયા.
૮	સૂર્યપાતીના	– નવસો નવ્વાણું નદીઓ થઇ.
૯	કુનદી કસીયાના	– અઢારભાર વનસ્પતિ ચાર ખાણના જીવ પ્રગટયા.
૧૦	અગન તરાના	– ઓગણ પચ્ચાસ વાયુ થયા.
૧૧	મેઘનાદના	– બાર મેઘ થયા.
૧૨	કાળ અગ્નીના	– અષ્ટકુળ પર્વત થયા.
૧૩	સુલેખાના	– છપ્પન કોટી યાદવ થયા.

પાંચ કરોડમાં વનસ્પતિ
નવ કરોડમાં પર્વત
સત્તર કરોડમાં જળ
અગીયાર કરોડમાં માણસ છે.

૧૭૨૮૦૦૦ વરસનો સતયુગ ભોગવે
૧૨૯૬૦૦૦ ,, ત્રેહતાયુગ ભોગવે
૮૬૪૦૦૦ ,, દ્વાપરયુગ ભોગવે
૪૩૨૦૦૦ ,, કળીયુગ ભોગવે

એવા ચાર યુગ જાય ત્યારે એક ચોકડી થાય.
એવી બોતેર ચોકડી થાય ત્યારે એક ઈંદ્ર થાય.
એવા ૧૪ ઈંદ્ર પડે ત્યારે એક બ્રહ્માનો દિવસ થાય.
એવા ૨૮ ઈંદ્ર પડે ત્યારે બ્રહ્માજીની રાત દિવસ થાય.
૯૭૦૦૦ વરસની એક બ્રહ્માની ઘડી થાય.

મલેચ્છ હિન્દુ સંસ્કૃતિ બહારનાં નામ

ઢીલડી નગર	દિલ્હી	ચુંદી	ઘાટ
૧ કુંકુદેશ	અફઘાનિસ્તાન	૧૩ કૌરમ	કાચબો
૨ હુલમદેશ	અરબસ્તાન	૧૪ વરાહ	ભુંડ
૩ રૂમસામ	ઈરાન	૧૫ વસુદેવ	શ્રી કૃષ્ણના પિતા
૪ સામ	સીરીયા	૧૬ વાસુદેવ	શ્રી કૃષ્ણ
૫ વીરક્ષેત્ર	વડોદરા	૧૭ હલક	કંઠ (ગળુ)
૬ બુગદાદ	બગદાદ	૧૮ પયગંબર	શીવાલય
૭ દમેસક	દમાસ્ક	૧૯ મધ્ય પ્રદેશ	કાશ્મીર
૮ બનીયાગંજ	બોનીયા	૨૦ કુશ સ્થળ	કાસ
૯ ચમકગીરી	લોહ ચુંબક	૨૧ કોસલ દેશ	મારવાડ
૧૦ દીરમ	અઢી રૂપિયા	૨૨ મચ્છ વૈરાટ	ધોળકાનો પ્રદેશ
૧૧ સાહેર	દરિયો		
૧૨ ચરપટ	કપટ		

પાંચ પાંડવ અવતર્યા છે તેની વિગત

૧ **ધર્મરાજા** :- કાશ્મીરમાં, માતાનું નામ લોચના. પિતાનું નામ રાઘવ વસલીએ અવતર્યા છે.

૨ **અર્જુન** :- ઉચ્ચ નગરમાં પટવા વહેપારીને ત્યાં અવતર્યા છે. આંખો ઉજળી છે.

૩ **ભીમસેન** :- જાલંદરમાં કોટનગરમાં જાટને ઘેર અવતર્યા છે. કેસ ઉભા છે. દાંત મોટા છે.

૪ **નિકુળ** :- પૂર્વ બંગાળમાં ભુંડ નગરીમાં કછીઆરને ઘેર અવતર્યા છે, નાકે નથ છે, કાને મુકતા ફળ છે.

૫ સહદેવ :- માળવા ઉજૈનમાં સાળવીને ઘેર અવતર્યા છે.

કુંતા માતા અને દ્રોપદી (ઢીલડીનગર) દીલ્હીમાં જોગણી ચંડાલ કુળમાં છે.

યોગમાયા ઈશ્વરની સંયોજીત શકિત

પરા શકિત આયોજન

અ.નં.	નામ સ્વરૂપ	જગ્યા	અ.નં.	શાત સમુદ્રનાં નામ	
૧	દુર્ગાદેવી	કાશીગંગા તટે	૧	તાક્ષસસમુદ્ર	જળ પાતાળ
૨	ભદ્રકાળી	ઉજૈન	૨	ક્ષીરસમુદ્ર	જળ નિર્મળ
૩	વિજયાદેવી	ઓરિસ્સા	૩	રત્નાગરસમુદ્ર	જળ દવળ
૪	વૈષ્ણવીદેવી	મહાલક્ષ્મી કોલ્હાપુર	૪	સુદરતસમુદ્ર	જળ ડહોળાં
૫	ચંડીકાદેવી	આસામ	૫	નીરસમુદ્ર	જળ નીર્મળ

૬	શારદાદેવી	ઉત્તર હિમાલય	૬	ક્ષીર સમુદ્ર જળ દુ… વરા…
૭	અંબિકાદેવી	આબુ વનમાં	૭	ખારો સમુદ્ર જ… ખાર…
૮	કન્યકા	કન્યા કુમારી ક્ષેત્ર		
૯	શૈલ પુત્રી	હિમાલય		

દસ અવતારની

શકિત નવગ્રહ

નં.	નામ	નં.	નામ		
૧	ચંડિકાદેવી	૧	સૂર્ય	–	મધ્યે તપે છે.
૨	જયાદેવી	૨	મંગળ	–	દક્ષિણ દિશામાં તપે છે
૩	વિજયાદેવી	૩	બૃહસ્પતી	–	ઉત્તરમાં તપે છે.
૪	સમીયાદેવી	૪	શુક્ર	–	પૂર્વમાં તપે છે.
૫	કાળકાદેવી	૫	શનિ	–	પશ્ચિમ દિશામાં તપે છે
૬	તુળજાદેવી	૬	કેતુ	–	નૈઋત્ય ખુણામાં તપે…
૭	સીતાદેવી	૭	બુધ	–	ઇશાન ખુણામાં તપે…
૮	રૂકમણીદેવી	૮	ચંદ્ર	–	અગ્નિ ખુણામાં તપે…
૯	હરસાદેવી	૯	રાહુ	–	વાયવ્ય ખુણામાં તપે…
૧૦	કાતમાદેવી				

ભકતોની ઓળખ

૧ જીક્ષારક :– તે ખુદાને મળવાની ઈચ્છા કરનાર પહેલો ભુ…
૨ મુરશીદ :– મુમુક્ષુ બીજે – ભુવન.
૩ મંજીલેજીમ :– સાધુ ૩×૪ ભુવન.
૪ મુંકમે જબરૂત :– યોગી ૪ ભુવન.

૫ વલી અલા હવલી :- સંત ઓલીયા.
૬ પીર :- સૈયદ તુર્યાવસ્થા મુરીદને છઠ્ઠા પર લઇ જવા.
૭ પયગંબર :- શીવાત્મા.
૮ મુમન :- ધર્મ પુરૂષ, મરતી વખતે જેનું મુખ પ્રસન્ન રહે તે
૯ મોક્ષ :- મોહનો ક્ષય, મોહની બધી વસ્તુનો નાશ.

દશ પ્રજાપતિ તે બ્રહ્માના પુત્ર હતા. તેમને ૬૦ પુત્રીઓ હતી. તે નીચે પ્રમાણે છે.

૧ પુત્રી શંકરને.
૧૩ ,, કશ્યપ ઋષિને.
૨૭ ,, ચંદ્રમાને નક્ષત્ર પ્રમાણે નામ છે.
૮ ,, ધર્મ રાજાને.
૧૦ ,, વરૂણને.
૧ ,, સૂર્યને.

રસ	ભક્તિ	નવદુર્ગા
૧ - શૃંગાર	૧ - શ્રવણ	૧ - શૈલ પુત્રીદેવી
૨ - હાસ્ય	૨ - કીર્તન	૨ - બ્રહ્મચારીણી દેવી
૩ - કરૂણા	૩ - સ્મરણ	૩ - ચંદ્રઘાટા
૪ - રૌદ્ર	૪ - અર્ચન	૪ - કુષ્માંડદેવી
૫ - વીરરસ	૫ - વંદન	૫ - સ્કંદમાતા
૬ - બીભત્સ	૬ - દાસ્ય	૬ - કાત્યાયની
૭ - શાન્ત	૭ - આત્મ નિવેદન	૭ - કાલરાત્રી
૮ - અદ્દભૂત	૮ - પાદ સેવા લક્ષ્મીજી	૮ - મહા ગૌરી
૯ - ભક્તિ રસ	૯ - શ્રદ્ધા ભક્તિ	૯ - સીદ્ધી દાત્રી

ખંડ	નવદ્રવ્ય
૧ – ભરત	૧ – વાયુ
૨ – ઐરાવત	૨ – આકાશ
૩ – કા પુરૂષ	૩ – અગ્નિ
૪ – ભદ્રાસા	૪ – જળ
૫ – કેતુમાલ	૫ – પૃથ્વી
૬ – હિરણ્ય	૬ – કાળ
૭ – હીરી	૭ – દીસા
૮ – કુરુ	૮ – આત્મા
૯ – રમ્યક	૯ – મનં

ચાર યુગનું વર્ણન

૧ ૨ ૩ ૪

કલ્કે જાયલા ફાયલ અરજલા ખલીફા

યુગ સતયુગ ત્રેહતાયુગ દ્વાપરયુગ કળીયુગ ફલંતરયુગ

ભક્તા પ્રહલાદ હરિશ્ચંદ્ર પાંડવ ગોર સહદેવ કમળાકુંવર

દાગ વનદાગ જળદાગ અગ્નિદાગ ભૂમીદાગ ભૂમીદાગ

દાન કુંજર અશ્વદાન ગૌદાન અજદાન અન્નદાન
દાન

વ્રત અગીયા- ચૌદશને અમાસને બીજને બીજને
રસને મંગળવાર સોમવાર શુક્રવાર શુક્રવાર
રવિવાર

ઘટ પાટ સોનું રૂપુ તાંબુ માટી પચરંગી

વેદ ઋગવેદ યજુર્વેદ સામવેદ અથર્વવેદ ઉપવેદ

કીતાબ તેરૂવત જૈબુર અજીર કુરાન ,,

આધ્ય બ્રહ્મા વશિષ્ટ વેદમ વ્યાસ નબી મહંમદ

ગુરૂ મહંમદ હનિફા

	૧	૨	૩	૪	
જાપ	નરસિંહ	રામચંદ્ર	કૃષ્ણ	નબી મહંમદ	નિષ્કલંકી નારાયણ
વર્ણ	બ્રાહ્મણ	ક્ષત્રીય	વૈશ્ય	શુદ્ર	
વાણી	પરા	પશ્યતી	મધ્યમા	વૈખરી	—
કામ	કાને	નેત્રે	નાસીકા	સુખમા	
દિશા	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ	
ખુણા	ઇશાન	અગ્નિ	નૈરૂત્ય	વાયવ્ય	
રંગ	લાલ	પીળો	કાળો	સફેદ	
બ્રહ્મા	ઇબ્રાહીમ	ઇસેરા-હીલ્લા	મુસે કરીમુલ્લા	મહંમદ રસુલ્લીલ્લા	અલી અલ્લા

દેવનાં વાહન

અ.નં.	નામ	વાહન	અ.નં.	નામ	વાહન
૧	વિષ્ણુ	ગરૂડ	૮	બુધ	સિંહ
૨	શીવ	નંદી	૯	શનિ	ગધેડો
૩	ઇંદ્ર	ઐરાવત	૧૦	કેતુ	કબુતર
૪	બ્રહ્મા	હંસ	૧૧	યમરાજા	પાડો
૫	દેવ	અશ્વ	૧૨	સૂર્ય	સપ્તમુખી-ઘોડો
૬	ચંદ્ર	કુકડો	૧૩	બ્રહસ્પતિ	હાથી પીળાં વસ્ત્ર
૭	મંગળ	અજ	૧૪	શુક્ર	

શ્રી બાવાજી સાહેબની મહેર હજો.

શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ

આઠીઆ સતપંથી (ધર્મી) ભાઇઓની ફરજ વિષે :—

આખી જીંદગીની ફરજ :—

૧. ધર્મી કરવાના કાંકણ બાંધવાના રૂા. ૫-૨૫.

૨ ભજન કરતાં બાળી સુરતદાદાનું રૂપ કેવું છે તે બાકરશાહા બાવાના જેવું, નેત્ર ફરકે છે. જમણે ગાલે લાખુ છે. તે જાણી ધ્યાનમાં રાખી ભજન કરવું બાવાજીનું ફરમાન છે.

૩. ભજન કરવુ તે આંખની પલકવાળી તેથી વધારે નાકની દાંડીથી આગળ નજર ન જવા દેવી.

૪. એકાગ્ર ચિત્તથી બાળી સુરતદાદાનું ધ્યાનમાં લાવી ભજન કરવું.

૫. મંત્ર ભજવા તે અજપા જાપનું નીમ રૂા. ૦-૫૦ ચોખાળવાથી જાપ ભણવાથી લાભ થાય છે.

૬. પંચેતનના જાપનું નીમ રૂા. ૫-૨૫ ચોખળાવીને જપવું

૭. વસમ કુંવારીના ભાગના રૂા. ૦-૫૦ મુકવા.

૮. કલમાના ગામ દીઠ રૂા. ૧-૨૫ અને માણસ દીઠ રૂા. ૦-૨૫ મુકવા.

૯. શેષનો રૂા. ૧-૨૫ મુકવો.

૧૦. ક્રોધ મટાડવાના રૂા. ૧-૨૫ મુકવા.

૧૧. પંચેતનના જાંપના ગામ દીઠ રૂા. ૧-૨૫ અને માણસ દીઠ રૂા. ૦-૨૫ મુકવા.

૧૨. કરીમા કરીમના જાપના ગામ દીઠ રૂા. ૧-૨૫ અને માણસ દીઠ ૦-૨૫ મુકવા.

સિરબંધી = શરબંધી = Shirbandhi

૧૩. શરબંધી :- (૧) ગરીબને કુચ થઈ બધું આપવું.
(૨) મિલ્કતની ચોથાઇ આપવી તેમાંથી અર્ધી રકમ ધામે ખચાર્ય અને અર્ધી રકમ બ્રહ્મભોજનમાં વાપરવા ધર્મીને જમાડવા.
(૩) સવાલ શરબંધીનો રૂા. ૨૫-૦૦ મુકવા
(૪) સવાલ શરબંધીનો પુરૂષ ૧૨-૫૦ સ્રીના ૬-૨૫ છોકરાના ૩-૧૨ મુકવા.
(૫) સવાલ શરબંધીનો પૈસા મુકવાના ના હોય તો દિવસ ૧૨ સુધી દરરોજ ૧૨૫ માળા દરૂદની કરવી.

૧૪. મહાદન :-

પુરૂષ રૂા. ૨૫-૦૦ સ્રીના ૧૨-૫૦ પૈસાદાર માણસના મુકવા.
પુરૂષ રૂા. ૧૫-૦૦ સ્રીના રૂા. ૧૦-૦૦ ગરીબ હોય તો મુકવા.
પુરૂષ રૂા. ૧૫-૦૦ સ્રીના રૂા. ૧૦-૦૦ બાર વર્ષથી ઉપરના મુકવા
નાના છોકરા હોય તો રૂા. ૨-૫૦ મુકવા.

ઉઠાંમણુ રૂા. ૫-૨૫ જરૂરથી મુકવા:

૧૫. પીરાણામાં રોજો કર્યો તેના ફાળામાં મુકવાના નીચે પ્રમાણે છે.
(૧) શહેરવાળાને રૂા. ૬૧-૦૦ મુકવાના છે.
(૨) આમદાવાળાને રૂા. ૫૧-૦૦ મુકવાના છે.

નહી આપે તો તેનું ઉઠામણુ નહી થાણુ એવુ બાવાજીએ લખ્યું છે.

શોજામાં ત્રીજો સવાલ :—

૧	શહેરવાળાના સાસરિયાના	૨૫–૦૦
૨	થોડુ દેવાવાળાના	૨૫–૦૦
૩	ગરીબ હોય તેના	૨–૫૦

તથા ગામડાવાળાના એક હળ હોય તો તેના રૂ. ૨૫–૦૦ અને અડધુ હળ હોય તો તેના રૂ. ૧૨–૫ જરૂર મુકવા. બાવાજીનું ફરમાન છે.

૧૬ પીરાણામાં ભંડાર કર્યો તેના ફાળામાં રૂા. ૨૫–૦૦ તથા રૂા ૨૦–૦૦ તથા ૧૫+૧૦ છેવટે ગરીબના રૂા.૫–૦૦ મુકવા

૧૭ ઇકોતેરના કામ વળાવવાના રૂા. ૭–૫૦ કુલ જોડાના રૂા. ૧૬–૦૦ લગ્ન વખતે જ લેવા જોઇએ.

ઇકોતેરનું કામ દરેક ધર્મીએ પોતાના હાથે જ વળાવવું જોઇએ, ધર્મી થયા ત્યારથી પોતાના ઇકોતેર ત્યાં વાટ જુએ છે. માટે તુરત જ વળાવવું જોઇએ. જેથી તેમને જગ્યા મળી જાય ના વળાવે ત્યાં સુધી તેમને પરાણે ઉભા રાખેલ છે. માટે ઇકોતેરનું કામ દરેક ધર્મીભાઈએ અને બહેનોએ તુરત જ પોતાના હાથે વળાવવું ૭૧૦૦ માળા કરવી.

૧૮ ઉઠાસનમાં માળા કરવાની વીધી :— (બોતેર ટોળમાંથી) ૪૫ માળા કરવી - ઉઠાસણુ ૨૫, પ્રસાદી–૫, તેલ–૫ અબીલ–૫, કેશર–૫.

બ્રહ્મા પાટ મંડાવનાર ૧૨૫+૨૦ = ૧૪૫ માળા કરવી
થાળધારી થાળે બેસનાર ૫૧+૨૦ = ૭૧ „ „
ગંજનું ઉઠાસણુ વળાવનારને ૧૨૫+૨૦ = ૧૪૫ માળા કરવાની છે.

દેવધારી દેવે બેસનાર ૧૦૧ + ૨૦ = ૧૨૧ માળા કરવી.

૧૯. ઉઠાસણુ વળાવવાનું હોય તો તેના ગુના પ્રમાણે ફી મુકવી જોઇએ. અને કરેલા ગુના ગત ગંગા એટલે દેવસભામાં જાહેર કરીને કહેવા અને માફ કરવવા.

૨૦. કળયુગમાં ભૂમીદાગનો વારો હોવાથી ધર્મીએ ભૂમીદાગ કરવો એટલે ભૂમીમાં દફન ક્રિયા કરવી.

દર વર્ષની ફરજ

૧ દસુંદ આપવી તે કમાઇનો દસમો ભાગ આપવો.

૨ મરણ, લગ્ન તથા ન્યાતના ખર્ચની તથા દેવાની પણ દસુંદ આપવી જેથી બાવાજી બરકત આપે.

૩ બ્રહ્માની દસુંદ કમાઇનો સેંકડે ૧–૫૦.

૪ વીમો :- કમાઈ સેંકડે ૧–૨૫ આપવાથી નુકશાન થાય નહી. પાણી તાણે નહી. દામ દેવાળે ના પાડે, ધાડે ના જાય, અગ્નિ બાળે નહી, એવું બાવાજીનું વચન છે. છતાં જો નુકશાન થાય તો સવા લાખમાં એકે સવા લાખનું દાન તરીકે જમા મુકવાથી સવા લાખના રાજ વખતે આપશે.

૫ ભોજનદાન :- પુરૂષ રૂા. ૧ સ્ત્રીના રૂા. ૦–૫૦ દરરોજ ભોજનદાનની ૨૫ માળા કરવી.

૬ સવંત્સરી :- ૧. પરમ પૂ. બાકરશાહા બાવાના ગલેફમા જીલ્કાદ–૩ રૂા રૈ–૦૦ આપવા ફરજીયાત છે. તથા ગરીબ, જમીન ના હોય અને મજુરીથી ચાલતુ હોય તેણે રૂા. ૧–૦૦ આપવો.

૭ પરમ પૂજ્ય શાહજી બાવાનો સંદલ ૨૧ સાબાન ચાંપાનેર

૮ પરમ પૂજ્ય શરીફ બાવાનો સંદલ તા ૨૯ રજબ પીરાણા

૯ પરમ પૂજ્ય બુદરદીન બાવાનો સંદલ તા ૬ જમાઉદ્દીલ આખર પીરાણા,

૧૦ પરમ પૂજ્ય દયાળજી કાકાનો સંદલ તા. ૧ સવાલ માસ
વીરોદ.
આ દરેક (સંવત્સરીમાં) રકમ આપવી તે ઉપરાંત સંપત
હોય તો ગતને જમાડવી. તેનાથી ઘણોજ લાભ છે:

૧૧ પ. પૂજ્ય બાળકશાહા બાવાંની જન્મ જયંતિ જરોદ
જેઠ વદ-૧૨ માં જરૂર જવું અને ઉજવણું કરવું.

૧૨ બકરી ઇદ :- સવા પહોરનું વ્રત કરવું, ત્યાં સુધી ઇબાદત
(ભજન) કરવું. પછી સવા પહોર દહાડે પુજા કરવી
દેવમાં જવું. અને મધની પુજામાં જવું. દરેક જણે
આના પ્રમાણે પૈસા આપવા જેથી જાણે અજાણે મરેલા
જીવની મુક્તિ થાય અને માફી થાય. તથા વરસ દિવસમાં
કરેલા ગુના માફ થાય.

૧૩ મહોરમની કથા :- દસ દિવસ સુધી તેમાં ખાસ જવું
અને સંભાળવું. ગમે તેવું કામ મુકી દસ દિવસ સાંભળી
દીલગીર થવાથી વરસ દિવસમાં ગુના થયેલાની માફી થાય

૧૪ અષાઢી પાંચમનો યજ્ઞ :- મેળો જ્યાં થતો હોય ત્યાં
અવશ્ય જવું. અને ફાળો જરૂર આપવો. પુરૂષના ચા
આના સ્ત્રીના અઢી આના અને બાળકોના સવા આનો
ઓછામાં ઓછો એ પ્રમાણે અષાઢી યજ્ઞમાં પહોંચાડવા

૧૫ ત્રેલા :- શુક્રવારી બીજ હોય તો આગળના શનીવારથી
ઉપવાસ વ્રત કરવું. અને દરરોજ ૨૫ માળા ચઢત
કરવી. એટલે સાત દિવસે ૧૭૫ માળા થાય. અને ત્રણ
દિવસનું ત્રેલુ કરે તેને બુધવારે જીરાની અડધી ફાડ લેવી
ગુરૂવારે અડધી ખારેક લેવી. અને શુક્રવારે રૂા. ૦-૫
મુકી મહેર માગવી (શનીવારે ગત જમાડવી)

૧૬ સોમવતી અમાસ :– ના દિવસે ૩૭ ફેરા ફરવાના જે મળે તે દરેક ફેરાએ મુકવું. નુર, ચોપડી વિગેરે મુકી ફેરા ફરવા.

૧૭ રજબ માસ :– વ્રત કરવાં. અને વ્રત સામા જવું અને આખો માસ વ્રત કરવાં. અને જો તબીયત સારી ના હોય તો અને આખો માસ વ્રત ના થાય તો તેણે છુટાં વ્રત કરવાં તે તા. ૧–૧૪–૧૭–૨૧–૨૪–૨૬–૨૭–૨૮ ૨૯–૩૦ એમ છુટાં વ્રત કરવાં એક માળાએ શરદો કરી ૩૯ શરદા કરવા દરરોજ ગરીબને જમાડવા ધર્મીને રજબ માસ અને શેખ પ્રગટીને રજબ-રમજાન માસના વ્રત કરવાં અને છેલ્લે દિસસે રૂા. ૦-૫૦ મુકી પાવળ પીવું વ્રત પુરૂ થયે ઉજવણું કરવું. અને સંપત હોય તો ગત જમાડવી.

૧૮ કારતક સુદ ૫ લાભ પાંચમની ઉજાણી કરવી સાતમો ભાગ કાઢવો. જે જોગણીઓનો ભાગ. ગામ દીઠ રૂા. ૧-૨૫ મહેર માગવી.

૧૯ માગસર સુદ ૫ :– દહીં રોટલાની ઉજાણી કરવી મહેર માગવી અને ભાગ કાઢવા.

૨૦ યજ્ઞ :– દીવાળી ચૈત્ર સુદ ૧૫ અને હોળીના જગનમાં રૂા. ૧–૨૫ મુકી ગામ દીઠ મહેર માગવી.

૨૧ પિતૃરૂણ :– શ્રાધ્ધ પક્ષ માણસ દીઠ ૨ પૈસા ભાર પ્રસાદી ગણી શ્રાધ્ધ પક્ષમાં આપવી. મહીને આદુ શાકનો એક આના લેખે આપવો. અને રૂા. ૦–૫૦ મુકી નુર પીવું.

૨૨ વર્ષ દિવસે એક વખત હીરમપુર દર્શને જવું.

૨૩ આસો સુદ ૫ :– ઘી, ખીચડીની ઉજાણી, મેઘની ઉજાણી પુજામાં ઘી, ખીચડી કરવી. ૧–૨૫ મહેર માગવી ઘર દીઠ સીધુ આપવું. અને ઘર દીઠ રૂા. ૦–૫૦ મહેર કાઢવી.

૨૪ આસો સુદ ૧૫ પોઆ પુનમ (શરદ પુનમ) મધે પુજા કરી પોઆને દુધ પુજામાં ધરાવવું. રૂા. ૧-૨૫ મહેર માગવી,

દર માસની ફરજ

૧ દર માસની સુદ બીજનું વ્રત (ઉપવાસ) કરવા.

૨ દર માસના મોટા સોમવારે પુજા થાય તો સારૂ. નાદેઅક્ષી ૧૨૫ વખત ભણવી નહીં તો દરૂદ ભણવું.

૩ દર માસના મોટા શુક્રવારે મધે પુજા કરવી. સવા રૂપિયો મહેર માગવી. અડધા દિવસનું વ્રત કરવું.

દર અઠવાડીયાની ફરજ

૧ દર શુક્રવારે અડધા દિવસનું વ્રત કરવું. અને મધ્યાને પુજા કરવી. સવા રૂપિયો મહેર માગવી. પુજા થતાં પહેલા ૧૨૫ માળા ચાલુ જાપની કરવી. વ્રત અડધા દિવસનું ખાધા પીધા વગર ચહા પાણી પીધા વગર કરવું. અને વ્રતના દિવસે સ્ત્રી સંગ ના કરવો.

૨ દર શુક્રવારે વ્રત કરી છ વખત માળા કરવાથી અઠવાડીયાની માળા મજરે ગણાય છે માટે જરૂરથી કરવું. અને સવારમાં પુજા થાય નહીં.

ગુરૂવારે મધથી શુક્રવાર બપોર સુધીનું વ્રત કરવું.

દરરોજની ફરજ

૧ દરરોજ સવારમાં વહેલા ઉઠી નાહી ધોઈ પરવારવું. અને સવારમાં પ્રભાતની પાંચ માળા કરવી પછી દર્શનની ૧૨ માળા કરવી. પછીથી દેવ દર્શન માટે જવું. ત્યાં પાક પવિત્ર થઈ શુદ્ધ ચોખ્ખાં કપડાં દરરોજ ધોએલા પહેરીને જવું પુજામાં દર્શનનાં પૈસા મુકવા. વગર પૈસા મુકે ખાલી

હાથેં દર્શન કરવા નહીં. અને દરરોજ એક પૈસો મુકવો. ગુરૂવારે બે પૈસાની ફરજ, દરરોજની દેવપુજાની પ્રસાદી માટે પાશેર લોટ તેમાં આશરે ઘી, ગોળ, શાક, આદુ આપવું. અને બે ગાઉ સુધી દેવપુજામાં જવું. દેવ પુજા ના થાય. તો દરરોજ (પાવળ) નુર જરૂરથી લેવું. બાવાજીએ કહ્યું છે કે "(અમી પીધાની નીશાની નહી લો દહાડી, તો સર્વ પક્ષમાંથી મહેલશે કાઢી.)"

માટે દરરોજ અમી એટલે નુર જરૂરથી પીવું.

દરરોજ છ. વખતનું માળા ભજન કરવું. સવારે ૫+૪ બપોરે ૧૨+૧૧ ત્રીજા પહોરની ૧૩+૮ સંધ્યાકાળ ૧૧+૧૧ ચાર ઘડી રાત્રે ૯+૧૭ અને મધ્યરાત્રે ૧૦+૫ એમ ચાલુ જાપ અને પંચેતનની માળા કરવી. તે ઉપરાંત મધ્ય રાતે પંચેતનની ૧૦ માળા વધારાની ફરમાવી છે. તે કરવી. દેવ સેવામાં દર્શન કર્યા પછીથી (છાંટ લીધા પછી) પુજા પ્રસાદી લીધા પછી મેળો લીધા પછી ૫ માળા ચાલુ જાપની કરવી પછી ઉભા થઈ ૩૦ માળા સુભાન અલ્લાના જાપની કરવી પછી પાંચ માળા કરીમા કરીમની કરવી. પછીથી ૧૨૫ ફેરા કલમો ભણવો. અને શરદો કરવો પછીથી દરેક જાપની પાંચ માળા દરરોજ કરવી. પાકા જમણની ૧૨૫ માળા કરવી. ભાત દાળની ૨૫ માળા કરવી પાણી દનીના હાથનું પીધું હોય તો ખાધા લાહી ઉતરાવી. ધર્મી મર્યાનું સાંભળે તો ૧૦ માળા કરવી. કાંણે જાય તો ૨૫ માળા કરવી, ધર્મીએ સવારમાં વહેલા દેવે આવવું. વહાણના દર્શન કરે તો જ હાજરી પ્રસાદી લેવી. દરરોજ પાંચ જ્ઞાન બોલવાં છ વખતની માળા બાકી હોય તો મધ સુધીમાં પુરી કરવી.

દેવમાં પુરૂષે ૪/૫ અને સ્ત્રીએ ૫/૬ કપડાં પુરાં પહેરી આવવું. કપડાં સારાં પહેરવા ફાટેલા તુટેલાં વસ્ત્ર પહેરવાં અને કોટે ફાળીયા નાખી દેવના દર્શન મા આવવું. સ્ત્રીએ માથાનો અંબોડો વાળી દેવે આવવું નહીં. કારણ કે તે સ્ત્રીને વૈશ્યાના જેટલો ગુનો લખ્યો છે. માટે અંબોડો વાળવો નહિ.

હાથની ટચલી આંગળીની જોડેની આંગળીએથી ચંદન અરચા પુજા કરવી. બાવાજીનો દસુંદ દેવ પુજાનો ગોલખનો પૈસો ખાવો નહિં. દેવ પુજામાં દરરોજ જુદી જુદી રસોઇ કરી બાવાજીને જમાડવા.

૧. શુક્રવારે – શીરો પુરી
૨. શનીવારે – મલીદા લાડુ
૩. રવિવારે – દુધ ભાત
૪. સોમવારે – કંસાર
૫. મંગળવારે – દાળ ભાત
૬. બુધવારે – ખાંડ રોટી
૭. ગુરૂવારે – ખીર ખાંડ

દરેક જાતની ભોજનની રસોઇ કરવી પંચામૃત ભોજન.

મેળામાં જનારે લેવાની ટેક

(૧) ચાર ઘડી રાત્રે ઉઠવું. નાહીને દેવ દર્શને જવું. બનતી મદદ કરવી, દસ અવતારનાં નામ લેવાં છ વખતની માળા કરવી.

(૨) વખતે ભજન થાય તો લાભ, ના બને તો સવાર સાંજ મળીને બધી જ માળા પુરી કરવી. દેવું પુરૂ થાય લાભ મળે નહિ.

(૩) દેવ પુંજામાં દરરોજ જવું. હેજી દેવ દર્શન વીરા જેણે ના કીધાં. તેણે શું જોઇ નુર જ પીધાં (૧) દેવ વિનાના રહેશો, પછી અમને ના કહેશો. (૨) માટે દરરોજ દેવપુજામાં જવું. અને બાવાજીએ કહયું છે કે અમીની નિશાની નહી લો દહાડી તેને સર્વ પક્ષમાંથી મહેલશે કાઢી.

(૪) વારામાં વ્રત કરવાં જેવાં કે બીજ મોટો શુક્રવાર મોટો સોમવાર દર શુક્રવારના દિવસે બપોર સુધીનું વ્રત કરી પુજામાં જવું અને પુજા ના મળે તો ચરણામૃત લેવું. વ્રત રજબ માસ કરવો. વ્રતના શરદાની ૩૯ માળા પગે લાગી કરવી.

(૫) દરરોજ પાંચ જ્ઞાન બોલવાં અગર વાંચવા.

(૬) મુન થઈ માળા રે કરીએ અવર કંઇ દલના ધરીએ.

(૭) કરી લો કમાઇ વીરા જાવું છે આજે. જવું છે આજે. તો કરી લો જીવનના કાજજી.

(૮) સુતાં બેઠાં સ્મરણ કરીએ. જાગતાં સમરો હરિ, દેવનું દેવું ઘડીએ નવ રાખો. જો સમજણ હોય પુરી. સો ગીરધારી કે ચરણ કમળ પર બાર...

(૯) કઠણ વચન કોઇકુ નવ કહેના, જો ચાહે અમરાપુરી.

(૧૦) સર્વે જ્ઞાની જન જે. પર દુઃખ જાણે રે તે, સાધુ જન જાણજો.

(૧૧) ધર્મ ધીરજ શું પાળીએ, અવરના કરીએ ઉપાદ ઓછું જો આણીએ તો, તે દુનિયા કેરા સ્વાદ, જાણી જોઈ ના ભુલીએ. ધાડ આવી ધર્મ થકી, એવું વિચારે મન.

તે જો લાખ વાર દેવ લે, તે કદી ના થાય પાવન, જાણ
જોઇ ના ભુલશો.
ફરી ફરી કહું છું રે વિનવી, જે થાશે બેરે ઇમાન.
તેના હાલ તો ત્યાં થાશે, નહીં કોઇ બીજા જમાન, જાણ
જોઇ ના ભુલશો.

૧૨ તમે જાણો જે ભક્તિ સહેલમાં કરીએ સહી, પણ જે
તેમ લોચા વાળશો તો અમર પહોંચો નહિ.

૧૩ આઠ દિન એક શુક્રવાર કરવાની વાત.
સવાસો માળા કરશો તો સરસે કાજ.
શુક્રવારે સુતા નહીં લગારજો જપ તપ કરી હરિ
રીઝવો રે લોલ.
તેને અમે નિશ્ચય તારૂ આજ જો, મધની માળા તરે
મન ધરો રે લોલ.
જો સારી રીતે દેવ કરો તો સાર જો, પ્રસાદી રાંધો
પુરણ પ્રેમ શું રે લોલ.

૧૪ માળા કરજો મોહ ધરીને, સવાસો તસબી તે સમે.
સવા રૂપિયો પુજા દેજો, ગામ દીઠ આગુ તમ કને.
સૌ મળી તમે ભજન કરજો = આવીઅંગનને વારીએ
જકરે પાણી સીંચીએ તો = અગ્નિ ટાઢી પાડીએ

૧૫ નિત્ય શુક્રવારે સહુ મેળા મળજો રે, સવાસો માળાનું
ફરમાન તે દાન કરજો રે સવા રૂપિયો, પુજા ગામ દી
કરજો રે.

૧૬ માળા કરો તમે બીજલસે મળી, બીજલસે મળી તે
શુક્રવારની સહાયનાજી મધ્યાને માળા કરી પરવારે
કરી પરવારો = તો દેવ જુગતે કરીને જમાડોજી.

(૭) સહાયના શુક્રવારની શર પર લીધી – તો માળા તેણે સવા સો કીધી, – ભીતદઇએતુ.

બપોર પહેલી કરો થાઓ હજુર, તો દો દેવનાં દર્શન કરો. – ભીતદઇએતુ.

માળા કર્યા વિના દેવ કેમ કરી ફળશે, તો જીવનાં કારજ કેમ શરશે, ભીતદઇએતુ.

(૮) એક માસમાં એક દન કહીએ, પહેલો શુક્રવાર નિર્ધાર મેળે મળજો મધ નીશાએ. માસ એકે કહીએ તેહ,

૧૯) નામ તમારાં ત્યાં લખાશે – કળીયુગ કેરા કાકારે જરુર માંડા છે જોવા ત્યાં જઇએ જી ૧ – દેવ સર્વે જોવા આવે – કોણ કોણ દેવની સાથ રે – તો અનંત આગળના તે તો આવશે જી – ૨ – તે માટે તમે મેળા મળજો – શુક્રવારના દન રે – સૌની ફરીયાદી પોતે સાંભળે જી – ૩ – આઠે દહાડે મેળા મળજો – સૌને છે ફરમાન રે – જુગત કરીને જાળાં તોડજો જી – ૪ –

૨૦) એ સહાયના છે અમતણીને – જે કોઇ કરશે દલ ધરી – નિત્ય શુક્રવારે તમે કરજો – દુઃખ નહીં આવે ફરી ફરી

ટેક

(૧) સવારમાં સૂર્ય ઉગતા પહેલાં ઉઠવું અને નહાવું.

(૨) શંખે (પેસાબ) માટી કે પાણી લેવું ને ત્રણ કોગળા કરવા.

(૩) જંગલ ગયા પછી ગુદા સાફ કરવા ત્રણ વખત માટી લેવી અને હાથ પગ ધોવા અને સાત કોગળા કરવા.

(૪) ગુસલ કરી તરતજ નહાવું. (થુંક ગળાય નહિ) તે માટી લઇ ઇન્દ્રી સાફ કરવી, દવા ભણવી નહાતાં પાણીના છાંટો ઉડવા દેવો નહી, એક વાળ પણ કોરો રહેવા ના દેવો, અને ૧૦ માળા કરવી.

(૫) નાહીને પાંચ કોગળા કરવા અને દસ માળા કરવી.

(૬) સૂર્ય ઉગતા પહેલાં દાતણ કરીને નાહી લેવું, પછી કરે તો મહા પાપ લાગે.

(૭) નાહીને પાંચ કોગળા કરી દસ અવતારનાં નામ લેવા.

(૮) દર માસની બીજ વ્રત જરૂરથી કરવું,

(૯) દર માસના ગુરૂવારે ઉપવાસ કરવો. ૩૯ શરદાની માળા કરવી.

(૧૦) દર માસના મોટા સોમવારે ૧૨૫ નામ નાદે અલીના લેવાં – ના આવડે તો દરૂદનાં નામ પઢી લેવાં.

(૧૧) દર શુક્રવારે બપોર સુધી વ્રત કરવું, અને બપોરે પુજા પહેલાં ૧૨૫ માળા કરવી પછી દેવ પુજામાં જવું અને જો પુજા ના થાય તો ચરણામૃત લઇને શુક્રવારે બપોરનું વ્રત ખોલવું. વારાનું વ્રત શુક્રવાર છે. (મોટામાં મોટુ વ્રત છે) શુક્રવારે છ વખતનું માળા ભજન જરૂર કરવું. કારણ કે બાવાજીએ કહેલ છે કે એક અઠવાડીયામાં જો ભજન માળા બાકી રહી હોય તો જો શુક્રવારે છ વખત પુરી સાચવે તો આઠ દિવસનું ભજન પુરૂ લખાશે.

(૧૨) મંદિરમાં જઇને ગમે તે એક કામ જરૂરથી કરવું.

જેવાં કે કુટ અને શ્રીફળ-કેશર-પુજો વાળવો - વાસણ ઉપાડવાં-શાસ્ત્ર બોલવાં પાણી ભરવું, વિગેરે.

૧૩) દેવ પુજામાં જતાં પહેલાં ૧૨ માળા કરવી ૫ માળા વખતની કરવી પછીથી દેવ પુજાનું કામ કરવું.

૧૪) દેવ પુજામાં મંદિરમાં આવ્યા પછીથી જેમ બને તેમ મૌન પાળવું.

૧૫) વખતે દેવ જમાડો નહિ તો ખાલી પાખંડ જાણો.

૧૬) વખતે દેવ જમાડો ત્યારે, લહાણુ જ લેશો રે - વીરા લહાણુ જ લેશો રે - નહી તો ખાલી પાખંડ જ જાણો જી.

૧૭) દેવ પુજાની રસોઇ કરનારે બોલવું નહિ, જરૂર પડે તો ધીરેથી બોલવું. અને બુકાની બાંધી રસોઇ કરવી. દરરોજ જુદી જુદી દરેક દિવસે રસોઈ કરવી.

૧૮) દેવ પુજામાં જો વહાણના દર્શન થાય નહીં તો તેણે હાજરી પ્રસાદી લેવી નહિ,

૧૯) નિષ્કામ ભક્તિ કરો જેવાં કે દાન, ભજન, સ્મરણ,

૨૦) છ વખતનું ભજન કરવું ન બને તો સવાર સાંજે પુરૂ કરવું પંચેતનની માળા જરૂર કરવી.

૨૧) અલ્લી નામથી અસંખ્ય ગુના હોય તો એક પલકમાં સાફ થાય

૨૨) દેવ પુજામાં દરરોજ ધોએલાં કપડાં પહેરવાં.

૨૩) ક્રોધ આવે તો સબોળ નહાવું.

૨૪) પ્રથમ હૃદય ધોઇ નિર્મળ કરવું. બીજી ક્રિયા નિત્ય નાહીને જમવું, અન્ન તેવા ઓડકાર. આચાર તેવા વિચાર ખરી પાળો તો દવા ગુણ લાગે. તેવી રીતે આત્માગમન

મીટાવવા માટે ક્રિયા આચાર પાળો તો લક્ષચોર્યાસીનો ફેરો મટે.

(૨૫) સ્વપ્નાં લાહી થાય તો નીમ ચોખાળવું.

(૨૬) બીજ ગુરૂવાર-શુક્રવાર-રજબ-રમંજાન વ્રત માસ-છેલ્લે મહોરમના ૧૦ દિવસ, બાપનું શ્રાદ્ધ-સંદલના દિવસે સ્ત્રી સંગ કરવો નહિ.

(૨૭) ખાધા લાહી ૧ પૈસો મુકી ઉતારવી ૧૧ માળા કરવી ચરણામૃત લેવું.

(૨૮) પરસ્ત્રી સંગ કરવો નહિ, પરસ્ત્રીનું ગવન ના કરવું કુડું, કુડી નજરે ના જોવું ભુંડુ, કોઇ કોઇની નિંદા ન કરશો - ગતમાં આવી કરો છે જંદા.

(૨૯) વડીલોનું માનવું, મોટાઈ મનથી ગર્વ ના કરશો, વડ લહોડાની અદબે રહેજો. વડા તણા બે અવગુણ સહેજો

(૩૦) હળવે પેટે હાંસજ થાશે, જાગતાં જીતશો સતગોરની સાથે

(૩૧) લાલચ લોભ ના કરજો ભાઈ-માતા કહી બોલાવજો વડી ભોજાઇ પુત્રી કરી જાણજો નાની ભોજાઇ.

(૩૨) પડોશીને ના કરશો દુઃખી.

(૩૩) સાચ જુઠનો ના કરશો વાદ-જુઆ જુગટીનો ના કરશો સ્વાદ.

(૩૪) સુમતે તો મારૂ રે થાશે - કર્યું શુકરીત એળે જાશે જી

(૩૫) દયા પાળવી દલસુ જાણી, સુપાત્રને દાન દેવું પ્રમાણી

(૩૬) આપણાથી જે વડો હોય તેમને બોલાવજો ભાઇ કહી મીઠા વચને વીરા, તો તમ સુખે ઝળકે હીરા.

૩૭) વખાણવું પણ વખોડવું નહિ.

૩૮) જાણી અજાણી ના દીજે ગવાઇ.

૩૯) ધનનું વ્યાજ ખાય તેનો ના લેવો અહાર (અન્ન)

૪૦) અભ્યાગત આવે તેને સંતોષવો સહી, ભૂખ્યાને અન્ન આપવું જાણી – તરસ્યાને તો પાવું પાણી – નાગાને વસ્ત્ર આપી અર્થજ લેવો – સગા સંસારનો ઘસારો સહેવો.

૪૧) મુખી સાથે ના કરશો દાવો. દાવો કીજે દુનિયાને ભાવે આવે દરિદ્રને દેવના પાવો.

૪૨) અધર્મી ઉણીયા આચારી જાણ્યું અજાણ્યું દેખાડે પીછાણી.

૪૩) સુતક લાહી ભર્યા જો રહે – ઉપજે હાણ અને બહુ દુઃખ સહેશો.

૪૪) મેદાન જઇ પાંચ આચમન કીજે – માટી લઇને ધોઇએ હાથ નાહી કરી નિશ્ચય થાવો પાક.

૪૫) અનગળ પાણી પીવું ના જાણી – વખત વેળા ના ચુકવું પ્રાણી અમર થઇએ તે જપીએ જાપ – વણ પુછે ખાધે છે પાપ. હીંગ તમાકુ ના ખાશો કોઇ – અમલ અહંકાર તજે જે નર સોહી પહાણ પાસાણની પુજા ના કરવી – સ્ત્રી આગળ ગુંજની વાત ન કરવી.

સત્યથી બાળકોને (વિદ્યાર્થીઓને) બોધ શિખામણ.

૧ વહેલા પરોઢીએ ઉઠીને ઇશ્વરનું સ્મરણ કરવું.
૨ વહેલું સવારે ઉઠીને ભણવું.
૩ વિદ્યા વહેલી આવડે.
૪ વિદ્યામાં ચીત્ત લગાડયા વિના આવડે નહિ.
૫ ભણતાં ભણતાં રમતમાં ચીત્ત ઘાલવું નહિ.
૬ વિદ્યા વિના ડહાપણ નથી
૭ ડહાપણ વિના પ્રતિષ્ઠા નથી.
૮ લોકોમાં પ્રતિષ્ઠા નથી તેનું જીવતર ફોગટ છે.
૯ વિદ્યા વંતની ગરજ સર્વને પડે છે.
૧૦. માટે જે છોકરો ભણવાનો અભ્યાસ રાખે છે તેની ઉપ[ર] સર્વ લોક હેત કરે છે કે આ છોકરો કેવો છે.
૧૧ એમ જોઇને અચરજ થાય છે.
૧૨ ઘેર રહીએ તો મા-બાપની આજ્ઞાથી ચાલવું.
૧૩ સોળ વર્ષની વય થાય ત્યાં સુધી છોકરાએ પોતાન[ી] બુદ્ધિએ ચાલવું નહિ,
૧૪ નિશાળે જઇએ તો મહેતાજીની આજ્ઞાએ ચાલવું.
૧૫ બાળપણે જે વિદ્યા આવડે તે મોટપણે આવડે નહિ માટે બાળપણ રમતમાં જવા દેવું નહિ.
૧૬ સારા થવામાં જે ગુણ બાળપણથી ચોટે તે પછી જીવ[ત] સુધી છુટે નહિ.
૧૭ કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ નમે. ને કઠણ થયા પછી વાળવું વળે નહિ. એ રીતે માણસની બુદ્ધિ મોટપણ[ે] જડ થાય છે.
૧૮ મા-બાપ અથવા ગુરૂ પોતાના ગણીને જે કંઇ કા[મ] કીધુ હોય તે કરવું. આના કાની કરવી નહિ.

૧૯ આપણે છેક બાળક હતા ત્યારે મા-બાપે આપણું રક્ષણ કર્યું.

૨૦ મા-બાપ કહેશે જે આપણા ભલા સારૂ કંઈ કહેશે.

૨૧ મા-બાપ કહેશે જે મહેતાજીની આજ્ઞાથી ચાલજો તેમ ચાલવું તેમાં આપણા કલ્યાણની વાત છે.

૨૨ મા-બાપ કહેશે ઉછાંછળા છોકરાંની સંગત કરશો નહી. તે સાંભળવું, તેમા આપણા સારાની વાત છે.

૨૩ મા-બાપ જે ફલાણું કામ કરજે તે કરવું તેમાં આપણું સારૂ છે.

૨૪ વિદ્યા ભણાવનાર તથા અન્ન આપનાર તથા ભયથી બચાવનાર તે ત્રણ આપણું ભલુ કરનારા તેને બાપ પ્રમાણે જાણવો તે જે કહે તે સાંભળવું.

૨૫ નિશાળે જવાની વેળા ચુકવી નહિ નીત જતા રહેવું.

૨૬ નિશાળે જઇને બેસવાની જગ્યા સારૂ છોકરા સાથે ટંટો કરીને વેળા ગાળવી નહી એક વાર વેળા વીતી તે ફરી આવે નહી.

૨૭ નિશાળમાના છોકરા સાથે રમત કરીને વેળા વહી જવા દેવી નહી.

૨૮ સઘળાં છોકરાં કરતા હું મારો પાઠ વહેલો શીખીશ એવો મુમત રાખવો.

૨૯ મહેતાજી પાઠો ભણાવે તેથી ચીત્ત રાખવું.

૩૦ જે છોકરો નિશાળે જઇને વધારે શીખતો નથી તેની બરાબરના છોકરાં તેને પાછળ પાડીને હસે છે. એ વિટામણા બીજુ નહિ.

૩૧ વિદ્યા ભણાવાનું લક્ષણ શાસ્ત્રમાં કહેલું.

૩૨ જે પાઠ લીધા હોય તે ગોખીને પોતાના જોડીયા[ન] આગળ ભણીને દેખાડવા અને અર્થ કરીને જોવો.

૩૩ અને આઠે પહોર પોતાના પાઠ કરવામાં ઉતાવળ કર[વી] નહી.

૩૪ થોડે થોડે શીખીએ તો વીસરી જાય નહિ.

૩૫ છોકરાં વાટમાં નિશાળે જતાં રમતીયાળ છોકરાં રમ[વા] બોલાવે પણ રમવાનું મન થાય પણ રમવા જવું નહિ.

૩૬ શા માટે અરંભેલું કામ પુરૂ ના કરીએ તો કરે[લ] મહેનત ફોગટ જાય. અને વળી હસે લોક.

૩૭ જેને ચાર લોકોમાં શાંણો કહે છે. તેની મિત્રાઇ સંગ[ત] કરવી.

૩૮ જેને અનેક પ્રકારનાં વ્યસનો છે તેની જોડે ઉભા રહે[વું] નહિ. કાંઈ આપણુને બગાડ થાય.

૩૯ કોઇની નિંદા કરવી નહિ.

૪૦ કોઇની ચાડી ચુગલી કરવી નહિ.

૪૧ નમ્રતા રાખવી – ગર્વ કરવો નહિ.

૪૨ સારા મિત્રથી બગાડ કરવો નહિ.

૪૩ બીજાનું સારૂ લુંગડું ઘરેણું જોઈને મા –. બાપ પા[સે] હઠ કરીને માગવું નહિ.

૪૪ શું કરે જે તેનું ઘણું જ હોય તે કયાંથી લાવી આપે માટે આપણુને ઇશ્વરે આપ્યું હોય તેટલેથી સંતો[ષ] રાખવો.

૪૫ સંતોષ વિના કશાથી સુખ થતું નથી.

૪૬ ભોરાના ટોળામાં બેસવું નાહ.

૪૭ જુગાર તથા રાંડ બાજીના વ્યસનથી ચોરીનું વ્યસન લાગે.
૪૮ ચોરી કરતાં જીવ મુંએ પોતાની સાત પેઢીને ખોટ લાગે.
૪૯ જુગારના પૈસાથી કોઈ આજ સુધી સુખીઓ થયો નથી.
૫૦ જુગારના લીધે કેટલાક દરિદ્ર થઈ ગયા કેટલાયે જીવ ખોયા કેટલાય ફાંસીએ ગયા.
૫૧ હસતા હસતા બોલવું નહી.
૫૨ બોલતા બોલતા જવું નહીં.
૫૩ નિર્ભયપણેથી બોલવું.
૫૪ અભિમાન બોલ બોલવા નહી.
૫૫ જેને જેવી આજ્ઞા તે પ્રમાણે તે સાથે વાત કરવી.
૫૬ આપણાથી મોટા સાથે આધિન થઇ નમ્રતાથી બોલવું.
૫૭ આપણા બરોબરીયા સાથે હળી મળીને બોલવું.
૫૮ આપણાથી નાના સા[illegible]કામ તેટલું બોલવું.
૫૯ આપણી પ્રાપ્તિ હોય તે વિચારીને ઓછો ખર્ચ કરવો.
૬૦ આપણી પ્રાપ્તિ કરતાં ખર્ચ વધારે કરીએ તો બજારમાં દેવું થાય.
૬૧ જે દેવું કરીને ખર્ચ કરે છે તે છેલ્લે વારે પસ્તાય છે. અને દેવા વાળાનો વાયદો વિત્યો એટલે કોઇ વેળાએ રસ્તામાં આબરૂ લે.
૬૨ સારા કામથી પૈસો મેળવો તેને સારા કામ વિના ખર્ચવો નહિ.
૬૩ દ્રવ્યનો સાર કોઇને પર ઉપકાર કરે છે.
૬૪ ભુંડા કામથી દ્રવ્ય મલે નહિ. કોઈના ભુંડા કામનું પાપ આપણને એકલાને લાગે.
૬૫ પૈસો સર્વ લોક ભોગવે.

૬૬ હું તારૂ કામ કરીશ એમ કહીને વિશ્વાસ દેવો નહિ.

૬૭ વિશ્વાસ આપીએ તો કામ કરવું, ચુકવું નહિ,

૬૮ વિશ્વાસ આપીને ઘાત કરવો એ સમાન બીજુ પાપ નથ

૬૯ બોલે એક અને કરે તે બીજુ માણસ ખરૂ બોલે પ તોય લોક માને નહિ.

૭૦ તે માણસ ઉપર જુઠુ આળ આવતાં લોક ખરૂ કરી જુએ. તે માણસ બુડયો જાય.

૭૧ સત ઉપર સઘળો વહેવાર ચાલે છે. માટે સત્ય છોડવુ નહિ.

૭૨ એક વાર માણસ જુઠુ બોલતાં શાખ ગઇ માટે જુ બોલવાની ટેવ રાખવી નહિ,

૭૩ મિત્રની પરીક્ષા આપણા સંકટ વેળાએ થાય છે આગળથી વિચાર કર્યા વિના કશું કામ કરવું નહિ.

૭૪ જે ક્રોધને વશ થઇ ગયો તેને આંધળો જાણવો.

૭૫ શીખામણની વાત કહેલી સાંભળે નહિ તે બહેરો જાણવો

૭૬ આ કામ કરવું ઘટે છે કે ઘટતુ નથી તેને બોબડો જાણવો

૭૭ સભા શોભતુ બોલે નહિ તેને પશુ જાણવો.

૭૮ ધીરો કહીએ જે સંકટ ભાગ્યો બીએ નહિ. ડાહ્યો કહીએ જે સંકટથી બીએ નહિ. એ રીતે પોતાના કામ કર જાણે છે.

૭૯ શત્રુ એ કહીએ જેને ધંધો નહિ, સાધુ કહીએ જેને કાયાનો ભરોશો નહિ.

૮૦ ધનવંતો કહીએ જેને આશા મોટી, સુખીઓ કહીએ જેને ચંત ચળે નહિ. મોટો કહીએ જેને હાથે પરઉપકાર થાય છે,

૮૧ બીજાને, પરઉપકાર કર્યા સમાન પુણ્ય નથી.

૮૨ કોઇ આપણને તિરસ્કાર કરે તે ઉપર ઝગડવું નહીં

૮૩ કોઇ પોતાનું કામ કાઢી લેવા જુઠુ બોલે, આપણી પાછળ આપણી નિંદા કરે તેને લડવા જવું નહિ.

૮૪ મિત્રની સાથે પડદો રાખીને વાત કરવી નહિ.

૮૫ શત્રુથી બીતા રહેવું.

૮૬ સમર્થ સાથે વેર કરવું નહિ.

૮૭ ગરીબ દુર્બળ જોઇને નિરાશ કરવો નહિ

૮૮ કોઇ વેળા દિવસે આપણી એવી દશા થશે.

૮૯ ઘરડાની મુરજાદા રાખવી.

૯૦ આપણે ઘરડાની મુરજાદા રાખીશું તો આગળ જતાં આપણા છોકરાં આપણી મુરજાદા રાખશે.

૯૧ હેતે મીઠું ને સાચું બોલવું.

૯૨ શરણે આવે તેને રાખવો ને સાચવો.

૯૩ મુએલા માણસનું સર્વથા ભુંડુ બોલવું નહિ

૯૪ આપણી છાની વાત હર કોઇ ઉપર વિશ્વાસ આણીને કહેવી નહિ.

૯૫ દુઃખ વેળાએ ધન સમે સંઘરો કરવો, આગળ જતાં નાણાં મળવાનો જોગ છે તે ઉપર રહેવું નહિ.

૯૬ આજ કરીશું તે કાલ ઉપર રાખવું નહિ.

૯૭ દમડી દમડી કરતાં રૂપિયો થાય છે.

૯૮ દમડીની અવગણના કરવી નહિ.

૯૯ વ્યસન સારૂ પૈસો ખર્ચ કરવો નહિ.

૧૦૦ તે ફોગટ જાય છે,

૧૦૧ વિદ્યાએ કરીને માણુસ શોભે છે.

૧૦૨ મતામતી કરેથી શોભતુ નથી,

૧૦૩ બીજા ધનને ચોર લઇ જાય છે. પણ વિદ્યારૂપી ધનને કોઈ ચોરની બીક નથી.

૧૦૪ વિદ્યાનુ' સાર્થક એ છે કે બીજા કોઇને ભણુાવી બીજુ ધન મુવા પાછળ રહે છે, અને વિદ્યાને ના ભણાવીએ તો જગતમાંથી જતી રહે

૧૦૫ બીજુ ધન ખર્ચ કર્યાથી ઘટી જાય તો કોઇ ખર્ચ કરે નહી.

૧૦૬ વિદ્યા દાન જેમ ખર્ચ કરીએ તો વધે.

૧૦૭ લુગડાં ઘરેણાં તે શરીરને શોભાવવાનુ' છે, તે હલકા માણસોનુ' કામ છે.

૧૦૮ ગુણુકા લાવણીઓ ગાતી હોય ત્યાં ઉભા રહેવું નહિ.

૧૦૯ જીભે ગાળો દેવાની ટેવ પાડવી નહિ

૧૧૦ લીલુ' વૃક્ષ ભાગવુ' નહિ.

૧૧૧ કોઇનો ગુનો ઉઘાડો કરવો નહિ,

૧૧૨ કોઇની છાની વાત ઉઘાડી કરવી નહિ.

૧૧૩ કોઇના ચાળા પાડવા નહિ.

૧૧૪ મીઠાઈ મેવા ખાવાની ટેવ પાડવી નહિ.

૧૧૫ જુઠા સાથે વ્યવહાર રાખવો નહિ.

૧૧૬ હિસાબ ચોખ્ખો રાખવો.

૧૧૭ આપણું ખર્ચ જોઇને મુકવું.

૧૧૮ ઉધારે જણસ આણવાની ટેવ રાખવી નહિ,

૧૧૯ ઘણા દહાડા ખાતુ ચલાવવું નહિ.

૧૨૦ વહેવારની વાતે શરમ રાખવી નહિ.

૧૨૧ હું તારૂ કામ કરીશ એમ કહીને તેને પાછળ ફેરવવો નહિ,

૧૨૨ ધર્મ કરવો તે તત્કાળ કરવો.

૧૨૩ બીજાની બરોબરી સુમત માટે કામ કરવાં નહિ,

૧૨૪ પાણી સાથે ખેલ કરવો નાહ.

૧૨૫ ઝાડ ઉપર ચઢવું નહિ.

૧૨૬ વઢવાડ થતી હોય ત્યાં ઉભા રહેવું નહિ.

૧૨૭ રાજાની મસલતમાં ચીત્ત લાવવું નહિ.

૧૨૮ ખોટી વાત કોઇની ઉડાડવી નહિ.

૧૨૯ પરઉપકારીથી પોતાના આત્માને સુખ થાય.

૧૩૦ જ્યારે સંભળીએ ત્યારે ઇશ્વર આપણું સારૂ કરે. વળી ચીતને ચંતને સુખ થાય.

૧૩૧ ભુંડુ કામ કરીને આવ્યા હોઇએ તારે દન પ્રત્યે સાલેને ભુંડા કામનું પાપ એકલાને લાગે

૧૩૨ ખૂન લેનારો મળે.

૧૩૩ આપણે સારૂ કામ કર્યું હોય તો કોઇને દેખાડવું નહિ.

૧૩૪ કહેશો તો પુન્ય જાતુ રહેશે.

૧૩૫ આપણો ગુણ આપણાં મોઢે વખાણવો નહિ.

૧૩૬ કહેવે મુંરખપણું આવે. કોઇ ગુણ માણસ ભુંડાનું ભલુ થાય તે કરવું.

૧૩૭ કોઇને ભુંડુ વ્યસન હોય તે જોઇને છોડી દેવું.

૧૩૮ જગતની વાત નાના મોટા સર્વ પાસેથી લેવી.

૧૩૯ નાના પાસેથી પણ આપણે વિદ્યા લેવી.

૧૪૦ હું બહુ દુ:ખીયો છું એમ મનમાં સંતાપ કરવો નહિ

૧૪૧ આપણાંથી કોઇ વધારે દુ:ખી હોય તેનું દુ:ખ જોઇને મનનું સમાધાન કરવું.

૧૪૨ હું ઘણો ધર્માત્મા છું એમ અભિમાન થાય તે આપણાથી કોઈ વધારે હોય તેને જોઇને (અભિમાન) ગર્વ મુકવો.

૧૪૩ બે જણા વાતો કરતા હોય ત્યાં બોલાવ્યા વિના જવું નહિ.

૧૪૪ આપણી વાત કોઇ ચીત્ત રાખી ના સાંભળે તેને જોરાવરી સંભળાવવી નહિ,

૧૪૫ આપણે કોઇ કામ કરતા હોઇએ ત્યારે કોઇ કામ કરતો હોય તેને ખોટી કરવો નહિ,

૧૪૬ ઉંચે જીવે બોલવું નહિ.

૧૪૭ દરેક વાત કરતાં પોતાની વાત જુગતીથી જાણવી.

૧૪૮ વિદ્વાન પાસે રૂડી સમજણ આવે.

૧૪૯ કોઇને સાથે વિવાદ કરવો નહિ.

૧૫૦ ધનનું સાર્થક જે ધર્મ કરવું.

૧૫૧ સમર્થનું સાર્થક કોઇનું રક્ષણ કરવું.

૧૫૨ કોઇને પીડા કરવી નહિ.

૧૫૩ ધનનું સાર્થક જે ગુપ્ત રાખવું. ઉઘાડું કરવું નહિ.

૧૫૪ પોતે ડાહ્યા થઇને આમળ બોલવું નહિ.

૧૫૫ બીજાના ગુણના વખાણ કરતા રહેવું.

૧૫૬ જે વાતે ઘણાનું ભલુ થાય તો આળસ કરવી નહિ.

૧૫૭ જે કોઈના ઉપર ઉપકાર કરવો.

૧૫૮ ઘર મેળે કજીઓ ચુકે (પતે) ત્યાં સુધી સરકારે જવું નહિ.

૧૫૯ મોટી મોટી વાંત હોય તો પણ નીત નીત ખોદે ત્યારે લેતા બરાબર થાય.

૧૬૦ માર્ગ લાંબો હોય તો ચાલતાં ચાલતાં ખૂટે.

૧૬૧ મોટી ઇમારત હોય તો નીત નીત કામ ચાલે, તો છેડો આવે.

૧૬૨ મોટું કામ હોય તો નીત નીત પાઠે કરીએ તો પાર આવે.

૧૬૩ વિદ્યા કઠણ હોય તો નીત નીત શીખીએ તો આવડે.

૧૬૪ ધન ગયું હોય તે પાછું આવે, પણ આબરૂ ગઇ તે પાછી આવે નહિ.

૧૬૫ એક વાર શત્રુ થયો તેનો ભરોસો કરવો નહિ.

૧૬૬ દરેક વાત કરતા ખંત રાખવી, જે ખંત મુકીને કામ કરે છે તેનો બેલી પરમેશ્વર છે,

૧૬૭ ભુતપ્રેતની સાધના શીખવી નહિ.

૧૬૮ ગારૂડીના મંત્ર શીખવા નહિ.

૧૬૯ આપણે કોઈ વાતે ચુકયા હોય તો માની જવું.

૧૭૦ વાતમાં વિવાદ કરવો નહિ.

૧૭૧ બોલતાં બોલતાં તપી જવું નહિ.

૧૭૨ બોલતાં બોલતાં રીસ ચઢે તો ગાળા ગાળી દેવી નહિ.

૧૭૩ બીજાનું સાંભળીને તેનો ઉત્તર દેવો વચમાં ઉતાવળા થઇને બોલવું નહિ.

૧૭૪ એક કામ કરીને બીજા કામમાં લાગવું.

સરવે બાવાજી સાહેબના સેવકોને અરજ વિનંતિ કે :—

ધરમ પાળવાની ફરજો શાસ્ત્રમાં ઘણી ઘણી રીતો ફરમાવી છે પણ તે બધી પાળવી તે જવરલા સમર્થ હશે. પણ જીજ આપણા ગજા પ્રમાણે શકિત પ્રમાણે ભકિત કરવી જોઇએ. માના ઉદરના કોલ પાળવા ને બાવાજીના ઘરેથી છુટયા, ત્યારે નકકી કરીને આવ્યા છીએ કે છેવટે કઇ નહી કરૂ, છ ઘડી ભજન કરીશ આપણો જીવતો ઘણી ઘણી રીતે કોલ પાળવા કબુલ કરીને છુટેલો પણ બાવાજીએ છ ઘડી ભજન કરવાનું કહીને જીવને ત્યાંથી રજા આપી છે. પછી અહીં આ દુનિયામાં આવ્યા. પણ જેવા ઉદરમાંથી છુટયા તેવા જ દુનિયાના મોહ માયાના પાસમા બંધાઇ ગયા. બાળ અવસ્થામાં આપણી સ્મરણ શકિત ઘણી ઓછી, તદ્દન છોકરવાદ, ધર્મ તે શું છે તેની કંઇ આપણને સમજ પડી નહિ. પછી બાલ અવસ્થા પુરી થઈ એટલે કિશોર અવસ્થામાં આવ્યા. પણ તેમાં જીજ સમજ પડી પણ પછી આ મોહ માયાના ખરા અખાડામાં મલ કુસ્તી કરવાની વખત આવી પહોંચી છે, કેમકે પેટે સંતાન થયાં માટે રળે નહીં તો ખાય કયાંથી ? પણ અહીં બે રસ્તા છે.

રળવું ખાવું પીવુંને પંડે પોતાનું ખટકર્મ, સર્વે કામ પોતાના ટાઇમ મુજબ હર હંમેશ કરવું જોઇએ ટાઇમ જાળવવો તે આપણી પોતાની ફરજ છે. બીજી હંમેશ દેવમાં આવી જ્ઞાન વિના આડી અવળી વાત કરવી નહિ. ને માળા નીચે મુજબ કરવી.

પ્રભાતની પાંચ માળા પછી ચરણામૃત પીધાની ૧૨ માળા કરવી. પછી પ્રસાદ ખાધાની (૨૫) પચીસ માળા કરવી, પાંચેતનની ૨૫, નાદે અલ્લીની પાંચ, અબ્બાસ અલ્લીની પાંચ, દરૂદની ૨૫ માળા અને સો નામ કલમાના કરીમા કરીમની પાંચ માળા આટલી માળા તો નિરંતર કરવી જોઇએ. ત્યાર પછી ઘેર જવાનો વિચાર કરવો. મેળો લીધા પછી ૩૫ માળા કરવી જોઇએ ને તે પ્રમાણે માળા કર્યા વિના જાય તો રૂા. ૧૨-૫૦નો નાતરા લાહીનો ગુનો બેસસે. બીજુ બાજુની દવા નુરનામુ વગેરે વાંચે ને સાંભળે તેને દરરોજ ઘણોજ લાભ થાય છે.

મહેરાજનામું બોલવું જોઇએ પછી તો જેવી પોતાની મરજી બાકી ક્રિયા આચાર પણ બરાબર પાળવા. પેસાબ કરવા જઇ આવી ત્રણ કોગળા કરવા ને ગુપ્ત જગ્યાએ પાણી લઇ સાફ કરવી. વળી ઝાડે ફરી આવીને સાત કોગળા કરવા ને પછી નહાવું. નહાતી વખતે સરવે જગાઓ ચોખ્ખી કરવી જોઇએ. (બાકી ગામ કે અગર ચૌટે દુનિયામાં જાય તેને પ્રથમ નીમ ચોખાળવું પડશે) પંદર દિવસે કષ્ટ આવે તો રૂા. ૮-૨૫ મુકવો વળી ખાધાલાહીનો પૈસો મુકવો જોઇએ. દર્શને જે મળે તે લાવવું. વ્રતના મહિનામાં કંઈ બની શકે તો દેવમાં પ્રસાદ પુરાવવો, મહિને સાડા સાત શેર પ્રસાદી ધર્મી દીઠ લખી છે પણ થોડુ ઘણુ આપીને છુટવું જોઇએ, બાકી સારી ચીજ જે આવે તે પ્રથમ દેવામાં પુરાવવી. ને પછી પોતે ખાવાથી ટેવ રાખવી દેવમાં પુરાવતા નથીને જે કાંઇ ખાય છે તેને માઠા

દુઃખમાં પડવું પડે છે. વળી ગામમાં પુજા થતી હોય તો ગામમાં દેવ લેવા જોઇએ, ને ના લે તેને માથે મોટુ પ્રાયશ્ચિત બેસે છે ભાઈ પ્રથમનું કામ ધર્મનું કરવું પછી આ પેટની ફરજ કરવાની છે. જે પ્રથમ પુજા લઇ દરેક કામ કરવું પછી તે જેવું પુન્ય હશે તેવી જ મતિ, ભાઇઓ પોતાના લોકોની સારી શીખામણ માનવી. નાનપણથી ધર્મ પાળવાની ટેવ રાખવી પછી મોટપણમાં તેને કોઇ પ્રકારની પાળવામાં અડચણ આવતી નથી. વળી હળતાં ફરતાં ખાવાનું ખાવું નહિ, ખાય તેને બહુ ગુનો બને છે.

એકાંત સ્થળે ખાવાની ટેવ રાખવી. ને પાણી પી મોં પવિત્ર કરવું. વળી પાળવાની ફરજો ઘણી છે. પણ જુજ બાબતો લખી છે. વળી ધર્મીને પાળવાનું ઘણું પાળે છે તેને મોટો સબાબ થશે. વખત વેળાની માળા કરવી જોઇએ વખત પ્રમાણે ના થાય તો સામટી કર્યા વિના રહેવું નહિ ધર્મની વાતચીતમાં અકળાવવું નહિ. ના આવડતુ હોય તો સુખેથી દેવધારીને પુછવું તે બાબતની શરમ રાખવી નહિ વળી શુક્રવારે એક વખત ખાવું જોઇએ ને છેલ્લો આવે સમે રાત્રે ભજન કરવાં જોઇએ વ્રતના મહિનામાં રાત્રે ભજન કરવા જોઇએ,

શાસ્ત્ર વંચાય ત્યારે સાંભળવા આવવું જોઇએ. શાસ્ત્ર સાંભળવાથી કંઇ પણ જ્ઞાનની વાત હૃદયમાં ઉતરશે.

ખાધલાહી ઉતરાવવીને રસોડે સર્વએ અડકવાનું રાખવું ખાધાલાહી વાળાએ રસોઇ કરી હોય ને પછી દેવ આવે ખાય તો પછી ફરી ખાધાલાહી જ છે. માટે પુજામાં હોય તે છાંટ લઇ જવું જોઇએ. ભાઇ ઝીણી બાબતો ઘણી પાળવાની છે, પણ આ તો જુજ સર્વે સાર લખ્યો છે.

દેવના કામકાજમાં સર્વેએ મદદ કરવી ને ત્યાં ઝેરવેર રાખી કરે તેને દોઝગ ગુણુ પ્રવેશ કરશે. વળી ઘરની તકરારોમાં મેળો નહીં લે તેને મોટો ગુનો બેસે છે. જે મેળો હવેથી ના લે તેને સભામાં આવી સંભળાવવું. પછી તેનો બંદોબસ્ત સભા કરશે. વળી દેવધારીના ઘરમાં પણ ઘણા પ્રકારની ભુલો હશે તે ઉપર ધ્યાન રાખવું નહિ. પણ શાસ્ત્રને અનુસરીને ચાલવું.

વિધવા બાઇને પણ વધારે પાળવાનું છે. સાવ સ્વાદ ઝાઝા ન કરવા ને ખપ તેટલું બોલવાનું રાખવું હસીને વચન મુખમાંથી બોલવું નહિ, વળી ધર્મીભાઇઓ પણ કોઈની મશ્કરી ઠઠ્ઠા કરવા નહિ. મુખમાંથી ભુંડી ગાળ બોલવી નહિ. ભુંડી ગાળનું પુછાણું મહાદનમાં થશે. માટે મોમાંથી બોલ વિચાર કરીને કાઢવા.

માટે ભાઇઓ ખરી વાત જાણી જેટલો અન્યાય હોય તે કાઢી નાખવા.

ચર્ચા કરે ચાર જણા, જ્ઞાન કરે તબ દો
ધ્યાન ધરે તબ એકલા, જબ લગ લાગી વેહ

કહેવતો

૧ ધર્મે જય પાપે જાય.
૨ દાન કરેલા દામથી દુર રહો.
૩ બીજાનું સારૂ જોઇને બળનારના બુરા હાલ થાય છે.
૪ સંતોષ સમાન સુખ નથી.
૫ સાકર ન તજે મધુરતા, સોમલ ન તજે ઝેર.
સજ્જન ન તજે સહનતા, દુરજન ન તજે વેર

૬ જીવને જોબનને રાજમદ, અવીચળ ન રહે કોઇ.
૭ જો દિન જાય સત્યસંગમાં તે જીવન સફળ થાય,

૮ બોલવું શું મધુર વચન, બનવું શું પ્રભુના દાસ
છોડવું શું અભિમાન, મોટુ દાન શું સન્માન.

૯ નિંદા નર્કનું દ્વાર છે.
૧૦ દાન કરતાં દયા ઉત્તમ છે.
૧૧ દ્રવ્ય કરતાં કીર્તિની કીંમત વધારે છે.
૧૨ શાન્તી પ્રભુનો દરબાર છે.
૧૩ ભકિત વિનાનું જીવન જીવ્યા છતાં નકામું છે.
૧૪ પ્રયત્ન કરનારને પરમેશ્વર પણ મદદ કરે છે.
૧૫ સત્યવંદ, સુસ્વાગતમ્ વિશ્વ કલ્યાણ હો,
૧૬ અપ શબ્દો તીર જેવા વીંધે છે.
૧૭ કુટુંબનુ ભૂષણ નમ્રતા છે.
૧૮ ફળની ઈચ્છા વગર સતકાર્ય કરો. નિષ્કામ ભકિત કરો.
૧૯ ભાવ વિનાનું કાર્ય દીપતું નથી.
૨૦ યજ્ઞ, તપ, દાન, દયા એ કદી ના છોડવાં.
૨૧ બીજાને પીડા દેવી તે પાપ છે.
૨૨ જ્ઞાનનું ભૂષણ શાન્તી છે.
૨૩ ક્ષમા એ જ મોક્ષનો દરવાજો છે.
૨૪ બાપ મુકશે પણ પાપ નહીં મુકે.

૨૫ દરિદ્રતા, રોગ, દુઃખ અને બંધન એ પોતાના પાપના
કર્મનું ફળ છે.

૨૬ જેસી પ્રીત હરામસે એસી પ્રીત હરીએ હોય.
ચલા જાય વૈકુંઠમાં પલ્લાના પકડે કોઈ.
૨૭ ભરત અપની જનની તજી પિતા તજો પ્રહલ્લાદ
વિભીષણે અપનો ભાઇ તજ્યો, શ્રી રામ કેરે કાજ
૨૮ ધર્મની કથની કરે સત્ય આચરતો નથી.
યજ્ઞ, જપ, તપ, દાનમાં પ્રપંચ પરહરતો નથી.
૨૯ ચર્ચા કરે તો ચાર જણા. જ્ઞાન કરે તબ દો.
ધ્યાન ધરે તબ એકલા જબ લગ લાગી લેહ (લાગણી)

સ્વર્ગ ચાર જણની આસા રાખે છે.

૧ – ભુખ્યાને જમાડશે.
૨ – નાગાને વસ્ત્ર આપશે.
૩ – શુક્રવારનું વ્રત પાળશે.
૪ – જે ખરી દસુંદ આપશે.

તેની વાટ ભિરત જુએ છે. (ચાલીસ વાતોમાંથી)

કળીયુગ નાશે :– કર્કોટક નાગ – નળ રાજા – દમયંતી રાણી સુદેવ બ્રાહ્મણ – પ્રાણ રાજા એ ચાર જણના નામ લેવાથી કળીયુગ નાશે છે.

નિષ્કલંકી ભગવાન પ્રગટ થશે :– મીનના શની અને મેષના બ્રહ્મસ્પતિ થશે ત્યારે ચઢશે.

૧ દશ લાખ રણતુર વાગશે.
૨ સવા કરોડ શંખ વાગશે
૩ પાંચ લાખ સીંગનાદ પુરશે.
૪ નવ કરોડી સાથે જાખા આવશે.
૫ છપ્પન કરોડી સાથે મેઘા આવશે.
૬ તેત્રીસ કરોડી સાથે દેવ આવશે.

૭ નવકુળ નાગ સાથે, સત્તર સહસ્ત્ર સેના સાથે પાંડવો - ધર્મરાજા - અર્જુન - ભીમ - સહદેવ - નિકુળ - કુંતામાતા સાથે ચઢશે.

૮ પાંડવોના રથના નિશાન ઉપર હનુમાન બેસશે અને બાણું લાખ પ્રેત પડ છંદા દેશે.

૯ સાડા ત્રણ કરોડ જીન - ભુત મળશે.

૧૦ સીત્તોર જોજન સત તંબુ મંડપ રચાશે.

૧૧ ધરતી ઉપર સવા ગજ લીંદ ચઢશે.

કાકા ન. હ.
તા. ૬-૧૨-૮૦

ઋષિનાં કુળ

અ.નં.	ઋષિનાં નામ	જાત	અ.નં.	ઋષિનાં નામ	જાત
૧	બ્રહ્મ ઋષિ	જરમાનસ	૧૨	વરાંસ ,,	મચ્છીક
૨	માર્કુંડ ,,	ગરખ	૧૩	અષ્ટ ,,	કણુબી
૩	ગૌતમ ,,	ભાટ	૧૪	વામદેવ ,,	ભીલ
૪	સત ,, પુરાણી	ભાટ	૧૫	વાલ્મિક ,,	કોળી
			૧૬	પદ્મ ,,	ધોબી
૫	જયમલ ,,	વાંનર	૧૭	બ્રહ ,,	બ્રાહ્મણસ્પતિ
૬	કૌરમ ,,	રસગરા	૧૮	શુક ,,	કલાલ
૭	વસિષ્ટ ,,	ધોબી	૧૯	ભુગુ ,,	માળી
૮	ચંદ્ર ,,	માળી	૨૦	ગુવાસ ,,	દરજી
૯	પરાશર ,,	પંખી	૨૧	શતખંબ ,,	રીંછ કોમ
૧૦	ભારદ્વજ ,,	હજામ	૨૨	સુગ્રીવ ,,	વાંનર
			૨૩	દધી ,,	મગર
૧૧	શંકરાચાર્ય ,,	માછી	૨૪	પોલસ ,,	બ્રહ્મ રાક્ષસ
			૨૫	કપીલ ,,	વાંનર

અ.નં.	ઋષિનાં નામ		જાત	અ.નં.	ઋષિનાં નામ		જાત
૨૬	ચેન	,,	મચ્છીક	૪૩	પનચાઈ	,,	મોચીઆલ
૨૭	પંચાલ	,,	પંખી	૪૪	ધર્મ	,,	રબારી
૨૮	તારણુ	,,	ચિતારા	૪૫	અત્રી	,,	રવિકોમ
૨૯	અંગીર	,,	અરવ	૪૬	જેમન	,,	મચ્છીક
૩૦	દુર્વાસા	,,	રાક્ષસ કોમ	૪૭	તારણુ	,,	લવાર
૩૧	વિશ્વામિત્ર	ઋષિ	સોનાર	૪૮	ગબરાલ	,,	ધોબી
૩૨	ગધંમાન	,,	હજામ	૪૯	પ્રેમ	,,	કોળી
૩૩	બીજા ગોતમ	,,	શુદ્ર કોમ	૫૦	વસીયત	,,	મોર પંખી
૩૪	તારણુ	,,	ધનગરા	૫૧	ત્રીકમ	,,	સંઘવી
૩૫	કાર્તક	,,	સુથાર	૫૨	દાડમ	,,	આહીરકોમ
૩૬	જમદગ્નિ	,,	ક્ષત્રિ	૫૩	રેવક	,,	કોળી
૩૭	નારદ	,,	ભીલ	૫૪	આકાસ	,,	કુંભાર
૩૮	મગરીમ	,,	ચમાર	૫૫	નંદન	,,	નાયક
૩૯	કશ્યપ	,,	માળી	૫૬	શ્રવણુ	,,	ભીલ
૪૦	જસવા	,,	ખાટકી	૫૭	ધનિષ્ટ	,,	કોળી તરબદા
૪૧	રવક	,,	કંસારા	૫૮	જંબુ	,,	હજામ
૪૨	અજમાન	,,	કુંભાર	૫૯	પ્રેમ	,,	સોનાર
				૬૦	એકલસંગી	,,	અરણીક

એકલસંગીને અરણીકના કહ્યું ત્યારે તેમણે બધા ઋષિઓની જાતભાત ઓળખાવી દુનિયામાં વર્ણો વર્ણ નથી પણ કસબ (કામ) પરથી વર્ણ બંધાઇ છે.

કુળપુરા તા. ૨૩-૧-૮૧.

નિષ્કલંકી નારાયણ નમઃ

ધર્મીએ કેટલીક જાણવાની અને પાળવાની હકીકત

(૧) સહેજે દાન કરે તે અનંતગણું વેદ સુણીને આપે તે સવા કરોડ – માગ્યાથી આપે તો સવા લાખ ઘણું.

(૨) બ્રહ્મ રૂણ માથે રહેશે તો વ્યતિપાતે સવાયું ગ્રહણે બમણું એટલે દેવનું ૩૬ ઘણું, શાહુકારનું સવાયું માટે તરત ચુકાવો.

બોતેર ટોળની જાણવા જેવી હકીકત

(૧) નારીની એબ જુએ તો ૩૦૦ માળા તુટે.
(૨) પુરૂષની એબ જુએ તો તરત જ નહાવું.
(૩) નારી માને ગાળ દે તો ૫૦૦ માળા તુટે.
(૪) પુત્ર પિતાને ગાળ દે તો ૯૦૦ માળા તુટે, જમણું અંગ લોઢતું.
(૫) નારી પુરૂષને ગાળ દે તો ૭૦૦ માળા તુટે.
(૬) પિતા પુત્રને વગર વાંકે કહે તો ૧૦૦૦ માળા તુટે,
(૭) સાસુ વહુને ગાળ દે તો ૧૨૦૦ માળા તુટે.
(૮) વહુ સાસુંને ગાળ દે તો ૧૧૦૦ માળા તુટે.
(૯) દેરાણી જેઠાણીને ગાળ દે તો ૧૩૦૦ માળા તુટે.
(૧૦) જેઠાણી દેરાણીને ગાળ દે તો ૧૪૦૦ માળા તુટે.

(૧૧) છોકરાનો છોકરો દાદાને ગાળ દે તો ૧૫૦૦ માળા તુટે
(૧૨) પૌત્રને દાદા વગર વકિ ગાળ દે તો ૧૬૦૦ માળા તુટે.
(૧૩) બાપની માને દુઃખ દે તો ૧૭૦૦ માળા તુટે.
(૧૪) પુત્રી પિતાને પિટયા કહે તો ૧૮૦૦ માળા તુટે.
(૧૫) ઓરત ભુડું હસે તો ૧૯૦૦ માળા તુટે.
(૧૬) વાટે પડેલું લઇ નાખી દે તો ૨૦૦૦ માળા તુટે.
(૧૭) વાટે જતાં અસથા પશુને મારે તો ૨૧૦૦ માળા તુટે.
ગજ પેટમાં ઘાલશે.

(૧૮) વિગત વગર શરબંધી કરે ખરી દસુંદ ના આપે,
ગોરહકનું ખાય તો ૨૨૦૦ તુટે,
(૧૯) ગોરની પુજા તરત નહિ આપે તો ૨૩૦૦ માળા તુટે.
(૨૦) માથા લાહીવાળી બાઇ નદી ઉતરે તો ૨૪૦૦ માળા તુટે.
(૨૧) પશુ ગવન કરે તો ૨૫૦૦ માળા તુટે.
(૨૨) ભોંય ગવન કરે તો ૨૬૦૦ માળા તુટે.
(૨૩) બીજા લેસ્પત મૈથુન કરે તો ૨૭૦૦ માળા તુટે.

(૨૪) પ્રાતકાળે સહેજ નાવણુ કરે તો ૫૦ માળા તુટે.
ને શરીર પર લોઢાનું પાણી રેડશે.

(૨૫) મૈથુન કરી તળાવે જાય તો ૨૮૦૦ માળા તુટે.
રૂવે રગદ વહેશે.

(૨૬) મૈથુન કરી કુવે જાય તો ૭૨ માળા તુટે,

(૨૭) દુનિયાના દેવ દરબારે ચઢે તો ૨૯૦૦ માળા તુટે.
જીભ લોઢાની થાય.

(૨૮) ધર્મીને ગાળ દે તો ૩૦૦૦ માળા તુટે.

(૨૯) દેવની પ્રસાદી કરતાં કુ વચન બોલે તો ડાચે સોયા ઘોચે અને ૨૫ માળા તુટે.

(૩૦) દહાડે મૈથુન કરે તો ૩૧૦૦ માળા તુટે.

(૩૧) પંડીત ભણીને ભુલે, ઈમાન ન આણે તો ૩૨૦૦ માળા તુટે.

(૩૨) સ્ત્રી ધર્મમાં આવી ઝાડને અડકે તો ૧૨૫૦૦ વરસ માર મારશે અને ૩૪૦૦ માળા તુટે.

(૩૩) પૂર્વ પશ્ચિમ લઘુશંકા કરે તો ૨૧૦૦ માળા તુટે.

(૩૪) માણસ મરી ગયાની મદદે ના જાય તો ૧૦૦ માળા તુટે.

(૩૫) થાળધારી "ઇઆશાહા" નહિ કહે તો સવા છ વરસ સુધી મહાદનમાં તાપે રાખશે.

(૩૬) અવાચક જીવને ત્રાસે ગુના નહિ બકસાય.

(૩૭) દસુંદ નહીં આપે તેને રગદ વહેશે બેઇમાની કહેશે.

(૩૮) છ વખત ભજન નહીં કરે તેને ભગત ભેટે નહીં.

(૩૯) ઇકોતેરની પ્રસાદી નહીં આપે તેને હત્યારા કહેશે,

(૪૦) ખાધા લાહીવાળાને છેટા ઉભા રાખવા છેલ્લે લાહી ઉતારવી અને નુર પીધા પછી અડવું,

(૪૧) પુરૂષ ધર્મી હોય ને બાઇ દની હોય તો હેવે ના બેસવું.

(૪૨) પહેલું ફ્રુળ લે તો અઢાર વર્ષનું તપ જાય હેવે લવાય જ નહીં.

(૪૩) બે નારીને માથાલાહી હોય તો પણ એક એકનું મોઢું ના જોવું.

(૪૪) સગાઇ કરી ભાગે તેની અમરમાં જગા નથી.

(૪૫) કાળ ના હોય તેવાને વહાંણુ આપવું.

(૪૬) માથાલાહી વાળી બાઇનો ધણી અડધો દિવસ દેવે ન બેસે.

(૪૭) (૧) વેગત પરામાં સગાઇ ભાગનારનો વાસ (૨) નારી પર નારી લાવનારને બેચતપરામાં વાસ (૩) બર-ખોપરામાં નાર છાંડનારને (૪) થર ખોપરામાં છત્રપતિનું વચન ન માનનારનો વાસ. (૫) ભેઝતપરામાં કુંવારી નાતરૂ કરે તેના વાસ (૬) ભિસત ખોપરામાં ભિસ્તની વાત ખોટી માને તેનો વાસ.

(૪૮) રોજે નમશે તે મુક્તિ નહિં પામે, મન ઇચ્છુ ફળ મળશે,

(૪૯) માથા લાહીવાળાને ત્રણ ત્રણ છાંટને ત્રણ ફેરા નુર આપવું. બાર છાંટ લે.

(૫૦) પ્રથમ માથાલાહી ઉતારવી પછી છાંટ લે.

(૫૧) માથાલાહી ચાર દિવસે ઉતારવી (હાતમતાઇ તથા નવશેરૂ પાદશાહમાં) પાંચ ગાઉ દેવ થતા હોય ત્યાં માથાલાહી ઉતારવી.

(૫૨) વહાંણુના દર્શન ના કરે તેને પ્રસાદી આપવી નહિ.

(૫૩) બાળ મહંમદ શાહે ૧૭ વર્ષ ગાદી ભોગવી.

(૫૪) શાહાજી બાવાએ ૩૧ વર્ષ ગાદી ભોગવી.
જન્મ ૧૭૫૪-જેઠ સુદ-૨.

(૫૫) તોરણગઢ આગળ :-
(૧) પહેલી વાડીમાં ધર્મી હોય તે ઉઠાસણું ન વાળ્યું હોય તે રહે છે.
(૨) બીજી વાડીમાં ઉઠાસણુ વળાવ્યું હોય તે કપડાં ન મુકયાં હોય તે રહે છે.

(૩) ત્રીજી વાડીમાં ક્રિયા ના પાળે તે આંધળા, લુલા, પાંગળા રહે છે.

(૪) ચોથી વાડીમાં સાહના ગેર હકકે પૈસા ખાધા હોય તેને ઠેર ઠેર કુવા ખોદયા છે તેમાં લટકાવશે.

(૫) પાંચમી વાડીમાં દુનિયાનું કરજ અને થાપણુ ખાધી હોય તે ઉભા ઉભા રડયા કરશે,

(૫૬) ભેંસની લાહી ઉતારવાની વિધિ :– પહેલાં બાઇની લાહી ઉતારવી પછી તે ભેંસ દોહીને લાવવી, અને વાપરવુ' રૂા. ૦–૫૦ મુકવા.

(૫૭) દેવે બેસનાર ગુસલ કરે તો નીમ ચોખાળવુ'.

(૫૮) સ્વપ્ના બાજીનુ' નીમ ચોખાળવુ'.

(૫૯) સવારે દેવે બેસે તે દેવધમી'.

(૬૦) બપોરે બેસે તે ગૃહસ્થ ધમી'.

(૬૧) સંધે દેવે બેસે ને સતીઆ.

(૬૨) સ્રી ધર્મમાં આવે ને મૃત્યુ પામે તો ચાર દને ઉઠાસણુ કરવું.

(૬૩) બાળક જન્મ્યુ હોય તે દિવસ ૧૦ મૃત્યુ સતીએ પાવળ પાવુ',

(૬૪) ફિરસ્તા જીવ લેવા આવે તો અભડાતા નથી. નુર અભડાઈ નહિ. પાવુ'.

(૬૫) પાંચ માસનો ગર્ભ પડે તો ઉઠાસણુ વળાવવુ'.

(૬૬) બે ત્રણ માસનો ગર્ભ પડે તો ૧૦ દિવસે નુર પાવુ'.

(૬૭) સાત આઠ માસનો ગર્ભ પડે કે જન્મે તો ત્રીસ દિવસે લાહી ઉતારવી.

(૬૮) ચોક પુરાશે પાંચ પાટી પુરાશે ત્યારે દેવનાં દર્શન જોવાશે,

(૬૯) રજસ્વલા થયા પછી સાત દિવસ સ્રી સંગના કરવો દેવધારી થાળધારી એ પહેલાં પાળવુ'.

(૭૦) એક ચેહમાંથી સીત્તેર હજાર અને કબરમાંથી વધુ ઉઠશે. (૭૦,૦૦૦)

(૭૧) પહેલાં પરમેશ્વર પછી કાકાને જમાડવા પછી ધર્મીને જમાડવા,

(૭૨) સપૂત છોકરો બાપને પ્રથમ જમાડે.

(૭૩) સાડા સાત કરોડ ધર્મી ચીનમાં રોજ દેવે મળે છે.

(૭૪) સ્વારી :- (૧) ગુપ્ત રહેવાની. (૨) તોરણગઢ જવાની. (૩) ચોર માર્યાની. (૪) અમર જવાની

(૭૫) દનીનું અન્ન દેવે ના લેવું. બાવાજી ના જમે.

(૭૬) કાળિંગાનું નામ અધરઋષિ પડશે, દસમા આસમાને બેઉ સાથે જશે.

(૭૭) આઠીયા છોકરી સાતીયા પાંચીયામાં આપે તો દોઝમાં નાખે.

(૭૮) આઠીયાના પેટે છોકરી આવે તે સ્વર્ગમાં જાય ભિસ્તમાં રહેવા.

(૭૯) કાંકણ રૂા. ૧-૨૫, દેવબ્રહ્મા રૂા. ૧-૨૫, બ્રહ્માપાટની રૂા. ૧-૨૫, નિરંજનની પુજા રૂા. ૧-૫૦, રૂા. ૫-૨૫ થાય. ધર્મી કરવાના રૂા. ૧૨-૫૦.

(૮૦) નીમ ચોખાળ્યા વગરનાને તોરણગઢ બહાર ઉભા રાખશે,

(૮૧) $\frac{\text{પ્રસાદ}}{૫}$ $\frac{\text{તેલ}}{૫}$ $\frac{\text{કેસર}}{૫}$ $\frac{\text{અબીલ}}{૫}$ $\frac{\text{ઉઠાસણ}}{૨૫}$ કુલ ૪૫ માળા કરવી.

(૮૨) પાંચ વ્રત રખેવાળી કરશે ઉત્તરે ગુરૂવાર દક્ષિણે બીજ પૂર્વે ત્રેલાં પશ્ચિમે શિયળવ્રત શીરપર છલ્લો.

(૮૩) હક્ કી રોટી ખાઇએ તો કછુક પાઇએ પાર.
ગેર હક કી રોટી ખાઇએ તો, આહાર તથા ઓડકાર.

(૮૪) માળા તો કરમે ફીરે, જીભ ફીરે મુખમાંહી.
મનવા તો ચો દસ ફીરે, યહ તો સુમરણ નહી.

(૮૫) ખુદાને ચાહવાવાળા મરદ છે, દુનિયાને ચાહવાવાળા આરત છે. સ્વર્ગને ચાહવાવાળા મરદ છે દુનિયાને ચાહવાવાળા મુડદાલ છે. દુનિયા ફરેબની જમા છે અને તે ફરેબ વગર મળતી નથી.

" મનન કરવાનું "

(૧) હરિ જમ્યા વગરનું અન્ન માંસ તુલ્ય.

(૨) હરિ સ્મરણ વિના ભોજન કરે તે કાગનું માંસ ખાય એટલું પાપ,

(૩) હરિ સ્મરણ ના કરે તેનું મોઢું જુએ તો શબ (મુડદુ) જોયા જેટલું પાપ.

(૪) અભ્યાગતને આપ્યા વિના જમે તે અન્ન વાંઝિયું ગણાય.

(૫) ગુરૂ ચરણે દસ ભાર સોનુ આપીએ તો પણ રણ (દેવું) ના છુટે.

(૬) સતગોરને ચરણે તન, મન, ધન, શીર સોંપે તો પણ થોડું છે.

(૭) અભિમાની અહંકારી સોનાનું મંદિર કરે તો પણ તેમાં પ્રભુ પગ ના ભરે.

(૮) ભાવથી ભગત સુકું પાંદડું આપે તે પ્રેમ કરી લઉં. પણ મારો જન અધર્મ આચરે નહિ.

(૯) ઘણું ધન એકઠું કરે તેને ઘણો લાગે લો. ધન સંચી તે ઉપર સર્પજ હોય.

(૧૦) બ્રહ્મહત્યા જે કરે તેને ક્ષય થાય, તે મીટાવવા માટે સોનાની મુર્તિ કરી બ્રાહ્મણને અર્પણ કરે તો મટે.

(૧૧) દાન કરતાં વારે તેને મુર્છા આવે, સાત માસ સુધી સાત ઋષિ જમાડે તો મટે.

(૧૨) કોઇને ખવડાવતાં અટકાવે તથા સોનુ ચોરે તેને રોગ થાય. બ્રાહ્મણને સોનાનું દાન કરે તો મટે.

(૧૩) બ્રહ્મા, વિષ્ણું, મહેશ (મહાદેવ)ની નિંદા કરે તેને સ્વર્ગમાંથી કાઢી મુકશે વિષ્ણુંના ૭૦,૦૦૦ સીત્તેરહજાર નામ લે તો મટે.

(૧૪) બ્રહ્મ હત્યા કરે તેને સનેપાત થાય.

(૧૫) જ્ઞાન શાસ્ત્ર ના સાંભળે તેને કર્ણ રોગ થાય.

(૧૬) કન્યા વિક્રય કરે તો દરિદ્રી થાય.

(૧૭) પુત્ર પિતાની હત્યા કરે તો જન્મો જન્મ નર્ક ભોગવે.

(૧૮) અમાસ, સક્રાંત, વૈધૃત, વ્યતિપાત, બ્રહ્મક્ષપાત, બીજ, મહોરમના ૧૦ દિવસ સ્ત્રી સેવા તજવી. (સ્ત્રી સંગ ના કરવો.)

(૧૯) લક્ષ્મી વસે :- નીત જ્ઞાન ગીતા, નારાયણનું ધ્યાન, વિષ્ણું સાથે વહેવાર વટ, ધર્મતણો ગુણ,

(૨૦) કમળાપતિ વસ. ને લક્ષ્મી ધાઇને આવે. ગત ગંગામાં દાન, પરનારી મોટી મા, નાની તે બેન - આવ્યા.

ગયાને આદરમાન – ધર્મ આચાર વિચાર – વાવ કુવા ખોદાવે. આંબા આંબલી રોપાવે – ઘેર બેઠાં દાન કરે, હરિ ઉપર ભાવ – બહુ ભોજન કરાવે.

(૨૧) લક્ષ્મી જાય :- પુન્ય કરતાં વારે – કુવા ખોદતા અટકાવે. ફળ, સુરભી હય, કન્યા વિક્રય કરે તો.

(૨૨) મરતી વખતે સત્પંથીએ, જીવ જતી વખતે, પલંગ યા પાથરણાં કરવાં પહેલે દહાડે ખીર, ખાંડનો આહાર, બીજે દહાડે મલીદો, ત્રીજે દહાડે ગત મળી દાન સ્મરણ કરવું. ત્રણ દહાડા સુધી પાણીયારે ઝાડુ ના દેવું જો ઝાડુ દેશે તો રજક ઉઠશે અને લાગશે તે જીવને લાગશે.

(૨૩) બ્રહ્મચારીનો ધર્મ :- કુડ કપટ મૈથુન ન કરવું. બ્રહ્મચર્ય પાળવું, બ્રહ્મચર્ય મૈથુન કરે તો રૌ રૌ નરકે જાય. ભુમીએ સુવુ, તેલ મર્દન ના કરવું, તંબોલ ન ખાવું, ચવાણું ના ખાવું, દર્પણમાં મોઢું ના જોવું, નિરાંતે ઉંઘવું નહીં, ઓછો આહાર લેવો, વીસ વર્ષ પછી ગૃહસ્થાશ્રમ માંડવો.

(૨૪) કુંવારીનો ધર્મ :- પાંચ વર્ષ સુધી કન્યા એટલે સાવિત્રી, સાત વર્ષ શીવની એટલે પાર્વતી, નવ વર્ષ સુધી ચંદ્રમાની એટલે રોહિણી, દસ અગીયાર વર્ષ સુધી ગમન ના કરવું. તારૂડી વેંધ્યાનો દોષ, બાર વર્ષથી ધણીની ગણાય, ચૌદ વર્ષે રજસ્વલા થાય, તો પાંચમે કે સાતમે દિવસે મુહુર્ત ના જોતાં લગ્ન કરી દેવું. નહીં તો માબાપને બાળહત્યાનો દોષ નિશ્ચય નર્કે જાય.

(૨૫) દાન પુન્ય કરતાં જ્ઞાની વધે.

(૨૬) દાન આપતાં વારે ને ગામની ચાડી કરે તેનાથી પ્રભુ વેગળા તેને ઘેર પ્રભુ નહી આવે.

(૨૭) શુભ કાર્ય કરેલું કહી બતાવવું નહિ, નહિ તો નકામું.

(૨૮) સ્ત્રીના પાપ પુરૂષને ભોગવવા પડે છે. પુણ્યમાં સ્ત્રીનો અર્ધો ભાગ છે પતિની સેવા સંપૂર્ણ કરે તો.

(૨૯) મેળે જાઓ તો નીમ ચોખાળો,

૫. પૂજ્ય દયાળજી કાકાએ લખેલી ચેતવણી.

સંવત ૧૯૮૩ના ચઈતર સુદ ૨ પંચેતન પુરાં થશે. સર્વે લુંટાઈ જશે નહાતાં છાંટા પડવા દેવા નહિ, ઉંચુ મુકી આસન પર બેસી નહાવું, પ્રથમ ત્રણ (૩) આચમન કરવા, હાથ પખાળવા. ભજન કરવું, તે સુરતાધારીને આથમણેથી રાતુ મટી જાય ત્યારે વહાંણુ પધરાવવું, વરસ દહાડા લગી નામ લે તો ટેવ પડે, દીવો (રાનો કરવો) ઓલવી નાખવો નહિ. છ વખત ભજન કરવું. સાચુ બોલવું. ખટી કરવી, દેવે વા સરવા દેવો નહિ, શુક્રવારે સવારી થશે. હોઠ પાશેર જમે તે માણસ ઝાડે ફરવા જઈએ તો માટી લઇ જઇએ. શાસ્ત્ર બોલીએ તથા ભજન કરીએ ત્યાં ધુપ કરવું. મુસાફરી જઈએ ત્યાં પ્રથમ ખાટલે બેસવું નહિ, પરમેશ્વરસો મેળો લેવો ત્યારે ટચલી આંગળી ઉચી કરવી. જે એક પરમેશ્વર છે, સવા મણ પાણીએ નહાવું. માબાપ સાથે વઢશે તે મહાદનમાં શો જવાબ દેશે. માણસની અર્ધી ઉંમર જાય ત્યાં સુધી બુદ્ધિ આવે. પહેલી વીસીમાં સારી આવે તેને સારી આવે, લાહી ઉતારે પણ ગળી ડાઘ બેઠે તે ન જાય. દિવાળી પર કામકાજ હોય તે મુકીને મેળે જવું, ધર્મે જય પાપે ક્ષય, "દાન કરેલા દામથી દુર રહો."

બોતેર કાંયાની ટુંકી નોંધ.

(પરમ પૂજ્ય બાકરશાહા બાવા)

(૧) મનને વાળો

(૨) જીભ નમણી રાખી બોલવું.

(૩) સામસામા ઝગડો ન કરવો ને બોલ સાંખવો.

(૪) પાકી નજરે જોવું. ના જુએ તો આંખોમાં ખીલા ઘાલી ફેરવશે.

(૫) પાંચ ઇન્દ્રીને વાળો જુઠ્ઠી સાક્ષી ના પુરવી. પુરે તો ધબકાંના માર પડે.

(૬) પરનારીના સ્વાદ મુકો, ઉના સ્થંભે ભેટાડશે પંજામાં ગોળા ફેરવશે, તો ૫૦,૦૦૦ વરસ સુધી.

(૭) માટી ઇન્દ્રી વશ રાખો જેની સાથે સંગ કરશે તેને પેટ અવતાર લેવો પડશે. લોઢાના થંભ ઉભા કરશે, ને ઊંટ જેવા વીંછી ભરશે, અને તેમાં ઘાલશે. અગનમાં નાખી ફિકાળશે.

(૮) સ્ત્રીને ઉના સ્થંભે બાર હજાર ૧૨,૦૦૦ વરસ સુધી જડશે. જુદાં થતાં અર્ધું બાળક બહાર લોઢાનું ૧૩,૦૦૦ વરસ સુધી દુઃખ ભોગવે ત્યારે લોઢાના સ્થંભે બેસાડે ત્યાર પછી ૧૨૦૦૦ વરસે છુટે. થાન લોઢાના ૧૨૦૦૦ વરસ દુઃખ એમ ૭૨૦૦૦ વરસ દુઃખ ભોગવો.

(૯) નવધા ભકિત કરજો.

(૧૦) પાક દલ રાખો સુતક લાહી, ગુસલ ભર્યા ના ઘોરવું. પુરાંને આભડછેટ થાય છે, ગુસલ કરી કુવે ના અડવું. ફુલના હાર પહેરવો નહિ. એક ફુલ સવામણનું થશે.

(૧૧) ગુસલ કરીને નહાવું. ૧૦ માળા કરવી.

(૧૨) દેવ મંદિર જવું.

(૧૩) પાક થઇને રસોઇ કરવી.

(૧૪) દીવો કરવો.

(૧૫) બાજઠ પખાળવો.

(૧૬) છડો કરવો,

(૧૭) પાથરણું પાથરવું બહુ લાભ છે.

(૧૮) કાળ ક્રોધ કાઢીને દેવે બેસો.

(૧૯) દેવ જમાડો.

(૨૦) નવ દાણા સ્થાપો.

(૨૧) બોલવું નહિ.

(૨૨) ચાર સ્થંભ ચાર દિશાઓ રોપો,

(૨૭) કળશ પધરાવા, કળશ ધુપ દઇ પધરાવો. જળ ભરવાની દવા ભણી કળશમાં શ્રીફળનું પાણી કે સાદુ પાણી ભરો.

(૨૪) વહાંણુ પધરાવતા પહેલાં થાળ પાટલી પર મુકોને પછી વહાંણુ પધારાવો. ચરણામૃત ઘોળે સાહા પધારે.

(૨૫) મહા દિબણુની છાંટ મુખી લે તે પછી બોલે તો સવા પૈસા અને ૨૫ માળા દંડ લેજો, માળા ન કરે તો અઢી પૈસા લેવા. પૈસા ન મળે તો ૧૨૫ માળા કરવી.

(૨૬) ચાર દિશાએ છાંટ નાખવી. ઉત્તરે નાખે તો કરતા જુગ લાલ રંગ ૯૯ કરોડ જાખા ૫ કરોડ પ્રહલાદ મુખી ૧૬+૪=૨૦ સાથે પધારે. પૂર્વે નાખે તો દ્વાપર

યુગ પીળો રંગ ૫૬ કરોડી મેઘા ૭ કરોડ હરિશ્ચંદ્ર ૧૨+૩=૧૫ સુખી પધારે, દક્ષિણે છાંટ નાખે તો દ્વાપર યુગ કાળો રંગ ૩૨ કરોડી કીન્નર નવ કરોડ પાંડવ ૮+૨=૧૦ સુખી પધારે, પશ્ચિમે છાંટ નાખે તો કળીયુગ સફેદ રંગ ૨૩ કરોડી દેવ ૧૨ કરોડ ગોર સહદેવ ૪+૧=૫ સુખી પધારે, અંતરિક્ષ છાંટ નાખે તો ફલંતર યુગ ઉદવેદ અનંત કરોડી કમળા કુંવર સાથે આવે. ધરતીએ છાંટ :- નાખે (ધરતી માતા) શકિત પધારે, દીવાને છાંટ નાખવી દરેકે ઉભા થવું. થાળ ધારીને છાંટ નાખવી કામ કરનારે છાંટ લેવી, થાળધારીએ ભાગ પુરવા (૧) ઉત્તર (૨) વચ્ચે (૩) પૂર્વ (૪) દક્ષિણ (૫) પશ્ચિમ (૬) તેની જોડે.

(૨૭) ફુલ ચઢાવો કળશ કમળે સાડત્રીસ.

(૨૮) પાંચ દીપકને પાંચ ધરતી માતાને ફુલ ચઢાવવાં.

(૨૯) સેનાપતિ થાળધારી ફોજદાર કરી સ્થાપ્યા છે. મુખથી બોલે તો દેવચારીને કહેવું નહિ, કહો તો ટાંગીને મારશે.

(૩૦) ચંદન અરચા કરવી.

(૩૧) ખાધાલાહી તરત જ ઉતારવી,

(૩૨) થાળધારીએ "ઈઆ શાહા" કહેવું.

(૩૩) માળા કરજો મુન થઇને જગ્યાએ બેસો બીજી જગ્યાએ જાઓ તો નાતરા લાહીનો ગુનો બેસે.

(૩૪) અફીણુના જે બંધાણી હોય તે ૦-૨૫ દરરોજ મુંકવા, ન બકશાવી તો ૧૫૦૦ માળા તુટે.

(૩૫) મેળા નજર સામે રાખીને લેવો, નહિ લે તો ૪૨ દિવસ આંધળા ફરશે.

(૩૬) તમાકુ ગાંજો પીશે તે અભીયા દોઝગમાં ૨૫,૦૦૦ વરસ રહેશે.

(૩૭) રોજ પ્રસાદી તમે દાખો નહિ તો ૨૦૦ માળા તુટે.

નવદા ભકિત

૧	ચરણુ સેવન	લક્ષ્મીજી
૨	નામ સ્મરણુ	પ્રહલાદજી
૩	દાન	બલિરાજા
૪	પુજા	પૃથુરાજા
૫	દાસપણું	હનુમાન
૬	અભિવાદન	અક્રૂર
૭	મિત્રપણું	અર્જુન
૮	કિર્તન	શુકદેવ
૯	શ્રવણુ	પરીક્ષિત રાજા

કળીયુગ નાસે

(૧) કર્કોટક નાગ

(૨) નળ રાજા

(૩) દમયંતિ રાણી

(૪) સુદેવ બ્રાહ્મણુ

(૫) ઋતુપર્ણ સેવકના નામ લેવાથી

ત્રિપુટી દિવ્ય સંપત્તિ

૧ વળગી રહેવા યોગ્ય	વિશ્વાસ	ઐક્ય	બલિદાન
૨ વખાણવા યોગ્ય	નિખાલસતા	પ્રમાણીકતા	હૃદયની વિશાળતા
૩ ત્યજવા યોગ્ય	પરનિંદા	જુઠું	વક્રતા
૪ કાબુમાં રાખવા યોગ્ય	જીભ	મિજાજ	મનની ચંચળતા
૫ કેળવવા યોગ્ય	વિશ્વ પ્રેમ	ક્ષમા	ધૈર્ય
૬ ધિક્કારવા યોગ્ય	કામ	ક્રોધ	મોહ
૭ ત્યાગવા યોગ્ય	કુસંગ	તૃષ્ણા	ફુળા શક્તિ
૮ વર્જ્ય ગણવા યોગ્ય	અતિલોભ	ક્રૂરતા	સંકુચિત માનસ
૯ સમન્વય યોગ્ય	કર્મ યોગ	ભક્તિ યોગ	જ્ઞાન યોગ

(૧) દુઃખ સમાન ગુણ નથી.
(૨) ક્રોધ સમાન શત્રુ નથી
(૩) સત્સંગ સમાન સંસારથી તારે એવી કોઇ નોકા નથી.
(૪) અપકાર સમાન નીચતા નથી.
(૫) બ્રહ્મ સમાન ઠરવાનું ઠામ નથી

"ધર્મીએ મનન કરવા જેવું"

હજારો મણ સિધ્ધાંતના જ્ઞાન કરતાં કેવળ નવટાંક ભાર સાધનાનું આચરણ ફળદાયી છે. એટલે જ્ઞાન હોય પણ તે પ્રમાણે વર્તે નહિ તો નકામું.

મનુષ્ય દેહ ધારણ કરી આપણે પ્રભુ પ્રત્યે કેવું ધ્યાન રાખવું જોઇએ તેનું મનન કરી આચરણ કરવું જોઇએ.

ધર્મ લીધો સુખી થયા તેમાં સુખી થયા પછી પ્રભુ માટે આગળ જવા કેટલી આરાધના વધી.

ફક્ત રસોઈ કરી દેવ દર્શન કર્યા કરાવ્યાં પણ જપ તપ વ્રત ધ્યાનમાં કેટલો આગળ વધ્યા તેની ખાસ જરૂર છે.

" સાધના માટે સાત સાધનની જરૂર છે. "

૧ આરોગ્ય સાધના.
૨ પ્રાણશક્તિ સાધના.
૩ ચારિત્ર સાધના.
૪ ઇચ્છા શક્તિ સાધના.
૫ હૃદય સાધના.
૬ માનસિક સાધના.
૭ આધ્યાત્મિક સાધના.

(૧) આરોગ્ય સાધના :-

શરીર એ ધર્મ સાધનાનું પ્રથમ સાધન છે. (૧) મીતાહાર, ચાંપી આહાર ન લેવો લગાર, એટલે ભુખ હોય તે કરતાં ઓછું જમવું હળવો અને સાદો ખોરાક લો ભોજનમાં શાક, ફળ, દુધ, દહીં, અનાજ, કંદમુળ, મેવો પ્રમાણસર લો ભગવાનને અર્પણ કર્યા પછી ભોજન કરો. (જમવાની દવા બોલી ભોજન લો.)

(૨) ત્યાગ કરો :- મરચાં મસાલા વગેરે ઓછાં લો વ્યસનીક વસ્તુઓ ત્યાગો.

(૩) વ્રત ઉપવાસ શરીર આરોગ્ય રહે તે માટે ઉપવાસ વારાનાં વ્રત - ગુરૂવાર - બીજ - ત્રેલાં, વ્રતનો માસ અને શુક્રવાર બપોર સુધીનું વ્રત કરોને ૧૨૫ માળા ભજન કરો.

(૪) ભજન વિષે :- એક જગ્યાએ બેસી ભજન કરો કલાક ધ્યાન રાખી દેહ દમન કરો. એકાગ્ર ચીત્ત રાખો બોલવું નહિ.

(૨) પ્રાણુશકિત સાધના :-

જીવ કંઇ કરી શકે તેમાં શકિત આવે તે માટે.

૧ મૌન વ્રત. ૨ બ્રહ્મચર્ય વ્રત પાળો.

(૧) મૌન વ્રત વિષે :- મૌન થઈ માળા રે કરીએ અવર કંઈ દલ ના ધરીએ, દરરોજ બે કલાક મૌન પાળો તે વખતે બ્રહ્મ ચિંતન કે જપનો ઉપયોગ કરો, રજાના દિવસે મૌન બેથી ચાર કલાક રહો.

(૨) બ્રહ્મચર્ય વ્રત :- શરૂઆતમાં મહિનામાં એકથી વધુ વાર બ્રહ્મચર્ય ભંગ ના થાય તેવો ટેક લો. ધીરે ધીરે ઘટાડીને વરસમાં એક સુધી લઇ જાવ. પોતાની ઉંમર શકિત અનુસાર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરો. સ્રીસંગ વ્રત બીજ કથાના ૧૦ દિવસ ત્રેલાના વ્રત. ગુરૂવાર શુક્રવારે તજો અમાસ સંક્રાંત વૈધૃત અને વ્યતિપાત.

(૩) ચારિત્ર સાધના :-

(૧) અહિંસા (૨) સત્ય (૬) નિખાલસતા (૪) પ્રમાણીકતા (૫) ક્ષમા.

(૧) અહિંસા :- વિચાર, વાણી. કે વર્તનથી કોઇને કષ્ટના ના આપો પ્રાણી માત્ર ઉપર દયાભાવ રાખો.

" કટુ વચન કોઇને ન કહો જો ચાહો અમરાપુરી"

(૨) સત્ય :- સાચું પ્રિય, મધુર, હિતકારી અને અલ્પ બોલો.

(૩) નિખાલસતા :- કપટ રહિત ખુલ્લા દિલથી વર્તાવ વાતચીત કરો.

(૪) પ્રમાણીકતા :- પ્રમાણીક બનો. જાત મહેનતથી કમાણી કરો. અન્યાય અધર્મથી મળતુ ધન વસ્તુ મહેરબાનીનો તમે અસ્વિકાર કરો. સજ્જન બનો. ચારિત્રનો વિકાસ કરો.

(૫) ક્ષમા :- ક્રોધ, આવે ત્યારે ક્ષમા ધૈર્ય શાન્તી દયા અને સહિષ્ણુંતા વડે દાબી દો. બીજાની કસુર ભુલી જાઓ અને તેમને માફ કરો ક્ષમા કરો. લોકોના સ્વભાવ અને સંજોગોને અનુંસરીને વર્તાવ કરો.

(૪) ઇચ્છા શકિત સાધના :-

(૧) સંયમ (૨) કુસંગ ત્યાગ (૩) સાદુ જીવન.

(૧) સંયમ વિષે :- મનને કાબુમાં રાખવા અઠવાડીયું કે મહિનો તમારી પ્રિય વસ્તુ ભાવતીનો (ખાંડ, સાકર, અને દર રવિવારે નિમકનો) ત્યાગ કરો. શરીર ટકાવી રાખવા જમો સ્વાદ ખાતર ના ખાશો.

(૨) કુસંગ ત્યાગ વિષે :- ગંજીપો, સીનેમા, કલબ, અશિષ્ટ સાહિત્યનો ત્યાગ કરો, દુરજનોથી દુર રહો. નાસ્તિક સાથે વાદવિવાદ ન કરો

(૩) સાદુ જીવન વિષે :- જરૂરીઆતો ઓછી કરો. તમારી .સંસ્કારીક શકિત તેમજ વસ્તુઓ ઘટાડતા જાઓ, સાદુ જીવન અને ઉચ્ચ વિચારને વળગી રહો.

(૫) હ્રદયની સાધના :-

(૧) પરોપકાર (૨) દાન (૩) નમ્રતા (૪) શ્રધ્ધા (૫) સર્વાત્મભાવ (૬) નામ સ્મરણ.

(૧) પરોપકાર :- પારકાનું ભલુ કરવું. એજ પરમ ધર્મ છે. અઠવાડીયે થોડા કલાક નિષ્કામ સેવામાં ગાળો ગરીબ અને રોગીને મદદ કરો, ધર્મ પ્રચારનું કામ કરો. આવા શુભ કામમાં અભિમાન છોડી બદલાની આશા ન રાખો, સ્વધર્મ અને કર્તવ્ય કર્મનું ઈશ્વર અર્પણ બુદ્ધિથી પાલન કરો.

(૨) દાન :- કમાણીનો દસમો ભાગ દર મહિને કે વરસે કાઢો. કોઇપણ સારી વસ્તુનો મિત્રો સબંધી અને નોકર વર્ગમાં વહેંચી ઉપયોગ કરો. બધા જીવોને તમારા કુટુંબી ગણો, સ્વાર્થ વૃત્તિ છોડી દો.

" વસુધૈવ કુટુંબ કમ "

(૩) નમ્રતા :- નમ્ર બનો અને બધા સાથે નમ્રતાથી વર્તો.

(૪) શ્રધ્ધા :- ગીતા આદ્ય ગાયત્રી, ગુરૂ અને આદ્ય વિષ્ણુંમાં દ્રઢ શ્રદ્ધા રાખો, ઇશ્વરને આત્મ સમર્પણ કરીને હંમેશાં માગો કે " હે ઇશ્વર આ બધું તારૂં જ છે હું પણ તારો જ છું. જેવી તારી ઇચ્છા તેવું જ બનો એથી કશું વધુ માગતો નથી. ઈશ્વર જે કરે તે સારૂં કરે છે. " તેમ માનો.

(૫) સર્વાત્મ ભાવ :- બધા જીવોમાં ઇશ્વરના દર્શન કરો, કોઇ ઉપર દ્વેષ ન કરો.

(૬) નામ સ્મરણ :- હંમેશાં ઇશ્વરનું નામ સ્મરણ કર્યા કરો, પ્રાતઃકાળે ઉઠીને ઇશ્વરનું ભજન કરો, સતત જપ માટે માળા પાસે રાખો. " શાહી સ્મરણી હરિનું સ્મરણ કરવું. " (સો ક્રિયામાં,)

(૬) માનસિક સાધના :-

(૧) ગીતા ધ્યાન (૨) ગીતાનો મુખ પાઠ (૩) સ્વાધ્યાય

(૪) સત્સંગ (૫) મંદિર ગમન (૬) એકાંત સેવન.

(૧) ગીતા ધ્યાન :- આલ ગાયત્રી દરરોજ વાંચો તેમ ઇલમ દરરોજ ભણો, સંકીર્તન કરો.

(૨) ગીતાનો મુખ પાઠ :- આલ ગાયત્રી, સો ક્રિયા, નુર નામુ, બાજુની દવા, અરજી તેમજ ગુજસુદરા જંજીરી તેમજ મહેરાજ નામુ, મહોરનણુઅતનું પઠન કરો. અને કંઠસ્થ કરો.

(૩) સ્વાધ્યાય :- હરિના નામની કથા શાસ્ત્રો દરરોજ પાંચ જ્ઞાન વાંચો, મનન કરોને આચારમાં મુકો.

(૪) સત્સંગ :- કથા કીર્તન ધાર્મિક વ્યાખ્યાનો કે કથા વાર્તા અવસરે હાજર રહી લાભ ઉઠાઓ. રવિવારે કે રજાના દિવસે સંમેલન (ભેગા મળી) સત્સંગ કરો, ગુરૂ શુક્રની રાત્રે ભેગા મળી પાંચ શાસ્ત્ર વાંચવાં, મનન કરવાં.

(૫) મંદિર ગમન :- દરરોજ દેવ પુજામાં જવું. દેવનું કામકાજ કરવા ટેક લેવો. શાક, ફુટ, દીવો, શ્રીફળ. રસોઇ વિગેરેમાં મદદ કરવી બહાર બીજા સાથે બેસી ગપ્પાં મારવાં નહિ, ફરજ સમજી વખત મળે તક ઝડપી લઇ મંદિરનું કામ કરવું અગર તો ભજન કરવું.

(૬) એકાંત સેવન :- ફુરસદના દિવસે કાંઈ પવિત્ર સ્થાન પાવાગઢ, વિરોદ, પીરાણા જઇ દર્શન કરવાં ને ત્યાં રહી ભજન કીર્તન કરવાં વખત પસાર કરવો ને કોઇપણ પ્રકારનો ટેક લેવો જેવો કે,

સુરજ ઉગતા પહેલાં નહાવું, દાતણ કરવું, છ વખતની માળા કરવી વખતે બને તો સારૂ નહિ તો સામટી કરવી.

ઉપવાસ – બીજ મોટો ગુરૂવાર શુક્રવારની બપોર સુધીનું વ્રત કરવુ, ૧૨૫ માળા કરવી. એમ દર સાલ કંઈક આગળ વધવું ને જે ફરીએ તેમાંથી પાછા ના પડવુ.

(૭(આધ્યાત્મિક સાધના :–

(૧) બ્રાહ્મ મુહુર્ત (૨) ધ્યાન, જપ, સ્તુતિ. પ્રાર્થના (૩) સંધ્યાપુજા (૪) મંત્ર લેખન (૫) સંકીર્તન (૬) દિનચર્યાની નોંધ.

(૧) બ્રાહ્મ મુહુર્ત :– રાત્રે વહેલાં સૂઈ ખટઘડી રાત્રે જાગો. શયન કરો સુરતા ધરી. ચરણે (રાખી) ધરીએ ચીત્ત ખટઘડી રાત્રે જાગશો તો, અમતમ રહેશે પ્રીત, ખટઘડી એટલે સુરજ ઉગતા પહેલાં સવા બે કલાક, શૌચ દાતણ સ્નાન વગેરે કરી અર્ધા કલાકમાં પરવારી જવું ને દેવ દર્શને જવુ ને ભજન કરવુ.

(૨) પ્રાર્થના :– ધ્યાન જપ, સ્તુતિ, ૪–૩૦ થી ૬–૦૦ સુધીમાં આસનવાળી ભજન કીર્તન દેવ પુજામાં મદદ વિગેરે કરવુ ને સાચા ભજન કરવુ.

(૩) સંધ્યા પુજા :– ગાયત્રી, જપ, દુઆ પાંચ શાસ્ત્ર દરરોજ બોલવાં મનન કરવાં.

મંત્ર લેખન :– દરરોજ અર્ધો કલાક શાસ્ત્ર લખવાં.

(૪) સંકીર્તન :– રાત્રે સાંજે ઘરના ભેગાં થઇ સંધ્યાકાળની માળા કરી આરતી શાસ્ત્ર વિગેરે બોલવાં અર્ધાથી એક કલાક ધ્યાન ધરવુ.

(૬) દિનચર્યાની નોંધ .– દિવસે પ્રભુમય જીવન કેટલુ ગાળ્યુ ને ભજનમાં કેટલો ટાઇમ લીધો, તેમજ ખોટું કામ થયુ હોય તેનો પશ્ચાતાપ કરવો તોબા. પોકારવી.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમ:

ૐ શ્રી વિષ્ણુ ભગવાનની આલ લખી છે.

૧ શ્રી નીલ
૨ ,, અનિલ
૩ ,, સુન
૪ ,, સોંન
૫ ,, ગનાંન
૬ ,, પરમ ગનાંન
૭ ,, અપરમ ગનાંન
૮ ,, વિજ્ઞાન
૯ ,, નુર
૧૦ ,, તેજ
૧૧ ,, જળ
૧૨ ,, કમળ
૧૩ ,, ગુંજ
૧૪ ,, તતવ
૧૫ ,, પ્રેમ તતવ
૧૬ ,, તેજ શકિત
૧૭ ,, નિરાકાર
૧૮ ,, હવ
૧૯ ,, કવ
૨૦ ,, કેવળ
૨૧ ,, પ્રેમ
૨૨ ,, નંદ
૨૩ શ્રી તેવ
૨૪ ,, પારેવ
૨૫ ,, સાંભ
૨૬ ,, અવિગેત
૨૭ ,, ઉનાદ
૨૮ ,, અનાદ
૨૯ ,, અવિગત
૩૦ ,, હવ
૩૧ ,, કવ
૩૨ ,, કેવ
૩૩ ,, તેવ
૩૪ ,, ઓતરા
૩૫ ,, કમળ
૩૬ ,, અતીત
૩૭ ,, પ્રેમ ઋષિ
૩૮ ,, મચ્છા (મહા વિષ્ણુ)
૩૯ ,, મનાએક
૪૦ ,, અથોભિતર
૪૧ ,, અજમેરૂ
૪૨ ,, વછાઇત
૪૩ ,, ભેંમપતિ
૪૪ ,, પાલંતર

૪૫ શ્રી ત્રિકમ ઋષિ
૪૬ ,, કૌરમ (મહા વિષ્નુ)
૪૭ ,, વસીએત
૪૮ ,, એકાંત
૪૯ ,, પ્રજાપતિ
૫૦ ,, કરદમ
૫૧ ,, ઉગરસેન
૫૨ ,, શંખાઇત
૫૩ ,, પ્રથવીબંબ
૫૪ ,, દાલભ ઋષિ
૫૫ ,, વરાહ (મહાવિષ્નુ)
૫૬ ,, ક્ષત્રી
૫૭ ,, વનસીએત
૫૮ ,, નરખલી પતિ
૫૯ ,, અહુ ચરણ
૬૦ ,, ગૌતમ
૬૧ ,, હરિવછા ઇત
૬૨ ,, નરસિંહ (મહા વિષ્નુ)
૬૩ ,, કેશવ
૬૪ ,, રૂપક
૬૫ ,, વંશ વરધન
૬૬ ,, વરેહ લોચન
૬૭ ,, શુંખાવત
૬૮ ,, પ્રતિપાળ
૬૯ ,, કશ્યપ ઋષિ
૭૦ ,, વામન(મહા વિષ્નુ)
૭૧ ,, મેરૂ
૭૨ ,, માનધાતા
૭૩ શ્રી અહુ ચરણ
૭૪ ,, અવિગત
૭૫ ,, સત રૂપી લોચન
૭૬ ,, ગૌતમ
૭૭ ,, શ્રી જમદગની
૭૮ ,, ફરસુરામ (મહાવિષ્નુ)
૭૯ ,, રઘુ
૮૦ ,, નઘુ
૮૧ ,, જજાઇત
૮૨ ,, કેવલીક
૮૩ ,, સુરીજન
૮૪ ,, સેજાઇત
૮૫ ,, અજ
૮૬ ,, દશરથ
૮૭ ,, રામ (મહા વિષ્નુ)
૮૮ ,, લવ
૮૯ ,, પદમ
૯૦ ,, પરિક્ષીત
૯૧ ,, વીરપાળ
૯૨ ,, વસુદેવ
૯૩ ,, કૃષ્ણ (મહા વિષ્નુ)
૯૪ ,, પ્રદ્યુમન
૯૫ ,, અનિરૂધ્ધ
૯૬ ,, જનમેજય
૯૭ ,, જનમજાખા
૯૮ ,, સુરીજન
૯૯ ,, શંખનાદ
૧૦૦ ,, પ્રતિપાળ

૧૦૧ શ્રી વસરખ દેવ
૧૦૨ ,, વેદ્‌સજની
૧૦૩ ,, વેણી વછરાજા
૧૦૪ ,, બુદ્ધ (મહા વિષ્ણુ)
૧૦૫ ,, પીર સહી
૧૦૬ ,, પીરસમાન
૧૦૭ ,, પીર હુશન
૧૦૮ ,, પીર મુલકાન
૧૦૯ ,, પીર કહાંન
૧૧૦ ,, પીર કજીઅમ
૧૧૧ ,, પીર ઇસ્માઇલ
૧૧૨ ,, પીર કોર
૧૧૩ ,, પીર મોર
૧૧૪ ,, પીર આદમ
૧૧૫ ,, પીર નિઝાર
૧૧૬ ,, પીર મોજાર
૧૧૭ ,, પીર હકમલાંણ
૧૧૮ ,, પીર અબુતાલબ
૧૧૯ ,, પીર શાહા મુર્તજાઅલી
૧૨૦ ,, ઇમામ હુશૈન
૧૨૧ ,, ઇમામ જેન અલ્લાબદીન
૧૨૨ ,, ઇમામ મહમદ બાકર
૧૨૩ ,, ઇમામ જાફર સાદક
૧૨૪ ,, ઇમામ નુરમહમદ
૧૨૫ ,, ઇમામ મહમદ
૧૨૬ ,, ઇમામ અહમદ
૧૨૭ ,, ઇમામ મુસાફર
૧૨૮ ,, ઇમામ મનસુર
૧૨૯ શ્રી ઇમામ ગુલાબદીન
૧૩૦ ,, ઇમામ અબ્દુલ જમાલ
૧૩૧ ,, ઇમામ સાદક
૧૩૨ ,, ઇમામ મહમદ
૧૩૩ ,, ઇમામ હાદી
૧૩૪ ,, ઇમામ હાશમ
૧૩૫ ,, ઇમામ મહમદ
૧૩૬ ,, ઇમામ અહમદ
૧૩૭ ,, ઇમામ મુસાફર
૧૩૮ ,, ઇમામ મહોબતશાહ
૧૩૯ ,, ઇમામ મુમનશાહ
૧૪૦ ,, ઇમામ ખુબદીન
૧૪૧ ,, ઇમામ ઇસ્લામશાહ
૧૪૨ ,, ઇમામ સાલેહાન
૧૪૩ ,, ઇમામ સાલેહજી (નુરસત ગોર)
૧૪૪ ,, ઇમામ સમ્સદીન
૧૪૫ ,, ઇમામ નસીરૂદીન
૧૪૬ ,, ઇમામ શાહ વદીન
૧૪૭ ,, ઇમામ સુદરદીન
૧૪૮ ,, ઇમામ કબીરૂદીન
૧૪૯ ,, ઇમામ ઇન્દ્ર ઇમામ શાહ
૧૫૦ ,, ઇમામ નુર મહેમદ શાહ
૧૫૧ ,, ઇમામ સૈદખાન
૧૫૨ ,, ઇમામ સાલેહજી
૧૫૩ ,, ઇમામ હાસમશાહા
૧૫૪ ,, ઇમામ મોટા મહેમદ શાહા
૧૫૫ ,, ઇમામ શાહજી મીરાં
૧૫૬ ,, ઇમામ બાળા મહેમદ શાહા

१५७ શ્રી ઇમામ શાહજી સવાઇ १६० શ્રી ઇમામ બાકર શાહા સવાઈ
१५८ ,, ઇમામ શરીફ સવાઇ १६१ ,, ઇમામ બાળી સુરત સવાઇ બાળક શાહ સવાઇ
१५९ ,, ઇમામ બુદરદીન સવાઇ

મહાદન વળાવવાની હકીકત લખી છે:—

મહાદનનો સવાલ એટલે કે મહા કહેતાં મોટા દહાડા. તેની અંદર જીવને દુઃખ ન પડે માટે હાજર સુરત પાસે મહેર માગવી.

કારણ કે તે મોટા દિવસ કહેવાય. તેંતાલીસ લાખને વીસ હજાર વરસે એક ચોકડી પુરી થાય. એવી બોંતેર ચોકડી પુરી થાય — એવી બોંતેર ચોકડી વીતે ત્યારે એક ઇન્દ્ર રાજ્ય કરે ત્યારે વિષ્ણુંની એક પળ થાય. એવા દહાડામાં સૂર્ય નારાયણ (સુરજ) ભગવાન ચૌદ કળાએ તપશે. અચાનક હિસાબ પુછશે. તે વખતમાં જીવને દુઃખ ના પડે તેનું નામ મહાદન બકસા કહેવાયા.

મહાદન બકસાવાની રીત :—

પહેલા મોટાના રૂા. ૨૫-૦૦ સાધારણ માણસ પાસેથી રૂા. ૧૫-૦૦ તથા પાંચ વરસના નીચેના બાળકના રૂા. ૨-૫૦ લેવા.

મોટાની સ્ત્રીના રૂા. ૧૨-૫૦ લેવા વળી ગરીબના રૂા. ૧૨-૫૦ લેવા તથા તેમની સ્ત્રીના રૂા. ૧૦-૦૦ લેવા તેવો બાવાજીનો હુકમ છે. તેથી ઓછું લેવું નહિ.

છત્રીસ ઇમામ કયાંથી પેદા થયા તેની વિગત:-

કરણમાં સત્તર અવતાર થયા. ત્યારપછી વિષ્ણુએ ઠરાવ કર્યો કે ધર્મ નિયમ વિના સૃષ્ટિ નહિ. તેથી પોતે તપ કરવાનો આરંભ કર્યો.

ત્યારે તપ કરવાને દેવ દાનવ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ પણ બેઠા ત્યારે એવું તપ કર્યું કે સો વરસ ઉભા રહે તો સો વરસ બેસે ત્યારે એક વિષ્ણુ તેજ પેદા થાય. એવી રીતે છત્રીસવાર ઉઠયા ને છત્રીસવાર બેઠા. ત્યારે છત્રીસ ઇમામ પેદા થયા ત્યારે વિષ્ણુએ કહયું કે, જેઓ કહેશે કે અમે જાણ્યું છે. નહિ તો અમારૂં અજાણ્યું નથી. જેણે ખરા દિલથી તપ કર્યું તેને વરદાન આપ્યુંકે તેમને સતયુગમાં બકસીશું ને જેણે ખરા જાણી તપ કર્યું તેને ત્રેહતા યુગમાં બકસીશું એવું વરદાન આપ્યું. જેણે હુકમ પાળવા તપ કર્યું તેને દ્વાપર યુગમાં બકસીશું. ને જેણે સ્વર્ગમાં જવા તપ કર્યું તેને કળીયુગમાં બકસીશું.

ત્યારે દેવોએ અરજ કરી કે અમો શી રીતે આપ વિના રહીએ. ત્યારે પોતે દેવ પુજા સ્થાપવા ઠરાવ કર્યો ને છત્રીસ ઇમામનું તેજ કળાએ આવવા ફરમાવ્યું.

પછી લક્ષ્મીજીએ પાટ આપ્યો. શિવજીએ કળશ આપ્યો. બ્રહ્માજીએ થાળ આપ્યો મહા વિષ્ણુએ ચરણામૃત આપ્યું. એમ બધા દેવોએ આપ્યું.

પછી વિષ્ણુ પાટે બેઠા બ્રહ્મા થાળે બેઠા શિવ પુજામાં રહ્યા હવે કળા લે કોણ તેની ભાંજગડ થઇ કળા લે તો વચમાંથી ફાટી જાય. જો ધરતીમાં પધરાવે તો ધરતી રસાતાળ જાય.

ત્યારે વિષ્ણુએ પોતાના કરેલા તપમાંથી અડધું તપ આપ્યું કે મારા તપના બળથી કળા લેનારને ઇજા થાય નહિ. પછી બ્રહ્માએ આપ્યું. પછી શિવને કહે તમે કળા લો. ત્યારે શિવે કહ્યું કે મારાથી ના લેવાય, ત્યારે વિષ્ણુએ કહ્યું કે પાંચ હજાર વરસનું તપ મુકી દો, ત્યારે પોતે કળા લીધી. ત્યારે બધા દેવે સ્તુતિ કરી મહારાજ આ વખતમાં તો કળા શિવે લીધી, પણ સતયુગ, ત્રેહતાયુગ દ્વાપરયુગનો વિચાર કરો, ત્યારે પોતે ફરમાવ્યું કે,

સતયુગમાં જે કળા લે તે ચાલતા આલ સુરતના નામની પાંચ હજાર માળા કરે અને સવા મહોર મુકે,

ત્રેહતાયુગમાં પણ આલ સુરતના નામની પાંચ હજાર માળા કરે અને સવા મહોર મુકે.

દ્વાપરયુગમાં પાંચસો માળા ચાલતા આલ સુરતના નામની કરે અને સવા પાંચ રૂપીયા મુકે તો તે કળા લે

કળીયુગમાં સવાસો માળા કરે તે વહાંણ લે અને સવા પૈસો મુકે. તે પ્રમાણે ઠરાવ્યું. પછી દેવ પુજા પુરી થઇ, ત્યારે વિષ્ણુએ સંકલ્પ મુકયો.

જે કોઈ મન સ્થિર રાખી એક દિવસ પુજા કરશે તેને મેં મારી આખી જીંદગીના તપનો લાભ આપ્યો.

ત્યારે બ્રહ્માએ પણ એવું કહ્યું કે જે કોઇ થાળે એક મન રાખી બેસે તો મારા કરેલા તપનું પુન્ય મેં આપ્યું.

ત્યારે શિવે પણ કહ્યું કે મેં પણ પુન્ય આપ્યું.

એ જોઇ બધા દેવોએ કહયું કે જે કોઇ માણસ મન સ્થિર રાખી દેવ પુજા લેશે તેને અમે પણ પુન્ય આપ્યું ત્યારથી

દેવ કળાનું કામ ચાલ્યું ને આગમ જાપને હાજર સુરતનું નુરને કળશ પુજા ધંધુકારથી થઇ છે તે છેક દ્રાપરયુગ સુધી છત્રીસ ઇમામ સુધી ચાલ્યું.

કળીયુગમાં અન્યાય વિશેષને અધર્મ ઘણો ત્યારે પોતે વિચાર કર્યો કે છત્રીસ ઇમામ કળાએ આવે છે તેવા સાડત્રીસ ઇમામ વધારવા. એવું ધારી એક ઇમામ બુદરદીન બાવાના વખતથી વધાર્યા ત્યાં સુધી શાસ્ત્રમાં એવું હતું કે "છત્રીસ ઇમામે પ્રવેશ કીધો સંસાર સાગર જેહ તેહ આધાર છે. માંહી પાવલ ગોળ્યાં તેહ અઇ કલમો પણ ફેરવ્યો. આગળ દૈત્ય ઘણાં થયા. વળી પહેલાં કહયુ હતું કે "હકલાઇલાહા મોહંમદુર રસુલ્લુલ્લાહ" એવું હતું. તે કળીયુગના વખતમાં ફેરવીને "હકલાઈલાહા ઇલ્લાઇલ્લાહ મોહંમદ મહેંદી અલી અલ્લા."

"દરરોજ માળાનું ફરમાન"

સવારની માળા ૫ ચાલુ જાપની
બપોરની માળા ૧૨ ચાલુ જાપની
ત્રીજા પહોરની માળા ૧૩ ચાલુ જાપની
સંધ્યાકાળની માળા ૧૧ ચાલુ જાપની
ચારઘડીની માળા ૯ ચાલુ જાપની
મધ્યરાતની માળા ૧૦ ચાલુ જાપની

ઉપર મુજબની વખત વખતની કુલ માળા ૬૦ દરરોજ વખત વખતની માળા સાથે છ વખત પાંચ પાંચ માળા પંચેતનની થાય તો ઘણી જ સારી વાત છે.

" ચાર પદાર્થ "

(૧) દેવ દર્શન નિત્ય કરવાં, અને દેવ દર્શન ના થતાં હોય ત્યાં દરરોજ ચરણામૃત લેવાનો નિયમ રાખવો. પછીથી જમવું. વરસમાં એક વખત યાત્રાએ (યજ્ઞમાં) જવું.

(૨) અવતાર પાત્રનું નામ જપવું માળા ભજનથી પાપ સઘળાં દુર જાય ને પુન્યના ઢગલાં થાય.

(૩) વેદ શાસ્ત્રે કહ્યાં તે વારાનાં વ્રત કરવાં, નહિ કરે તે વિંઢળ થશે.

(૪) દત દાંન દેવાં ખરાં ખરી ખટી કરીને દસુંદ રસુંદ અને ભોજન દાંન આપવા.

શ્રી સદગુરૂનો આદેશ છે કે દરેક જણે ૧૩૮ જ્ઞાન શીખવા જોઇએ.

વ્રતમાં આપણા સદગુરૂના હુકમ પ્રમાણે ચરણામૃત પ્રસાદ કંઇજ લેવાય નહિ, તો જ વ્રત લખાય છે. માટે શુક્રવારે વ્રત કરનારે બપોર સુધી કંઇજ લેવું નહિ, ૧૨૫ માળા કરવી. જે કંઈ પુજામાં દાંન મુકવું.

માળા ભજન, જપ, તપ, દાંન જે કંઇ થાય તે બેન્કમાં જમા થાય છે. માટે જે વધુ થાય તે પ્રયત્ન કરવો. ધર્મ માર્ગમાં આગળ વધવા પ્રયત્ન ચાલુ રાખવો. અને તે કરવાથી પ્રભુની આપણી ઉપર દયા મહેર રહે છે.

આ વખતમાં ભગવાન જેની લાજ રાખશે તેની લાજ રહેવાની છે માટે સાવચેતીથી ચાલવું. વળી ધર્મ પાળવો. તે ખાંડાની ધાર માફક છે, ને સમજયા વિના ગફલતમાં જાય છે માટે હવે કહીએ છીએ તે વાત કોઇની ધ્યાનમાં બેસતી નથી. પણ સદગુણીને ધર્મની રાહે ચાલનારને નિયમ મુજબ ચાલવું જોઇએ.

વળી જે ગામમાં દેવ પુજા થતી હોય તે ગામના ધર્મીઓએ દેવ પુજામાં હંમેશાં જવું જોઇએ અને જો તે ના જાય તો માથે ઘણો જ ગુનો બેસે છે.

વળી જે ગામમાં દેવ પુજા થતી ના હોય તો સદગુણી ધર્મીઓએ ચરણામૃત પીને માળા ભજન કરવાં, પ્રથમ પાંચ માળા ચાલુ જાપની કરવી. નુર પીધાની બાર માળા ચાલુ જાપની કરવી. અને દર્શન ના થાય તે માટે છોંતેર માળા ચાલુ જાપની ફેરવવી,

માળા કરતી વખતે પ્રથમ આરંભ માંડતા પહેલાં માળા બંદગીની દવા ભણવી. પછીથી દશ અવતારનાં નામ લેવાં. અને આત્રડે તો સાડત્રીસ અવતારનાં નામ લેવાં ને કલમો પડવો, પછીથી દરરોજ માળા ફેરમાન મુજબ કરવી. અને માળા કરી રહ્યાં પછીથી શરદો કરીને માળા બંદગી કર્યા પછીની દવા ભણવી.

સોમવાર શિવજીનો મહાદેવજીનો દિવસ
ગુરૂવાર બ્રહ્માજીનો દિવસ
શુક્રવાર વિષ્ણુનો દિવસ છે.

"અષ્ટાંગી પૂજાની વિધિની સમજ"

(૧) પ્રથમ પુજા દીવો કરવો તે લક્ષ્મી પુત્રની પુજા ગણાય.
(૨) બીજી ધરતી માતાનો છડો કરીએ તે શક્તિની પુજા ગણાય.
(૩) ત્રીજી પુજા પાટ. માંડવાની એટલે આદ્યાશક્તિની પુજા ગણાય.

Page No 91 -missing

Page No 92 -missing

(૫) પાંચમો ભાગ દક્ષિણે નૈઋત્ય ખુણે તે આદ્યાશકિતનો ગણાય.

(૬) છઠ્ઠો ભાગ પશ્ચિમે વાયવ્ય ખુણે તે વસમ કુંવારીનો ગણાય. છો ભાગની રીતે સમજીને જમાડવા.

જે માતાઓના ભાગ કાઢવામાં આવે છે તેની સમજુતિ.

(૧) પહેલો :- વાયવ્ય ખૂણામાં માલવગતપુરી છે તેમાં દેવી હિંગળા ભવાનીનો વાસ છે તેમનો પહેલો ભાગ કઢાય છે.

(૨) બીજો :- ઇશાન ખૂણામાં ઉચ સાગરપુરી છે તેમાં દેવી દુર્ગાનો વાસ છે. તેમનો ભાગ કઢાય છે.

(૩) ત્રીજો :- અગ્નિ ખૂણામાં રેવાચળ સાગરપુરી છે. તેમાં દેવી તુળજા ભવાનીનો વાસ છે તેમનો ભાગ કઢાય છે.

(૪) ચોથો :- નૈઋત્ય ખૂણામાં નીલસાગરપુરી છે તેમાં દેવી આદ્યાશકિતનો વાસ છે તેમનો ભાગ કઢાય છે.

(૫) પાંચમો :- હાલ ફલુંતર યુગ છે તેમાં દેવી ચામુંડાનો વાસ છે. માટે તેમનો ભાગ કાઢવામાં આવે છે.

શુક્રવારના વ્રત વિષે :—

આઠ દિવસે એક શુક્રવાર કરવાની વાત :-

સવારો માળા કરશો તો સરશે કાજ,
પણ માંહી ધર્મી ઢીલું પોચું કરે,
તો પેગાંબરનો લાભ કેમ કરી લે.

" બુદરદીન બાવા "

દેવ પુજામાં રસોઈની વિધિ. :—

શ્રી સદગુરૂના હુકમ પ્રમાણે નિત્ય નિત્ય દેવપુજામાં નવી નવી સાતે વાર દરરોજ નીચેની ચીજ આવશ્યક બની શકે તો રસોઇમાં જરૂરથી કરવી. તે ઉપરાંત બીજી ચીજો તથા મેવા, મીઠાઇ, શાક, આદુ, પાન જે થાય તે ઘણીજ ઉત્તમ વાત છે.

(૧) શુક્રવારે :- શીરો, દાળ, ભાત, શાક, પુરી, ભજીયાં પાપડ, દુધપાક સાથે.

(૨) શનીવારે :- લાડુ, દાળ, ભાત, શાક, પુરી ભજીયાં પાપડ, દુધપાક.

(૩) રવિવારે :- સેવો, દાળ, ભાત, શાક, પુરી, ભજીયાં. પાપડ, દુધપાક.


(૪) સોમવારે :- કંસાર, દાળ, ભાત, શાક, પુરી, ભજીયાં, પાપડ, દુધપાક.

(૫) મંગળવારે :- ફાડા લાપસી, દાળ, ભાત, શાક, પુરી, ભજીયાં, પાપડ, દુધપાક.

(૬) બુધવારે :- વેઢમી, અથવા ખાંડરોટી, દાળ, ભાત, શાક, પુરી, ભજીયાં, પાપડ, દુધપાક.

(૭) ગુરૂવારે :- લાડુ, સાથે પંચામૃત ભોજન, દુધપાક સાથે

ઉપર પ્રમાણે દરરોજની રસોઇમાં ઉપરની ચીજ આવશ્યક થાય તો કરવાનો સદગુરૂનો હુકમ છે,



રજની પ્રિન્ટરી – ખારાકુવા ... ધોળકા–૩૮૭ ૮૧૦